| | | | |
|---|---|---|---|
| કેસ કમીટ થઇ આવ્યા તારીખ | ૦૭/૧૧/૨૦૨૦ | | |
| કેસ રજી. કર્યા તારીખ | ૧૧/૧૧/૨૦૨૦ | | |
| કેસ ફેંસલ તારીખ | **૦૧/૦૪/૨૦૨૬** | | |
| સમયગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૫ | ૦૪ | ૨૦ |

**નામ.સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL)NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના Rule 179A–અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૪/૦૫/૨૦૨૨ ના ઠરાવેલા પર્ફોમા મુજબ.**

## **ફોર્મ–એ**

---

## મહેસાણાના ૫ માં અધિક સત્ર ન્યાયાધિશ સાહેબની કોર્ટમાં,

---

(ચુકાદાની તારીખ :–૨૩/૦૩/૨૦૨૬.)

**સેશન્સ કેસ નં. ૪૭/૨૦૨૦**
આંક–**૧૯૧**

એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.

**પોલીસ સ્ટેશન :** કડી પોલીસ સ્ટેશન.
ફર્સ્ટ ગુના રજી.નં.૧૧૩/૨૦૦૪

**ગુનો:** ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨,૨૦૧,૩૯૭ તથા ૩૪ મુજબ..

**ફરીયાદી :** **શ્રી સરકાર**
(મુળ ફરીયાદી– પટેલ સુધાબેન વા/ઓફ સુનિલકુમાર ઉર્ફે ધર્મેન્દ્રકુમાર ચિમનલાલ )

**ફરીયાદ પક્ષે:** વિ.એ.પી.પી.શ્રી **એ.એસ. મકવાણા**

**વિરૂદ્ધ**

**આરોપી :** (૧) **યાદવ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદ સન/ઓફ નંદરામ,**ઉ.વ. ૫૨
રહે,૨૮૦,વસંતકુંજ રૂચિ વિહાર રંગપુરી પહાડી ન્યુ દિલ્હી,
મુળ રહે,સીમતરા,તા.ભાંડેર, જી.દતીયા, મધ્યપ્રદેશ.

આરોપી તર્ફે વિ.વ.શ્રી **આઇ.બી. સૈયદ**

## ફોર્મ–બી

ગુનો બન્યાની તારીખ : ૨–૩/૦૪/૨૦૦૪
પ્રથમ માહીતી અહેવાલ તારીખ : ૦૩/૦૪/૨૦૦૪
ચાર્જશીટ દાખલ થયાની તારીખ : ૧૧/૧૧/૨૦૨૦
તહોમતનામુ/પ્લીની તારીખ : ૦૧/૦૧/૨૦૨૨
પુરાવો શરૂ કર્યાની તારીખ : ૦૧/૦૭/૨૦૨૨
ચુકાદા ઉપર રાખ્યા તારીખ : ૧૦/૦૩/૨૦૨૬
ચુકાદો આપ્યાની તારીખ : ૨૩/૦૩/૨૦૨૬ (૦૧/૦૪/૨૦૨૬)
સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો, આખરી હુકમ મુજબ

## //આરોપીની વિગત//

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક થયાની તારીખ | જામીન મુક્ત થયાની તારીખ | ચાર્જ પ્રમાણેનો ગુન્હો | શું નિર્દોષ/ તકસીરવાન | સજા | ટ્રાયલ દરમ્યાન કેદમાં ગુજારેલ સમય ક્રી.પ્રો.કો. કલમ ૪૨૮ માટે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | યાદવ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદ સન/ઓફ નંદરામ | ૧૫/૦૮/૨૦ | કસ્ટડીમાં | ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨,૨૦૧, ૩૯૭ તથા ૩૪ મુજબ.. | તકસીરવાન | આખરી હુકમ મુજબ | ૧૫–૦૮–૨૦– થી આજ સુધી (આરોપી તા.૨૮/૦૬/૨૩ થી તા.૧૧/૦૭/૨૩ સુધ ૧૪ દિવસ તેમજ તા.૨૨/૦૧/૨૪ થી તા.૩૧/૦૧/૨૪ ૧૦ દિવસ તેમજ તા.૧૯/૦૨/૨૪ થી તા.૨૯/૦૨/૨૪ ૧૧ દિવસ વચાગાળાના જામીન ઉપર રહેલ છે. ) |

| | | | |
|---|---|---|---|
| કેસ કમીટ થઇ આવ્યા તારીખ | ૨૪/૦૮/૨૦૨૧ | | |
| કેસ રજી. કર્યા તારીખ | ૨૭/૦૮/૨૦૨૧ | | |
| કેસ ફેંસલ તારીખ | **૦૧/૦૪/૨૦૨૬** | | |
| સમયગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૫ | ૦૭ | ૦૪ |

સત્યમેવ જયતે

(ચુકાદાની તારીખ :-૨૩/૦૩/૨૦૨૬.)

**<u>સેશન્સ કેસ નં. ૧૨૬/૨૦૨૧</u>**

<u>એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન</u>.

**પોલીસ સ્ટેશન :** કડી પોલીસ સ્ટેશન.
ફર્સ્ટ ગુના રજી.નં.૧૧૩/૨૦૦૪

**ગુનો:** ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨,૨૦૧,૩૯૭ તથા ૩૪ મુજબ..

**ફરીયાદી :** **શ્રી સરકાર**
(મુળ ફરીયાદી- પટેલ સુધાબેન વા/ઓફ સુનિલકુમાર ઉર્ફે ધર્મેન્દ્રકુમાર ચમનલાલ )

**ફરીયાદ પક્ષે:** વિ.એ.પી.પી.શ્રી **એ.એસ. મકવાણા**

**વિરૂદ્ધ**

(૧) **યાદવ રાજકુમારી ઉર્ફે ડીસ્કો ઉર્ફે સરોજ વા/ઓ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંગ ઉર્ફે અરવિંદ નંદરામ,**ઉ.વ. ૫૦
રહે,૨૮૦, ગલી નં.૧, રૂચિ વિહાર રંગપુરી પહાડી ન્યુ દિલ્હી,

**આરોપી તરફે** **વિ.વ.શ્રી વિ.વ.શ્રી આઇ.બી.સૈયદ**

**<u>ફોર્મ-બી</u>**

**ગુનો બન્યાની તારીખ :** ૨-૩/૦૪/૨૦૦૪
**પ્રથમ માહીતી અહેવાલ તારીખ :** ૦૩/૦૪/૨૦૦૪
**ચાર્જશીટ દાખલ થયાની તારીખ :** ૨૭/૦૮/૨૦૨૧
**તહોમતનામુ/પ્લીની તારીખ :** ૦૭/૧૨/૨૦૨૧
**પુરાવો શરૂ કર્યાની તારીખ :** ૦૧/૦૭/૨૦૨૨

**ચુકાદા ઉપર રાખ્યા તારીખ : ૧૦/૦૩/૨૦૨૬**
**ચુકાદો આપ્યાની તારીખ : ૨૩/૦૩/૨૦૨૬ (૦૧/૦૪/૨૦૨૬)**
**સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો,** આખરી હુકમ મુજબ

## //આરોપીની વિગત//

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક થયાની તારીખ | જામીન મુક્ત થયાની તારીખ | ચાર્જ પ્રમાણેનો ગુન્હો | શું નિર્દોષ/ તકસીરવાન | સજા | ટ્રાયલ દરમ્યાન કેદમાં ગુજારેલ સમય ક્રી.પ્રો.કો. કલમ ૪૨૮ માટે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | યાદવ રાજકુમારી ઉર્ફે ડીશ્કો ઉર્ફે સુરજ વા/ઓ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદ સન/ઓફ નંદરામ | ૨૮/૦૬/૨૧ | ૧૮/૧૨/૨૦૨૧ | ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૦૨,૨૦૧, ૩૯૭ તથા ૩૪ મુજબ.. | તકસીરવાન | આખરી હુકમ મુજબ | ૨૮/૦૬/૨૦૨૧ થી ૧૮/૧૨/૨૦૨૧ |

## –:: જ જ મે ન્ટ ::–

**(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,**

સદર ગુનાની ફરિયાદી સુધાબેન ધર્મેન્દ્રભાઈ પટેલના સસરા પટેલ ચિમનલાલ સોમચંદ્રનાએ મહેસાણા થી નંદાસણ જતા રોડ નજીક ઉંટવા ગામની સીમમાં આવેલ ભૈરવ ટેકરી મહાકાળી મંદીરના મોતીબા આશ્રમ બનાવેલ તેમાં તેઓ તથા સેવા પુજા માટે માતાજી સમતાનન્દ રહેતા હતા તથા બીજા કરમણભાઈ રહેતા હતા જેઓ મંદીરનું પરચુરણ કામ કરતા હતા. તેમજ મંદીરનું કામકાજ ચાલતુ હોય કોન્ટ્રાકટર મોહનભાઈ રહે, રાજસ્થાનના પણ રહેતા હતા. તા.૦૩/૦૪/૨૦૨૪ના પંદર દિવસ પહેલા ઉત્તરપ્રદેશ ભૈયાજી અને તેના પત્ની એટલે કે આરોપી નં.૧ મહેન્દ્રભાઈ અને તેના પત્ની રાજકુમારી મંદીરમાં રહેવા આવેલ, જેમાં આ બહેન મંદીરની સાફ સફાઈનું કામ કરતા હતા અને મહેન્દ્રભાઈ કડી ખાતે કોઈ જગ્યાએ નોકરી કરતા હતા તથા રાત્રે મંદીરની સીકયુરીટી માટે તેઓને રાખેલ હતા. થોડા દીવસ પહેલા આ કામના આરોપી મહેન્દ્રસીહને ફરિયાદીના સસરા પટેલ ચિમનલાલ

સોમચંદ્રની સાથે પગાર લેવા બાબતે ઝઘડો થયેલ. તા.૨-૩/૪/૨૦૦૪ ના રોજ રાતના વહેલી સવારના ત્રણ થી ચાર વાગ્યાના સુમારે આરોપીઓએ સાથે મળી ફરીયાદીના સસરા પટેલ ચિમનલાલ સોમચંદ્ર તથા માતાજી સમતાનન્દ, કોન્ટ્રાકટર મોહનભાઇ તેમજ કરમણભાઇને પોતાની પાસેના મારક હથિયાર ધારીયા વડે ચારેય જણાઓનું હત્યા કરી, સોના ચાંદીના દાગીના બે તોલા તથા સોનાની નંગ વાળી વિંટી નંગ-૩ ત્રણ તોલાની તથા ૨૫૦ ગ્રામ ચાંદીના જુડા નંગ- ૨ તથા સૌનાનો ગીલેટવાળો ચાંદીનો દોરો નંગ -૧, એમ્પ્લીફાયર નંગ - ૧, સોની કંપનીનું સીડી પ્લેયર નંગ - ૧ તથા ટેપ રેકોર્ડર તથા બીજી સીડી તથા આહુજા કંપનીનું સીડી તથા એક નાનું ટેપ તથા કેનોન કંપનીનું ડીઝીટલ કેમેરો, લેપટોપ કુલ મળી રૂ.. ૧,૬૯, ૭૫૦/-ની લુંટ કરી, સામાન્ય ઈરાદો પાર પાડવા આરોપીઓએ મરણ જનાર સાહેદોની લાશ સગેવગે કરી, પુરાવાનો નાશ કરવા પ્રયત્ન કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨, ૨૦૧,૩૯૭,૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ હોય, તે અંગે ફરિયાદ દાખલ થયેલ અને તપાસના અંતે હાલના આરોપી સામે પુરતા પુરાવા હતા અને ચાર્જશીટ થયેલ.

**બંને આરોપીઓ સામે તેઓ પકડાયા બાદ અલગ અલગ ચાર્જશીટ રજુ થયેલ, ત્યારબાદ ટ્રાયલ દરમ્યાન સેસન્સ કેસ નં. ૪૭/૨૦ના કામે આંક-૧૩ થી બંને કેસો એકજ બનાવ અન્યવે હોય તેથી કોન્સોલીડેટ કરી ચલાવવા અરજી થયેલ અને તેમાં થયેલ હુકમ મુજબ બંને કેસ ભેગા કરી સાથે પુરાવો રેકર્ડ કરી ચલાવવામાં આવેલ છે.**

*હવે પછી સરળતા ખાતર યાદવ ગોવિંદસિંહ ઉર્ફે મહેન્દ્રસિંહને આરોપી નં.૧ તથા યાદવ રાજકુમારીને આરોપી નં.૨ તરીકે સંબોધવામાં આવેલ છે.*

**૧.૧)** ફરીયાદીએ ઉપરોકત બનાવ અંગે ફરીયાદ આપતાં, તે કડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૧૩/૨૦૦૪, ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨,૨૦૧,૩૯૭,૩૪ મુજબના ગુના અંગે એફ.આઈ.આર. દાખલ કરવામાં

આવેલી અને તપાસ દરમ્યાંન હાલના આરોપીઓએ ગુનો કર્યાનુ જાહેર થતાં, આરોપીઓને અટક કરવામાં આવેલ અને તપાસ પુર્ણ થતાં, આ કેસોના ચાર્જશીટ દાખલ.

(૨) વિધ્વાન જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, કડીએ આ ગુનાઓ અંગે કેસ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોય, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે બંને કેસો અત્રેની સેશન્સ અદાલતને કમીટ કરેલ છે.

(૩) આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સ મળ્યાં અંગેની ખાત્રી કરી, આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨, ૨૦૧,૩૯૭,૩૪ મુજબનું તહોમતનામું મારા પુરોગામી ન્યાયાધીશશ્રીઓ ધ્વારા, સેશન્સ કેસ નં.૪૭/૨૦ ના આરોપી સામે આંક–૧૧ થી તહોમતનામું ફરમાવી આંક–૧૨ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, તથા સેસન્સ કેસ નં. ૧૨૬/૨૧ ના કામે આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી આંક–૦૬ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આરોપીઓએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતાં ટ્રાયલ ચલાવવામાં આવેલ.

(૪) આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

## ફોર્મ–સી

## –:: મૌખિક પુરાવાઓ ::–

### (A) ફરીયાદ પક્ષના સાહેદોનું લીસ્ટ :–

| નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | જોષી મહેન્દ્રભાઇ હીરાલાલ | પંચ સાહેદ (ગુ. ચિમનલાલના ઇન્કવેસ્ટ પંચનામાના સાહેદ ) | ૧૬ |
| ૨. | પટેલ કનૈયાલાલ કેશવલાલ | પંચ સાહેદ | ૧૮ |

| | | | |
|---|---|---|---|
| | | (ગુ. કરમણભાઇ તથા મોહનભાઇના ઇન્કવેસ્ટ પંચનામાના સાહેદ) | |
| ૩. | રાવળ મુનીબેન ગોપાળભાઇ | પંચ સાહેદ (ગુ. સમતાનન્દના ઇન્કવેસ્ટ પંચનામાના સાહેદ) | ૨૧ |
| ૪. | ડો. સુરેશકુમાર કાંતિલાલ ઝવેરી | મેડીકલ ઓફીસર (મરણ જનારના પી.એમ.કરનાર ) | ૨૪ |
| ૫. | પરમાર મહેશભાઇ લાલજીભાઇ | પંચ સાહેદ (આરોપીનં.૧ ની શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ) | ૩૨ |
| ૬. | પટેલ ભીખાભાઇ બાબુભાઇ | પંચ સાહેદ (આરોપી નં.૧ ની ઓળખ પરેડના પંચનામાના પંચ સાહેદ) | ૪૬ |
| ૭. | પટેલ આત્મારામ પુંજાભાઇ | પંચ સાહેદ (આરોપી નં.૧ ની ઓળખ પરેડના પંચનામાના પંચ સાહેદ) | ૪૮ |
| ૮. | પટેલ ઇશ્વરભાઇ ઉમેદભાઇ | સાહેદ (મરણ જનાર શર્મીષ્ઠાના પિતા – લાશને ઓળખેલ ) | ૪૯ |
| ૯. | પટેલ બાબુભાઇ નાગરદાસ | પંચ સાહેદ (મરણ જનારની લાશો ઉપર કપડાના કબજે કર્યના પંચનામાના સાહેદ) | ૫૦ |
| ૧૦. | જોષી ભૂપેન્દ્ર પ્રવિણચંદ્ર | સાહેદ (આરોપી નં.૧ની ઓળખ પરેડના સાહેદ) | ૫૩ |
| ૧૧. | જોષી મહેન્દ્ર હીરાલાલ | સાહેદ | ૫૪ |
| ૧૨. | પટેલ દિલીપભાઇ ઇશ્વરભાઇ | સાહેદ (આરોપીઓની ઓળખ પરેડના સાહેદ) | ૬૧ |
| ૧૩. | પટેલ શંકુત્લાબેન દિલીપભાઇ | સાહેદ (આરોપી નં.૨ ની ઓળખ પરેડના સાહેદ) | ૬૨ |
| ૧૪. | શોઢા અંબુજી ચેહુજી | સાહેદ ( આરોપી નં.૧ ની ઓળખ | ૬૩ |

| | | | |
|---|---|---|---|
| | | પરેડના સાહેદ ) | |
| ૧૫. | પટેલ નરોત્તમભાઇ પારેખદાસ | સાહેદ<br>(બનાવમાં વપરાયેલ ધારીયું કબજે કરેલ તે સાહેદ) | ૬૪ |
| ૧૬. | પટેલ સુરેશભાઇ નટવરલાલ | સાહેદ<br>(આરોપીઓને બનાવ બાદ જતા જોયેલ ) | ૬૭ |
| ૧૭. | કનુભાઇ નારણદાસ પટેલ | પંચ સાહેદ<br>(ઇન્કવેસ્ટ પંચ, ) | ૬૯ |
| ૧૮. | હસમુખભાઇ રતિલાલ લુહાર | સાહેદ<br>(ઇજામાં વપરાયેલ હથિયાર જયાંથી ખરીદેલ તે આરોપીને વેચનાર ) | ૭૨ |
| ૧૯. | મલેક મુમદભાઇ જહાંગીરભાઇ | સાહેદ<br>(આરોપી નં. ૧નાએ બનાવવાળી જગ્યા બતાવતાં પંચનામાના સાહેદ) | ૭૪ |
| ૨૦. | પટેલ જયંતિભાઇ ખોડીદાસ | સાહેદ<br>(ગુનાવાળી જગ્યાના પંચનામાના સાહેદ) | ૭૬ |
| ૨૧. | પટેલ સુધાબેન ધર્મેન્દ્રકુમાર | મુળ ફરિયાદી સાહેદ<br>(ફરિયાદી સાહેદ) | ૮૩ |
| ૨૨. | અમરતભાઇ પમાભાઇ મકવાણા | પંચ સાહેદ<br>(આરોપી નં.૧ રાજકુમારીની શરીરસ્થિતીનું પંચનામાના સાહેદ) | ૮૮ |
| ૨૩. | અલ્પાબેન નરેશભાઇ પટણી | સાહેદ<br>(આરોપી નં.૧ રાજકુમારીની શરીરસ્થિતીનું પંચનામાના સાહેદ નં.૨ ) | ૯૦ |
| ૨૪. | રાકેશકુમાર મનુભાઇ ભટ્ટ | પંચ સાહેદ<br>( આરોપી નં.૨ ની ઓળખ પરેડના પંચનામાના સાહેદ | ૯૨ |
| ૨૫. | પ્રવિણ ભોગીલાલ સુમરા | સાહેદ<br>(આરોપી નં.૨ રાજકુમારીની શરીરસ્થિતીનું પંચનામાના સાહેદ-ક્રાઇમ બ્રાન્ચ) | ૯૫ |
| ૨૬. | ઠાકોર દીનેશજી સોમાજી | પંચ સાહેદ<br>(આરોપી નં.૨ નાએ ગુનાવાળી જગ્યા બતાવેલ | ૯૭ |

| | | | |
|---|---|---|---|
| | | તેના પંચનામાના સાહેદ) | |
| ૨૭. | પટેલ બળદેવભાઇ સોમાભાઇ | પંચ સાહેદ (આરોપી નં.૨ નાએ ગુનાવાળી જગ્યા બતાવેલ તેના પંચનામાના સાહેદ) | ૯૯ |
| ૨૮. | રાહુલ કલ્યાણસિંહ રાજપૂત | પોલીસ સાહેદ (આરોપી ગોવિંદસિંગને દીલ્હીથી લાવનાર સાહેદ) | ૧૦૨ |
| ૨૯. | રઇબેન ઇશ્વરભાઇ પટેલ | સાહેદ (મરણ જનાર શર્મિષ્ઠાબેનની માતા સાહેદ) | ૧૦૬ |
| ૩૦. | જીવણલાલ ભીખાભાઇ પરમાર | પોલીસ સાહેદ (ગુનાની ફરિયાદ સ્ટે.ડાયરીમાં ઉતારનાર) PSO | ૧૦૭ |
| ૩૧. | ઝાલા મહેન્દ્રસિંહ વિજયસિંહ | સાહેદ (મરણ જનાર માતાજીને બનાવ પહેલા મળેલ સાહેદ) | ૧૧૭ |
| ૩૨. | ચૌધરી દરગાકામ ખીમાજી | સાહેદ (મંદીરમા પત્થર કોતરણી કામ કરનાર સાહેદ) | ૧૨૨ |
| ૩૩. | ભલારામ નાથાજી ગરાસીયા | સાહેદ (મંદીરમાં પથ્થર કોતરણી કામ કરનાર સાહેદ) | ૧૨૩ |
| ૩૪. | મંગલસિંહ સીમનસિંહ રાજપુત | સાહેદ (મંદીરમાં પત્થર કોતરણી કામ કરનાર સાહેદ) | ૧૨૪ |
| ૩૫. | અરવિંદભાઇ મનુભાઇ પટેલ | પોલીસ સાહેદ (તપાસ કરનાર અધીકારી સાહેદ) | ૧૩૫ |
| ૩૬. | દિગ્વીજયસિંહ દેવિસિંહ શોઢા | પોલીસ સાહેદ (તપાસ કરનાર અધીકારી સાહેદ) | ૧૬૦ |
| ૩૭. | ધર્મિશ્ઠા ભૂપતભારથી ગોસ્વામી | પોલીસ સાહેદ (તપાસ કરનાર અધીકારી સાહેદ) | ૧૭૫ |

## (B) <u>બચાવ પક્ષના સાહેદો :-</u>

બચાવપક્ષે કોઇ સાહેદો તપાસવામાં આવેલા નથી.

## (C) <u>કોર્ટ તરફે સાહેદો :-</u>

કોર્ટ તરફે કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.

## -:: દસ્તાવેજી પુરાવાઓ ::-

### (A) ફરીયાદ પક્ષે દસ્તાવેજોનું લીસ્ટ :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઇન્કવેસ્ટ પંચનામાં | ૧૭,૧૯,<br>૨૦,૨૨ |
| ૨ | પી.એમ. નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ(ગુ.ચિમનલાલ) | ૨૫,૨૬ |
| ૩ | મરણોત્તર ફોર્મ (ગુ.ચિમનલાલ) | ૨૭ |
| ૪ | પી.એમ કરવા સારું રિપોર્ટ(ગુ.ચિમનલાલ) | ૨૮ |
| ૫ | પી.એમ. નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ મરણોત્તર ફોર્મ (ગુ.કરમણભાઇ રાવળીયા) | ૨૯,૩૦,<br>૩૧ |
| ૬ | આરોપી નં.૧ નું શરીર સ્થીતીનું પંચનામું | ૩૩ |
| ૭ | એફ.એસ.એલ.અહેવાલનો ફો.પત્ર તથા વિશેરાનો પૃથ્થકરણ અહેવાલ (રાસાયણીક ઝેરની હાજરી મળેલ નથી) | ૩૪,૩૫ |
| ૮ | મરણ જનાર લુહાર મોહનભાઈની પી.એમ. નોટ | ૩૭ |
| ૯ | મરણ જનાર લુહાર મોહનભાઈનું કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૩૮ |
| ૧૦ | મરણ જનાર શર્મીષ્ઠાબેનની પી.એમ. નોટ | ૩૯ |
| ૧૧ | મરણ જનાર શર્મીષ્ઠાબેનનું કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૪૦ |
| ૧૨ | મરણ જનાર શર્મીષ્ઠાબેનનું મરણોત્તર ફોર્મ તથા પી.એમ કરવા કરેલ રિપોર્ટ | ૪૧, ૪૨ |
| ૧૩ | આરોપીની ઓળખ પરેડનું પંચનામું | ૪૭ |
| ૧૪ | લાશો ઉપરથી કપડા રજુ કરવાનું પંચનામું | ૫૧ |
| ૧૫ | આરોપી ગોવિંદસિંહ બનાવવાળી જગ્યા બતાવતા હોય તેનું પંચનામું | ૭૫ |
| ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૭૭ |
| ૧૭ | પંચ સ્લીપો | ૭૮ |
| ૧૮ | અસલ ફરિયાદ | ૮૪ |

| | | |
|---|---|---|
| ૧૯ | આરોપી રાજકુમારીની શરિરસ્થિતીનું પંચનામું(કડી પોલીસ સ્ટેશન) | ૮૯ |
| ૨૦ | આરોપી રાજકુમારીની ઓળખ પરેડનું પંચનામું | ૯૩ |
| ૨૧ | આરોપી નં.૨ ની શરીર સ્થિતી અંગેનું પંચનામું (ક્રાઇમ બ્રાન્ચ) | ૯૬ |
| ૨૨ | આરોપી નં.૨ નાએ બનાવવાળી જગ્યા બતાવતાં તેનું પંચનામું | ૯૮ |
| ૨૩ | સ્ટેશન ડાયરીમાં કરવા કરેલ રિપોર્ટ (પી.આઇ, એટીએસ) | ૧૦૩ |
| ૨૪ | ટેલીફોન વર્ધી | ૧૦૪ |
| ૨૫ | ડેપ્યુટ હુકમ | ૧૦૮ |
| ૨૬ | ગુનો રજીસ્ટર કરવા કરેલ રિપોર્ટ | ૧૦૯ |
| ૨૭ | ગુના અંગેનો સ્પેશ્યલ રિપોર્ટ | ૧૧૦ |
| ૨૮ | શકદાર મકાનની ઝડતી અંગેના પંચનામાં | ૧૩૬ થી ૧૩૮ |
| ૨૯ | એકઝી. મેજી. કડી નાને લાશનું ઇન્કવેસ્ટ ભરવા સારું કરેલ રિપોર્ટ | ૧૩૯,૧૪૦ |
| ૩૦ | મોબાઇલ કોલ ડીટેલ મેળવવા સારુ કરેલ રિપોર્ટ તથા મહાનિર્દેશક ઇન્ટે. ગુજરાત ગાંધીનગરને કરેલ રિપોર્ટ | ૧૪૧,૧૪૨ |
| ૩૧ | પી.આઇ. સગર નાએ કરેલ કોલફોર્મ | ૧૪૩ |
| ૩૨ | આરોપીઓને તપાસમાં રહેવા કરેલ રિપોર્ટ | ૧૪૪ |
| ૩૩ | લાશ કોલ્ડરૂમમાં મુકવા સારુ કરેલ રિપોર્ટ | ૧૪૫ |
| ૩૪ | લાશ પરના કપડા કબજે લીધેલ રિપોર્ટ | ૧૪૬ |
| ૩૫ | એસ.પી.શ્રી એમ.પી.ને આરોપીઓની તપાસમાં રહેવા કરેલ રીપોર્ટ | ૧૪૭ |
| ૩૬ | મામલતદારશ્રી કડીને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા કરેલ રિપોર્ટ | ૧૪૮ |
| ૩૭ | સીઆરપીસી. કલમ-૭૦ મુજબનુ વોરન્ટ | ૧૪૯ |
| ૩૮ | પો.અધી.ગાંધીનગર આરોપીની તપાસ સારુ આપેલ મંજુરીપત્ર | ૧૫૦ |
| ૩૯ | આરોપીઓની તપાસ એમ.પી. તથા યુ.પી.માં જવા સારું મંજુરી મેળવવા અંગે કરેલ રિપોર્ટ | ૧૫૧ |

| | | |
|---|---|---|
| ૪૦ | મુદામાલ રવાનગી પત્રક | ૧૫૨ |
| ૪૧ | મુદામાલ એફએસએલ માં મળ્યાની પહોચો | ૧૫૩,૧૫૪ |
| ૪૨ | આરોપીની તપાસમાં હાજર રહેવા ના.પો.અધી.ને ગાંધીનગરને કરેલ રિપોર્ટ | ૧૬૧ |
| ૪૩ | જયુડી.મેજી.ફ.ક. કડીનાઓનું સીઆરપીસી કલમ–૮૨ મુજબનું ફરારી જાહેરનામું | ૧૬૨ |
| ૪૪ | સીઆરપીસી કલમ–૧૭૩ મુજબ એ સમરી ભરવા કરેલ રિપોર્ટ | ૧૬૩ |
| ૪૫ | આરોપીનો કબજો મેળવી રજુ કરવા કરેલ હુકમ | ૧૬૪ |
| ૪૬ | સ્ટે.ડાયરીમાં નોંધ કરવા પીએસઓ કડીને કરેલ રિપોર્ટ આરોપીની અટક અંગે | ૧૬૫ |
| ૪૭ | આરોપી ગોવિંદસિંહની ઓળખ પરેડ કરાવવા કરેલ રિપોર્ટ | ૧૬૬ |
| ૪૮ | આરોપીની ઓળખ પરેડ કરવા સાહેદ ભુપેન્દ્ર પ્રવિણભાઇ, અંબુજી ચેહુજી, દિલીપ ઇશ્વરભાઇને કરેલ નોટીસ | ૧૬૭ થી ૧૬૯ |
| ૪૯ | એફએસએલ અમદાવાદ દ્વારા પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો ફો.લેટર | ૧૭૦ |
| ૫૦ | પૃથ્થકરણ અહેવાલ | ૧૭૧ |
| ૫૧ | સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ | ૧૭૨ |
| ૫૨ | સે.કે.નં.૧૨૬/૨૧ના કામે કલમ–૪૧(૧)આઇ મુજબ આરોપીને પંચો રુબરુ અટક કરી દફતરી નોંધ કરવા કરેલ રિપોર્ટ | ૧૭૬ |
| ૫૩ | સે.કે.નં.૧૨૬/૨૧ના કામે ટેલીફોન આવક વર્ધીનો ઉતારો | ૧૭૭ |
| ૫૪ | સે.કે.નં.૧૨૬/૨૧ના કામે આરોપીની અટક ની નોંધ સ્ટે.ડાયરીમાં કરવા કરેલ રિપોર્ટ | ૧૭૮ |
| ૫૫ | સે.કે.નં.૧૨૬/૨૧ના કામે આરોપીની ઓળખ પરેડ કરાવવા સારું કરવા કરેલ રિપોર્ટ | ૧૭૯ |
| ૫૬ | સે.કે.નં.૧૨૬/૨૧ના કામે સાહેદ શકુન્તલાબેનને આરોપીની ઓળખ સારુ હાજર રહેવા આપેલ નોટીસ | ૧૮૦ |
| ૫૭ | સે.કે.નં.૧૨૬/૨૧ના કામે સાહેદ દીલીપભાઇને આરોપીની ઓળખ સારુ હાજર રહેવા આપેલ નોટીસ | ૧૮૧ |
| ૫૮ | સે.કે.નં.૧૨૬/૨૧ના કામે સાહેદ જોષી | ૧૮૨ |

| | | |
|---|---|---|
| | ભુપેન્દ્રભાઇને આરોપીની ઓળખ સારુ હાજર રહેવા આપેલ નોટીસ | |

## (B) <u>બચાવ પક્ષે લીસ્ટ:–</u>

બચાવ પક્ષે કોઇ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી.

## (C) <u>કોર્ટ તરફે :</u>

કોર્ટ તરફે કોઇ દસ્તાવેજો નથી.

## (D) <u>કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ</u> :–

| અનુ. નં. | મુદ્દામાલ પાવતી નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|---|
| ૧. | ૧૪૬/૦૪ | 1 | એક ઝભ્ભો ક્રિમ કલરનો આખી બાંયનો લોહીથી ખરડાયેલો છે |
| ૨. | | 2 | એક ઘઠ્ઠ બદામી કલરનુ પંચીયુ સાત ફુટ લંબાઈના આશરાનુ લોહી જેવા ડાધવાળુ |
| ૩. | | 3 | એક ગરમ ઉન જેવી ટોપી લોહીથી ખરડાયેલી |
| ૪. | | 4 | એક બંડી સફેદ કલરની બોચ વગરની એક બાજુ કાપેલી લોહીથી ખરડાયેલી |
| ૫. | | 5 | એક પેન્ટ સલેટીચા કલરના કમરના તથા ખિસ્સાના ભાગે લોહીથી ખરડાયેલી |
| ૬. | | 6 | એક જાંગીયો વાદળી કલરનો સફેદ લીટીવાળો |
| ૭. | | 7 | એક વાદળી કલરનુ પેન્ટ મેલા જેવુ છુટાછવાયા લોહી જેવા ડાધવાળુ |
| ૮. | | 8 | એક પોપટી કલરનો આખી બોચનો ઓપન શર્ટ જેના ડાબા ખભા ઉપર કપાયેલુ લોહીથી ખરડાયેલુ |
| ૯. | | 9 | એક કેશરી (ભગવા) કલરનો લેડીઝ જભ્ભો લોહીથી ખરડાયેલો |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | | 10 | એક બ્લાઉઝ કેસરી કલરનો લોહીથી ખરડાયેલો |
| ૧૧. | | 11 | એક સફેદ કલરની બોડીસ (બ્રા) લોહીથી ખરડાયેલ |
| ૧૨. | | 12 | એક ચણીયો કેસરી કલરનો લોહીથી ખરડાયેલો |
| ૧૩. | ૧૪૭/૦૪ | 13 | એક લોહીવાળુ કોટન ગ્લોઝ |
| ૧૪. | | 14 | કન્ટ્રોલ સેમ્પલનો કોટન ગ્લોઝ |
| | | 15 | એક લોહીવાળો કોટન ગ્લોઝ. |
| ૧૫. | | 16 | લોહીવાળો કોટન ગ્લોઝ |
| ૧૬. | | 17 | લોહીવાળો કોટન ગ્લોઝ |
| ૧૭. | | 18 | આશરે ૧૦૦ ગ્રામ જેટલી – લોહીવાળી માટી |
| ૧૮. | | 19 | આશરે ૧૦૦ ગ્રામ જેટલી કન્ટ્રોલ સેમ્પલ માટે |
| ૧૯. | | 20 | એક સફેદ કાપડનો ગાભો જુનો તુટેલો લોહીના ડાધવાળો છે |
| ૨૦. | | 21 | એક તાળુ બંધ હાલતનું એલ્યુમીનીયમ જેવી ધાતુના કડા સાથે |
| ૨૧. | | 22 | લોહીવાળુ કોટન ગ્લોઝ |
| ૨૨. | | 23 | કાળા મણકાની એક તથા પ્લાસ્ટીક જેવા મણકાની એક એમ બે કંઠીઓ |
| ૨૩. | | 24 | એક લોખંડનુ નાનુ તુટેલી હાલતનુ તાળુ છે |
| ૨૪. | | 25 | એક સફેદ કપડાની ખોળ લોહીથી ખરડાયેલ છે |
| ૨૫. | | 26 | એક ગ્રે કલરનો સફારી શર્ટ લોહીથી ખરડાયેલો |
| ૨૬. | | 27 | આશરે ૧૦૦ ગ્રામ જેટલી લોહીવાળી માટી |
| ૨૭. | | 28 | આશરે ૧૦૦ ગ્રામ જેટલી કન્ટ્રોલ સેમ્પલ માટી |
| ૨૮. | | 29 | લોહીના સુકાયેલ લોચા |
| ૨૯. | | 30 | એક કાળા કલરની અડધી બાંયની – જરસી લોહીના ડાધવાળી છે |

| | | | |
|---|---|---|---|
| ૩૦. | | 31 | એક વાંસના હાથામાં ફીટ કરેલ ધારીયુ જેના ઉપર લોહીના ડાઘ જણાય છે |
| ૩૧. | | 32 | એક લીટીવાળા કાગળની ચબરખી તેમાં હિન્દીમાં અંબુજા કંપની કડી અમદાવાદ ગુજરાત લખેલ છે |
| ૩૨. | | 33 | એક પેન્ટ બ્લ્યુ નેવી કલરનુ જેના ઉપર લોહી વિગેરેના ડાઘ જણાતા નથી |
| ૩૩. | | 34 | એક લુધી સફેદ વાદળી કલરની ચેકસ ડીઝાઈનવાળી કોઈ લોહી વિગેરેના નિશાન જણાતા નથી |
| ૩૪. | | 35 | એક લેડીઝ ગાઉન વાદળી ફુલ ભાતની ડીઝાઈનવાળુ જેના ઉપર કોઈ લોહી વિગેરેના નિશાન જણાતા નથી |
| ૩૫. | | 36 | એક સ્ટીલ જેવી ધાતુની નાની બરણી જેના ઉપર જોતાં હિન્દીમાં બમજોરસિહ સમથરા લખેલ છે |
| ૩૬. | | 37 | એક ઓપન શર્ટ કોલરના નીચેના ભાગેથી ફાટેલુ જેના ઉપર લોહીના છુટા છવાયા ડાઘ જણાય છે |

(૫) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ **આંક-૧૮૪** થી કલોઝીંગ પુરશીશ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ અને ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન લેવામાં આવેલો, જેમાં ફરીયાદ પક્ષનો પુરાવો તેઓની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું કબુલ રાખેલ છે, ફરિયાદપક્ષના પુરાવાની હકીકત ખોટી હોવાનું જણાવી,આ બનાવ અંગે અમો કંઈ જાણતા નથી.પોલીસે ખોટી રીતે અમોને પકડી લાવી અમારી સામે ખોટું ચાર્જશીટ કરેલ હોઇ અમો નિર્દોષ છીએ. આ ગુનામાં અમોને ખોટી રીતે સંડોવી દીધેલા છે, પોતે નિર્દોષ હોવાનું કોઇ ગુનો કરેલ ન હોવાનું જણાવેલ છે તેમજ સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવમાં સાક્ષી તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓને સાંભળવામાં આવ્યા. બચાવ પક્ષે આરોપીઓ તરફે વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

**<u>ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક દલીલો</u> :-**

**૬.૧)**સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક-૦૧નું ચાર્જશીટ તથા ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લઈ એવી રજુઆત કરેલ છે કે, બનાવવાળી જગ્યા આશ્રમ ત્યાં બનાવ બનેલ છે. ૪ વ્યકતિઓના ખૂન થયેલ છે. બનાવ સમયે બંને આરોપી ત્યાં નોકરી કરતા હતા. બનાવ બાદ બીજા દીવસથી સવારથી આરોપીઓ ભાગી ગયેલા અને ૧૬ વર્ષ પછી પકડાયેલ છે. બનાવના કોઈ નજરે જોનાર નથી. પરંતુ સંજોગો આધારિત પુરાવો છે. જો આરોપીઓ સંડોવાયેલ ન હોય તો ચોકીદાર અને સફાઈ કામ કરતા હતા. તેણે ભાગી જવાનું શું કારણ હોય. ફરિયાદી ગુજરનાર ચિમનભાઈના પુત્રના પત્ની છે. તેની જુબાની આંક-૮૩ થી થયેલ છે, અને આંક-૮૪ થી ફરિયાદ રજુ થયેલ છે. જેઓને બીજા દિવસે ખબર પડતાં બનાવ સ્થળે ગયેલ છે, તો ચારેય મરણ જનારની લાશો જોયેલ છે. તેઓ અવાર નવાર મંદિરે જતા હોય બંને આરોપીઓને ત્યાં કામ કરતા તેથી જોયેથી ઓળખે છે. તેણે આરોપીના રુમમાંથી ધારીયું મળેલ તે જોયેલુ અને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. બીજો મુદામાલ ઓળખી બતાવેલ છે. ગુજરનારને ચારેયને ગળાના ભાગે ઈજા હોવાનું તેણે જોયેલ છે. મુદામાલ તથા લોહી તપાસ માટે કોટન ઘસી લીધાનું જણાવેલ છે.

**૬.૨)** વધુમાં રજુઆત કરેલ છે કે, આંક-૧૭ થી ગુજરનાર ચિમનભાઈ પટેલનું ઈન્કવેસ્ટ પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું થયાની હકીકતને જોષી મહેન્દ્રભાઈ હીરાલાલ (p.w.1) સમર્થન કરે છે. આંક-૧૯ થી ગુજરનાર કરમણભાઈનું ઈન્કવેસ્ટ પંચનામું રજુ થયેલ છે, તે પંચનામાની વિગતે પંચ કનૈયાલાલ કેશવલાલ (p.w.2) સમર્થન કરે છે. તેમજ આંક-૨૦ના ગુજરનાર મોહનભાઈ લુહારના ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થન કરે છે. આંક-૨૨ થી ગુજરનાર માતાજી સમતાનંદ ઉર્ફે શર્મિષ્ઠાબેનનું ઈન્કવેસ્ટ પંચનામું

થયેલ તેની હકીકતને પંચ રાવલ મુનીબેન ગોપાળભાઇ (p.w.3) સમર્થન કરે છે.

**૬.૩)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક–૨૪ થી ડો.સુરેશકુમાર ઝવેરી(p.w.4)ને તપાસેલ છે. તેઓની જુબાનીમાં ચારેય ગુજરનારની લાશ ઉપર ઈજાઓ જે ગળાના ભાગે હતી તેની હકીકત સહિત પી.એમ. કર્યાની હકીકતને સમર્થન કરે છે. તમામ ચારેય લાશના પી.એમ. રીપોર્ટસ, મરણોત્તર તપાસના પોલીસના રિપોર્ટ, કોઝ ઓફ ડેથના સર્ટીફીકેટસ પણ રજુ કરેલ છે. ચારેય લાશના વિશેરા લીધાનું અને એફ.એસ.એલ.માં મોકલ્યાનું જણાવે છે. તમામ મરણ જનારની ઈજાઓ ધારીયા જેવા ધારદાર હથિયારથી થઇ શકે તેવી હતી અને મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોવાનું જણાવેલ છે.

**૬.૪)**વધુમાં રજુઆત કરેલ છે કે, આંક–૩૩ થી આરોપી ગોવિંદસિંહની શરીર સ્થિતીનું પંચનામું છે, જે પંચ પરમાર મહેશભાઈ લાલજીભાઇ (p.w–5) સમર્થન કરતા નથી પરંતુ સહી કર્યાનું કબુલ રાખેલ છે. આરોપીને ધરપકડ કર્યાની બાબત તકરારી નથી.

**૬.૫)** વધુમાં રજુઆત કરેલ છે કે,આંક–૪૭ થી આરોપી નં.૧ ગોવિંદસિંહની ઓળખ પરેડ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ કરેલ તે રજુ થયેલ છે તેને પંચ પટેલ ભીખાભાઇ બાબુભાઇ (p.w–6)સમર્થન કરે છે જે તા.૧૯/૦૮/૨૦૨૦ના થયેલ છે. આ પંચનામાના બીજા પંચ પટેલ આત્મારામ પુંજાભાઇ (p.w–7)થી તપાસેલ છે તેઓ સમર્થન કરતા નથી, પરંતુ મામલતદાર કચેરીએ ગયાનું અને કેટલાક લોકોને લાઇનમાં ઉભા રાખેલા તેમ જણાવી સહી ઓળખી બતાવેલ છે.

**૬.૬)**વધુમાં રજુઆત કરેલ છે કે, ગુજરનાર માતાજી ઉર્ફે શર્મિષ્ઠાબેનના પિતા પટેલ ઇશ્વરભાઇ ઉમેદભાઇ (p.w–8)ને આંક–૪૯ થી તપાસેલ છે. જેઓ બનાવ બાદ બનાવ સ્થળે ગયેલ છે. તેની દીકરીની લાશ ને સંડાસમાં જોયાનું અને ગળા પર ઈજા હોવાનું જણાવેલ છે. ગુજરનારના કપડાઓ પી.એમ. બાદ ડોકટરશ્રીએ રજુ કરેલ જે કબજે કર્યાનું પંચનામું કરેલ તે અંગે પંચ પટેલ બાબુભાઇ નાગરદાસ (p.w–9)ને તપાસેલ છે. તેઓ પંચનામા

હકીકતને સમર્થન કરતા નથી. તે પંચનામું આંક-૫૧ થી રજુ કરેલ છે. તે પંચનામામાં સહી ઓળખી બતાવેલ છે.

**૬.૭)** વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૫૩ થી સાહેદ જોષી ભુપેન્દ્ર પ્રવિણચંદ્ર (p.w-10) ને તપાસેલ છે. આ સાહેદે આરોપીને મામલદાર રુબરુ તથા કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. તે જ રીતે સાહેદ જોષી મહેન્દ્રભાઇ હીરાલાલ (p.w-11)ને આંક -૫૪ થી તપાસેલ છે. જેઓ જણાવે છે કે, મંદીરે ગુજરનારા તથા બંને આરોપીઓ રહેતા હતા. તેઓ અવાર નવાર મંદીરે જતા હતા. બનાવ બાદ તેઓએ બનાવવાળી જગ્યાએ ગુજરનારની લાશો અને થયેલ ઈજાઓ જોયેલ છે. ગુજરનાર મોહનભાઈ અને કરમણભાઈની લાશ હોલમાં ગાદલા નીચે હોવાનું જણાવેલ છે. આરોપીઓને કામે મંદીરે રાખેલ હોવાનું અને બનાવ બાદ ત્યાં હાજર ન હોવાનું જણાવેલ છે.

**૬.૮)**વધુમાં રજુઆત કરેલ છે કે, આંક-૬૧ થી પટેલ દીલીપભાઇ ઈશ્વરભાઇ (p.w-12)ને તપાસેલ છે. તેઓ ગુજરનાર શર્મિષ્ઠાબેનના ભાઈ છે, તેના બેનની લાશ સંડાસમાંથી મળ્યાનું અને આરોપીઓ પણ મંદીરે રહેતા હોવાનું જાણે છે અને મામલતદાર કચેરીએ આરોપી મહેન્દ્રસિંહને ઓળખી બતાવેલ છે. કોર્ટમાં પણ આરોપી મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવિંદસિંહને ઓળખી બતાવેલ છે. ફરિયાદપક્ષે આંક-૬૨ થી સાહેદ શકુન્તલાબેન દીલીપભાઈ (p.w-13)ને તપાસેલ છે. તેણી ગુજરનાર શર્મિષ્ઠાબેનના ભાભી થાય છે. તેણી અવાર નવાર મંદીરે જતી હતી આરોપીઓને મંદીરે કામ કરતા જોયેલ હોય ઓળખે છે. બનાવ બાદ સ્થળે ગયેલ અને ત્યાં ચાર લાશો જોયેલ હતી મામલતદાર ઓફીસે આરોપી રાજકુમારીને ઓળખી બતાવેલ છે. કોર્ટ રુબરુ પણ ઓળખી બતાવેલ છે.

**૬.૯)** વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૬૩ થી સાહેદ શોઢા અબુજી ચેહુજી (p.w-14)ને તપાસેલ છે. તેઓ અવાર નવાર મંદીરે જતા તેથી ગુજરનાર તથા આરોપીઓને ઓળખે છે. બનાવ બાદ આરોપી નં.૧ ને મામલતદાર રુબરુ ઓળખી બતાવેલ છે. કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

આરોપી બનાવના `૧૫-૧૬ વર્ષ પછી પકડાયા ત્યારે પણ ઓળખી બતાવેલ છે.

**૬.૧૦)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૬૪ થી સાહેદ નરોત્તમભાઇ પારેખદાસ પટેલ (p.w-15)ને તપાસેલ છે. બનાવ સમયે તેઓ ધોરણ-૯માં ભણતા હતા. તેઓ અવાર નવાર પુનમે મંદીરે જતા હતા અને ત્યાં કોણ રહેતા હતા તેની તેને જાણ હતી. આરોપીઓ પતિ-પત્ની, ચોકીદાર અને કામવાળી તરીકે કામ કરતા હોવાનું જણાવેલ છે. તેઓ બનાવ બાદ ત્યાં ગયેલ અને ત્યાં લોહીવાળું ધારીયું જોયાનું કહેલ છે. ધારીયાનુ વર્ણન પણ જણાવેલ છે અને આ ધારીયું કોર્ટમાં ઓળખી બતાવેલ છે અને આરોપી પાણીની ટાંકી નીચે રુમમાં રહેતા હતા ત્યાંથી મળ્યાનું જણાવેલ છે.

**૬.૧૧)** વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૬૭ થી સાહેદ સુરેશભાઇ નટવરલાલ પટેલ (p.w-16)ને તપાસેલ છે. બનાવ સમયે તે ઉંટવાથી કડી નોકરીએ સાયકલ લઇને અપડાઉન કરતા હતા. બનાવના દિવસે સવારે તેણે બંને આરોપીઓને મંદીરના ગેટ પાસેથી જીપમાં સામાન સાથે બેસીને જતા જોયેલ છે. તેની પાસે શુટકેશ અને બે સીમેન્ટની થેલી હોવાનું અને આરોપીને જોયાનું કહેલ છે. તે વખતે એસ.ટી. બસ પણ આવેલ હતી તેમ જણાવેલ છે. <u>એટલે નેચરલ વીટનેશ છે.</u> કોર્ટ રુબરુ આરોપી રાજકુમારીને ઓળખી બતાવેલ છે અને આરોપી ગોવિંદસિંહનો ચહેરો ત્યારે જોયેલ ન હોય તેથી ઓળખી બતાવેલ નથી. તેણે આરોપીઓને બનાવ સ્થળેથી સવારે બનાવ બાદ જતા જોયેલ છે.

**૬.૧૨)** વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૬૯ થી સાહેદ કનુભાઇ નારણદાસ પટેલ (p.w-17) ને તપાસેલ છે. જે આંક-૧૯,૨૦ તથા ૨૨ વાળા ઇન્કવેસ્ટ પંચનામાના સાહેદ છે. જેઓ પંચનામા હકીકતોને સમર્થન કરે છે અને પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે. ફરિયાદપક્ષે સાહેદ હસમુખભાઇ રતિલાલ લુહાર (p.w-18) ને તપાસેલ છે. જેઓ મહત્વના સાહેદ છે. જેઓ ખેતીના ઓજારો જેવા કે, દાતરડી,ધારીયા, ફાસીયા, દંતાણી, ફરસા, વિગેરે બનાવે છે. તેઓ જણાવે છે કે, ચાંચવાળું

અને ચાંચ વગરના ધારીયા તેઓ બનાવે છે. તા.૨૭/૦૩/૦૪ના આરોપી નં.૧નાએ તેની પાસેથી ચાંચ વગરનું ધારીયું ખરીદ કર્યાનું જણાવેલ છે. જે અંગે પાકું બીલ રૂ.૨૦૦/- આરોપી નં.૧ ને આપ્યાનું અને પોલીસની પુછપરછ દરમ્યાન કાચુ બીલ આપ્યાનું જણાવેલ છે. આરોપી નં.૧ ને કોર્ટમાં ઓળખી બતાવેલ છે તેમજ મુદામાલ ધારીયું પણ ઓળખી બતાવેલ છે. આ આરોપીએ ધારીયું ખરીદવાનું કારણ શું હોય. ફરીયાદપક્ષે આંક-૭૪ થી પંચ મલેક મુમદ જહાંગીરભાઇ (p.w-19)ને તપાસેલ છે. આરોપી ગોવિંદસિંહે પકડાયા બાદ સ્વેચ્છાએ ગુનાવાળી જગ્યા બતાવેલ તેના પંચ નં.૨ છે. તેઓ સમર્થન કરતા નથી. પરંતુ પંચનામું આંક-૭૫ થી રજુ થયેલ છે તેમાં તેની સહી ઓળખી બતાવેલ છે.

**૬.૧૩)**વધુમાં રજુઆત કરેલ છે કે, સાહેદ પટેલ જયંતિભાઇ ખોડીદાસ (p.w-20)ને તપાસેલ છે. ફરિયાદી સુધાબેને બનાવવાળી જગ્યા બતાવેલ અને પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તે પંચનામાના પંચ સાહેદ છે. આ પંચનામું આંક-૭૭ થી રજુ થયેલ છે. પંચનામા હકીકતને સમર્થન કરેલ છે. લોહીના ડાઘા, લોહીવાળી માટી, શર્ટ, લોહી વાળું ધારીયુ, કપડા વિગેરે એફ.એસ.એલ. અધીકારીની હાજરીમાં કબજે થયેલ તે હકીકતને સમર્થન કરે છે. પંચનામા તથા મુદામાલ કબજે કરેલ તે પાવતી / સ્લીપોમાં સહીઓ ઓળખી બતાવેલ છે. મુદામાલ કબજે થયેલ તે ઓળખી બતાવેલ છે. ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે. આરોપી જયાં રહેતો હતો ત્યાં પણ લોહીના ડાઘા હતા.

**૬.૧૪)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૮૮ થી પંચ અમરતભાઇ મકવાણા (p.w-22) ને તપાસેલ છે. આરોપી નં.૨ રાજકુમારીને પકડેલ તેની શરિરસ્થિતીનું પંચનામું કરેલ તેના પંચ નં.૧ છે. તેઓ આંક-૮૯ના પંચનામાને સમર્થન કરતા નથી. પરંતુ પંચનામામાં તેની સહી ઓળખી બતાવેલ છે. તપાસ કરનારને નહી માનવા કોઇ કારણ નથી. તેમજ ફરિયાદપક્ષે આંક-૯૦ થી બીજા પંચ અલ્પાબેન પટણીને તપાસેલ છે તેઓને પણ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૬.૧૫)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૯૨ થી પંચ રાકેશકુમાર મનુભાઈ ભટ્ટ (p.w-24) ને તપાસેલ છે. આરોપી રાજકુમારીનું ઓળખ પરેડનું પંચનામું એકઝી.મેજી. રુબરુ કરવામાં આવેલ અને તે વખતે સાહેદ દીલીપભાઇ ઈશ્વરભાઈ, સાહેદ જોષી ભુપેન્દ્રભાઈ, સાહેદ પટેલ શકુન્તલાબેન દીલીપભાઇ નાઓએ તેઓને ઓળખી બતાવેલ. તે પંચનામાના પંચ નં.૧ છે. જે પંચનામું આંક-૯૩ થી રજુ થયેલ છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તથા પંચનામા હકીકતને સમર્થન કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૯૫ થી પંચ કીરીટભાઈ ભોગીલાલ સુમરા (p.w-25) ને તપાસેલ છે. આરોપી નં.૨ રાજકુમારીનું શરિરસ્થીતનું પંચનામું આંક-૯૬ વાળુ તેની હાજરીમાં કરવામાં આવેલ છે અને તેઓ પંચનામા હકીકતને સમર્થન કરે છે.

**૬.૧૬)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૯૭ થી પંચ ઠાકોર દિનેશજી સોમાજી (p.w-26) ને તપાસેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી યાદવ રાજકુમારીએ તેની ધરપકડ બાદ પોતે સ્વેચ્છાએ કંઈ બતાવવા માંગતા હોય તેવું જાહેર કરતાં પંચોની રુબરુ બનાવવાળી જગ્યા બતાવતાં તેનું પંચનામું કરેલ. તે પંચનામાના આ સાહેદ છે. તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરાવેલ છે. પરંતુ ત્યારબાદ પણ સમર્થન કરેલ નથી. પરંતુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે જ રીતે બીજા પંચ સાહેદ બળદેવભાઈ સોમાભાઈ પટેલ પણ પંચનામા હકીકતને સમર્થન કરતા નથી. પરંતુ પંચોને ફરી જવા માટે ઘણાં કારણો હોય છે અને તેઓ પંચનામામાં પોતાની સહી કબુલ રાખે છે.

**૬.૧૭)** વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક-૧૦૨ થી સાહેદ રાહુલ કલ્યાણસિંહ રાજપુત (p.w-28) ને તપાસેલ છે. જેઓ બનાવ સમયે એટીએસમાં પો.ઈન્સ.હતા અને આરોપી ગોવિંદસિંહની બાતમી મળતાં દીલ્હી ખાતે તપાસ કરી તેને અમદાવાદ લાવેલ, ૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ અને તેની જાણ કડી પો.સ્ટે. કરેલી. આ અંગે પોલીસ સ્ટે.રિપોર્ટ કરી ટેલીફોન વર્ધી આપેલી. જેમાં પોતાની સહીઓ તથા રિપોર્ટ ઓળખી બતાવેલ

છે.

**૬.૧૮)** વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક–૧૦૬ થી સાહેદ રઈબેન ઈશ્વરભાઈ પટેલને તપાસેલ છે. જેઓ ગુજરનાર માતાજી ઉર્ફે શર્મિષ્ઠાબેનના માતા છે. તેણીએ બનાવ બાદ બનાવવાળી જગ્યાએ જઈ આ માતાજીની લાશ જોયેલ અને ઈજાઓ જોયેલ તેમજ તેણી સંડાસમાં પડેલ હોવાનું જણાવલ છે અને અન્ય મરણ જનારના ખૂન થયાનું પણ તેણીને જાણ છે. તેણી અન્ય બાબતે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરેલ પરંતુ ત્યારબાદ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ત્યાં આશ્રમમાં તપાસ કરતાં રુદ્રાક્ષની માળા, સોનાની વીંટી, હાર, એમ્લીફાયર, સીડી પ્લેયર વિગેરે મળી આવેલ ન હતા. ફરિયાદપક્ષે આંક–૧૦૭ થી જીવણલાલ ભીખાભાઈ પરમારને તપાસેલ છે જેઓ બનાવ સમયે પીએસઓ તરીકે ફરજ પર હતા. ફરિયાદી સુધાબેનની ફરિયાદ પીએસઆઈ સગર રુબરુ લેવામાં આવેલ જે મળતાં સ્ટે.ડાયરીમાં નોંધ કરી તપાસનો ડેપ્યુટ હુકમ કર્યાનું જણાવી તે દસ્તાવેજોમાં પોતાની સહી ઓળખી બતાવી સમર્થન કરેલ છે. તે જ રીતે ફરિયાદપક્ષે આંક–૧૧૭ થી ઝાલા મહેન્દ્રસિંહ વિજયસિંહને તપાસેલ છે તેઓ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે. ફરિયાદપક્ષે આંક–૧૨૨ થી સાહેદ ચૌધરી દુર્ગારામ ખીમાજીને તપાસેલ છે. જેઓ બનાવ સમયે ત્યાં સાંઈબાબાનું મંદીર બનતું હતું તેમાં પત્થરની કોતરણી કામ કરતા હતા. તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે પરંતુ બનાવ બનેલાની હકીકતને સમર્થન કરે છે. તેવા જ બીજા સાહેદ ભલારામ નાથાજી ને આંક–૧૨૩ થી તપાસેલ છે જેઓ પણ બનાવ સમયે પત્થર કામ કરવા આવેલ હતા અને મંદીરની પાછળ દુર રહેતા હતા. તેઓને પણ ફરી ગયેલા જાહેર કરેલ છે. તેવા જ બીજા સાહેદ મંગળસિંહ સમનસિંહ રાજપુતને આંક–૧૨૪ થી તપાસેલ છે. જેઓ પણ બનાવ સમયે પત્થરની કોતરણી કામ કરતા હતા અને તેના કોન્ટ્રાકટર ગુજરનાર મોહનભાઈ લુહાર હોવાનું જણાવેલ છે તથા પોતે મંદીરના વરંડાની બહાર રહેતા હોવાનું તેમજ બનાવ ૨૦ વર્ષ પહેલા બનેલ હોવાનું અને તે દિવસે સવારે મજુરી કામે ગયેલ ત્યારે મંદીરના

બહારના દરવાજે તાળુ મારેલ હોવાનું અને પછી પોલીસ આવેલ હોવાનું તથા ખૂન થયાનું જાણવા મળેલ હોવાનું જણાવે છે. તેઓને પણ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૬.૧૯)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક–૧૩૫ થી પીએસઆઇ પ્રવિણભાઈ મનુભાઈ પટેલને તપાસેલ છે. પીએસઆઇ કે.વી. સગર પાસેથી તેઓને તપાસ સોંપવામાં આવેલ અને બનાવવાળી જગ્યાએ સાયન્ટીફીક ઓફીસરની હાજરીમાં પંચનામું કરી, નમુના લઈ એફએસએલમાં મોકલ્યાનું તેમજ સાહેદોના નિવેદનો લીધાનું જણાવેલ છે. ઈન્કવેસ્ટ પંચનામઓમાં પંચો તથા પો.ઈન્સ. કે.વી. સગરની સહીઓ ઓળખી બતાવેલ છે. ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવેલ છે. ઈન્કવેસ્ટ રિપોર્ટ માં પણ પો.ઈન્સ. સગરની સહી ઓળખી બતાવેલ છે. મામલતદાર કડીને કરેલ ગુનાવાળી જગ્યાના નકશો બનાવવાનો રિપોર્ટ તથા આરોપીઓ માટે કલમ–૭૦નું વોરન્ટ મેળવેલ જે બાબતને સમર્થન કરે છે. આરોપીઓની તપાસ માટેના મંજુરીપત્રો રજુ કરેલ છે અને મુદામાલ એફએસએલમાં મોકલેલ તેના રવાનગી પત્રો તથા પહોચો મેળવેલ છે તેની તપાસ દરમ્યાન સાહેદ રઈબેન ઈશ્વરભાઇ, ચૌધરી દુર્ગારામ , સાહેદ ભલારામ નાથાજી, મંગલસિંહ ચિમનસિંહના નિવદનો લીધેલ હોવાનું અને તેઓએ નિવેદનમાં જણાવેલ હકીકત કે જે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ છે, તે સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૬.૨૦)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક–૧૭૫ થી સાહેદ ધર્મીષ્ઠાબેન ભુપતભારથી ગોસ્વામી (p.w–37) ને તપાસેલ છે. જેઓ બનાવ સમયે પીઆઇ કડી પો.સ્ટે.ની ફરજ પર હતા અને આરોપી નં. ૨ રાજકુમારીને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે દીલ્હીથી પકડી કબજો સોપતાં સંભાળી આગળની તપાસ કરી તેણીની સામે ચાર્જશીટ કરેલ છે. તેની તપાસ દરમ્યાન કરવામાં આવેલ રિપોર્ટ, ઓળખ પરેડ, શરીરસ્થિતિના પંચનામા, આરોપીએ બનાવવાળી જગ્યા બતાવેલ તેનું પંચનામું, ટેલીફોન વર્ધી વિગેરે દસ્તાવેજો રજુ કરી ઓળખી બતાવેલ છે. આ કામે પીઆઇ સગરને તપાસી શકાયેલ નથી

કારણ કે તેઓ અવસાન પામેલ છે.

**૬.૨૧)**વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આંક–૧૬૦ થી સાહેદ દિગ્વીજયસિંહ દેવિસિંહ સોઢા (p.w–36) ને તપાસેલ છે. આરોપી ગોવિંદસિંહને એટીએસ દ્વારા પકડવામાં આવેલ અને ત્યાંથી તેનો કબજો મેળવવા પીએસઆઇ શ્રી રાતડાને જાણ થતાં આ સાહેદને આરોપીનો કબજો મેળવવા યાદી કરેલ, જેના આધારે આરોપી ગોવિંદસિંહનો કબજો મેળવી કડી પો.સ્ટે. લાવેલા અને ત્યાં શરિર સ્થિતીનું પંચનામું કરી ધરપકડ કરેલ તેમજ આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવતાં પંચનામું કરેલ.જે પંચનામાઓ રજુ કરી પોતાની સહી રુબરુ તરીકે ઓળખી બતાવેલ છે તેમજ આ અંગે કરેલ પત્રવ્યવહાર વિગેરે દસ્તાવેજો રજુ કરેલ છે. આ કામે તેઓને મળેલ એફ.એસ.એલ. અમદાવાદનો પૃથ્થકરણ અહેવાલ તેમજ સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ વિગેરે દસ્તાવેજો પોતાને મળતાં તપાસમાં સામેલ રાખ્યાનું અને તપાસ દરમ્યાન સાહેદ શકુન્તલાબેન, દીલીપભાઇ ઇશ્વરભાઇ, ભુપેન્દ્રભાઇ પ્રવિણભાઇ, અંબુજી સોઢા, ભીખાભાઇ બબુભાઇ, આત્મારામ પટેલ વિગેરેના નિવેદન લીધાનું જણાવી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે.

**૬.૨૨)** આ કામે મુળ ફરિયાદી તર્ફે **આંક–૧૮૬** થી લેખિત દલીલો રજુ કરેલ છે. જેમાં ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રીફર કરેલ છે અને એવું જણાવેલ છે કે, આ કામના બંને આરોપીઓને સાહેદોએ બનાવવાળા મંદિરે કામ કરતા જોયેલ હતા અને તેથી મામતલદાર રુબરુ ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ તેમજ કોર્ટ રુબરુ પણ ઓળખી બતાવેલ છે. બનાવવાળી જગ્યાએથી ચાર વ્યકિતઓની લાશો મળેલી અને તેઓની હત્યા કરવામાં આવેલ છે તેવું ડો.સુરેશ ઝવેરીના પુરાવાથી પુરવાર થાય છે. એક કરતા વધુ સાહેદોએ આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. બનાવ રાત્રે બનેલ છે અને ત્યારબાદ વહેલી સવારે આરોપીઓ જીપમાં ચોરી તથા લુંટનો માલ લઇ નાસી ગયેલા છે તે વખતે સાહેદ સુરેશભાઇ નટવરભાઇ પટેલે તેઓને જોયેલ છે. તેઓએ આરોપી નં.૨ ને કોર્ટ રુબરુ ઓળખી

બતાવેલ અને આરોપી નં.૧ નો ચહેરો ચોક્કસ જોયેલ ન હોય તેથી ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. આરોપી નં.૧ નાએ બનાવ પહેલા સાહેદ હસમુખભાઇ રતિલાલ લુહાર પાસેથી ધારીયું ખરીદેલ હતુ તે હકીકતને આ સાહેદ સમર્થન કરે છે અને કોર્ટ રુબરુ આરોપી નં.૧ ને તેમજ મુદામાલ ધારીયાને ઓળખી બતાવેલ છે. પોલીસ સાહેદો અને તપાસ કરનાર અધીકારીએ સમર્થન કરેલ છે. મુદામાલ ધારીયું લોહીવાળું મળેલ હતુ અને તેનો એફએસએલ રિપોર્ટ પણ રજુ થયેલ છે. બનાવના બીજા દીવસે સવારથી બંને આરોપીઓ નાસી ગયેલ હતા અને ત્યારબાદ ૧૫–૧૬ વર્ષ પછી મળેલ છે. મુદામાલ ધારીયું આરોપીઓ મંદીરમાં જે રુમે રહેતા હતા તેમાંથી મળેલ છે. બનાવમાં આરોપીઓ રુદ્રાક્ષની માળા,સોનાની વિંટી, હાર, એમ્પ્લી ફાયર, સી.ડી. પ્લેયર,કેમેરો, લેપટોપ વિગેર લુંટ કરીને લઇ ગયેલ તે હકીકતને સમર્થન મળે છે. જેથી આરોપીઓ સામેનો કેસ પુરવાર થતો હોય તેમ જણાવી સખત સજા કરવા વિનંતી કરેલ છે.

## (૭.) <u>બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રીની મૌખીક દલીલો</u> :–

**૭.૧**)બચાવપક્ષે વિ.વ.શ્રીની રજુઆત છે કે,બનાવ તા.૦૩/૦૪/૨૦૦૪ના રોજ બનેલ છે અને ત્યારબાદ આરોપીઓને ૨૦૨૦માં પકડેલ છે. ફરિયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો છે. આ કામે ફરિયાદપક્ષે કુલ-૩૭ સાહેદો તપાસેલ છે પરંતુ કેસ પુરવાર કરી શકેલ નથી, બનાવ બનતા કોઇએ નજરે જોયેલ નથી, તે રીતે આ કેસ સાંયોગિક પુરાવા આધારિત છે.ફરિયાદપક્ષે પુરાવાની સાથે તમામ સંજોગોની સાંકળ પુરવાર કરવાની છે. તે ઉપરાંત તે માટે બનાવનું કારણ અને ગુજરનાર સાથે છેલ્લે આરોપીઓને જોયેલ હોવાનું પુરવાર કરવાનું છે.સાંયોગીક પુરાવાના કેસમાં આરોપીઓએ આપેલ માહિતીના આધારે ગુનાની લગતી વસ્તુ કે પુરાવો મળી આવેલ હોવા જોઇએ. હાલના કામમાં ચાર વ્યકિતના મરણ થયેલ છે પરંતુ ફરિયાદપક્ષે બનાવનો મોટીવ પુરવાર કરી શકેલ નથી.તપાસ દરમ્યાન ઈન્કવેસ્ટ પંચનામા થયાની હકીકતને તથા

બનાવાળી જગ્યાના પંચનામા અને લાશો મળ્યાની હકીકત અંગે કોઇ તકરાર નથી, પરંતુ તે કૃત્ય આરોપીઓએ કરેલ નથી. પોલીસ સાહેદ અરવિંદભાઇ મનુભાઇ પટેલની ઉલટતપાસ મુજબ તેની તપાસ દરમ્યાન આરોપીની ચોકકસ લીંક કે ઓળખ થયેલ ન હતી, એટલે કે ૨૦૦૪ માં કોણ આરોપી હતુ તે ચોકકસ થયેલ નથી. આથી પોલીસે ૨૦૦૫ માં "અ" સમરી રજુ કરેલ છે અને રાહુલ કલ્યાણસિંહ રાજપૂત, એ.ટી.એસ. પોલીસ અમદાવાદ દ્રારા તા.૮/૦૮/૨૦૨૦ના આરોપી નં.૧ ને દીલ્હી થી પકડેલ છે તેની જુબાની મુજબ આ બાતમી પી.આઇ.જાધવે આપેલ હતી, તેને બાતમી કઇ રીતે મળી તે પુરવાર થતું નથી. આરોપીના નામ કઇ રીતે ખુલેલા તે જાહેર થતું નથી. બનાવાળી જગ્યા એ ટ્રસ્ટનું મંદીર હતુ, પરંતુ તેવું કોઇ રેકર્ડ કબજે થયેલ નથી.મહેન્દ્રસિંહ કોણ હતું તે અંગે કોઇ રેકર્ડ મળેલ નથી. ટ્રસ્ટના રેકર્ડમાંથી ત્યાં કામ કરતાં કર્મચારીની વિગત મળેલ નથી. આરોપી મહેન્દ્રસિંહનું નામ ગોવિંદસિંહ હોવાનું કઇ રીતે જાહેર થયેલ તેનો કોઇ પુરાવો નથી.સાહેદ રાહુલ કલ્યાણસિંહ રાજપૂત (p.w-28)નાઓએ આરોપી નં.૧ ને ઓળખવાનો શું આધાર હતો તેવો કોઇ પુરાવો નથી.લાસ્ટ સીન ટુ ગેધરની થિયરી સાબિત કરવામાં આવેલ નથી. સાહેદ સુરેશભાઇ નટવરભાઇ એવું કહે છે કે, બનાવના દીવસે સવારે આરોપીઓને મંદીરના દરવાજા બહાર જીપમાં જતાં જોયેલા પરતું તેનું કોઇ વર્ણન જણાવેલ નથી અને ૨૦ વર્ષ બાદ તેઓ આરોપી નં.૨ ને ઓળખી બતાવે છે તે માની શકાય નહી.

**૭.૨**)બચાવપક્ષે વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, ઓળખ પરેડ તા.૧૯/૦૮/૨૦૨૦ના કરેલ છે. આરોપીને તા.૧૩/૦૮/૨૦૨૦ના અટક કરેલ છે. આરોપીને પકડીને લાવ્યા બાદ બનાવવાળી જગ્યાએ લઇ ગયાનું રકેર્ડ પર આવેલ છે. ત્યારે બીજા સાહેદોએ તેને જોવાની તક મળેલ, આ સંજોગોમાં ત્યારપછીની ઓળખ પરેડનો કોઇ અર્થ રહેતો નથી. આરોપીને તા.૧૮/૦૮/૨૦૨૦ના બનાવવાળી જગ્યાએ લઇ ગયા તે પહેલા બનાવવાળી જગ્યા પોલીસની જાણમાં હતી. આથી આરોપીએ

બનાવવાળી જગ્યા બતાવેલ હોય તેવા પંચનામાનું કોઇ વજુદ નથી. જે સાહેદોએ આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે તેઓ બનાવ બન્યો ત્યારે એટલે કે ૨૦૦૪ ની તપાસમાં સાહેદ તરીકે ન હતા. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી મધ્યપ્રદેશના છે, હાલના આરોપીને દીલ્લીથી પકડેલ છે. આ બનાવ સાથે આરોપીને સાંકળતો એક પણ પુરાવો ફરિયાદપક્ષે રજુ થયેલ નથી. ૨૦૦૪ માં આરોપીઓ બનાવ સ્થળે હતા તેવો કોઇ પુરાવો નથી અને કોઇ સાહેદ આરોપીને ઓળખતા નથી.

**૭.૩**)બચાવપક્ષે વધુમાં રજુઆત છે કે, ફરિયાદપક્ષનો પુરાવો ભરોસાપાત્ર નથી અને ભળતા આરોપીને સંડોવી દીધેલ છે. ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષના સાહેદ દીલીપભાઇ પટેલ, શકુન્તલાબેન પટેલ, ભુપેન્દ્રભાઇ જોષી, અંબુજી ચેહુજી સોઢા વિગેરે હાલના આરોપીને એરેસ્ટ કર્યા પછી સાહેદ બનેલ છે અને ત્યારબાદ તેઓના નિવેદન લેવામાં આવેલ છે. અગાઉ નિવેદન લીધેલ કોઇ સાહેદોએ આરોપીના વર્ણન જણાવેલ નથી. પ્રથમ તપાસ દરમ્યાન આરોપીનો સ્કેચ બનાવેલ પરંતુ તે પુરવાર થયેલ નથી.

**૭.૪**)બચાવપક્ષે વધુમાં રજુઆત કરેલ છે કે, જે જગ્યાએ રુમમાંથી હથિયાર ધારીયું મળેલ તે રૂમમાં હાલના આરોપી રહેતા હોય તેવો કોઇ પુરાવો નથી. બનાવ સમયે મંદીરમાં રાજસ્થાનના ૭-૮ મજુરો કામ કરતા હતા તે પૈકી ૫-૬ ને ફરિયાદપક્ષે તપાસેલ છે. તેઓએ આરોપીઓને ઓળખેલ નથી. જો સાથે રહેતા હોય તો કેમ ઓળખી શકે નહી. ? આરોપીએ ફરિયાદપક્ષના કેસ મુજબ લુહાર હસમુખભાઇ રતિલાલ પાસેથી ધારીયું ખરીદેલ પરંતુ તેઓની જુબાની મુજબ રોહિત યાદવ નામની વ્યકતિ ધારીયું ખરીદ કરી ગયેલ હતી. લુટંમાં ગયેલ કોઇ મુદામાલ પોલીસ તપાસ દરમ્યાન મળી આવેલ નથી. લુહાર હસમુખભાઇ રતિલાલ ૧૬ વર્ષ પછી આરોપીને કોર્ટમાં ઓળખી શકે તે બાબત માનવા પાત્ર નથી. સાંયોગિક પુરાવાનો કેસ છે ત્યારે ફરિયાદપક્ષે સંપુર્ણ ભરોસાપાત્ર પુરાવાથી કેસ પુરવાર કરવો જોઇએ. પુરાવાના કાયદાની કલમ-૧૦૬ મુજબ આરોપીઓએ કોઇ

બાબતનો ખુલાસો ત્યારે જ કરવો જરુરી છે કે જ્યારે ફરિયાદપક્ષ કોઇ બાબત અંગે બેઝીક હકીકત પ્રસ્થાપિત કરવામાં સફળ થયા હોય. ફરિયાદપક્ષે સાંયોગિક પુરાવાથી સાંકળ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેથી આરોપીને શંકાનો લાભ મળવો જોઇએ, તેમ જણાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે અને તેની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટના નુસરત પ્રવિણ વિરુધ્ધ સ્ટેટ ઓફ ઝારખંડ, ક્રિમીનલ અપીલ નં. ૪૫૮/૨૦૧૨, તા.૧૦/૧૦/૨૦૨૪નો ચુકાદો રજુ કરેલ છે અને તેના પેરા-૧૭ રીફર કરેલ છે.

**૭.૫**)વિ.એપીપી શ્રી એ પ્રતિદલીલ કરી એવી રજુઆત કરેલ છે કે, આરોપી નં.૧ નું નામ મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવિંદસિંહ હોવા સબંધેની તકરાર બચાવપક્ષે પ્રથમ વખત દલીલ લેવામાં આવેલ છે. ટ્રાયલ દરમ્યાન તેવો કોઈ બચાવ લીધેલ નથી.

(૮)આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનુ મુલ્યાંકન કરતાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

**૧.** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા.૨-૩/૦૪/૨૦ ના રોજ મરણજનાર (૧)પટેલ ચિમનલાલ સોમચંદ્ર, (૨) શર્મિષ્ઠાબેન ઇશ્વરભાઇ, (૩) લુહાર મોહનલભાઈ વાઘાજી, (૪) રાવળીયા કરમણભાઈ વાઘુભાઈ નાઓને ગળાના ભાગે ઈજા કરવાથી, શરીર ઉપર થયેલી ઈજાના કારણે વધુ પડતુ લોહી વહી જવા થી, શોકથી તેઓનું મૃત્યું નિપજેલ એટલે કે સાપરાધ મનુષ્યવધ છે?

**૨.** શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરે છે

કે, આ કામના બંને આરોપીઓએ સાથે મળી એકબીજાની મદદગારીમાં તા.૨-૩/૦૪/૨૦૦૪ના રાત્રીના ભૈરવ ટેકરી મોતીબા આશ્રમ ખાતે ચિમનલાલ સોમચંદ પટેલ, કરમણભાઇ રાઘુભાઇ રાવળીયા, મોહનભાઇ વાઘજીભાઇ લુહાર તથા સવિતાબેન ઇશ્વરભાઇ પટેલ ઉર્ફે માતાજી સમતાનન્દ નાઓને ગળાના ભાગે ધારીયા વડે મારી નાંખવાના ઇરાદે ઇજા કરી, મૃત્યુ નિપજાવી સોના ચાંદીના દાગીના, ચાંદીની માળા, સોનાની વીંટીઓ, ચાંદીના જુડાઓ, ચાંદીનો દોરો, એમ્પ્લીફાયર, સીડી પ્લેયર, ટેપ રેકોર્ડર, ટેપ, કેમેરો,કોમ્પ્યુટર લેપટોપ વિગેરેની લુંટ કરી, ત્યારબાદ ગુજરનારની લાશ સગેવગે કરવા સંતાડી પુરાવાનો નાશ કરવા પ્રયત્ન કરી, ઇ.પી.કો.ક. ૩૦૨,૨૦૧,૩૯૭ તથા ૩૪ મુજબના શિક્ષા પાત્ર ગુન્હાઓ કરેલ છે?

૩. શું હુકમ ?

(૯)ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં,
૩. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આ કેસ હકીકત સાબીત કરવા માટે રજુ કરેલ પુરાવો જોઇએ તો, ફરીયાદપક્ષે ઉપરોકત પેરા-૪ ના ફોર્મ-સી ના મૌખીક પુરાવાના કોલમ(એ) તથા દસ્તાવેજી પુરાવાના કોલમ(એ)માં જણાવ્યાં મુજબ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**(૧૧)** આ કામના આરોપીઓ સામે હાલનો સેશન્સ કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતો નથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકાર છે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુધ્ધનુ અનુમાન કરી શકાય નહી.

**૧૧.૧)** આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના '' **કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ''૧૯૭૩)(૨)એસસીસી પાન નં.૮૦૮** ના ચુકાદામાં જે પાયાનાં મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરુરી છે. તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાનનુ ફરીયાદપક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્ર કારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસં ધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન

કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરે તો ત્યાર બાદ આરોપી વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સં દર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિધ્ધાંતો મુજબનુ હોય છે.

**<u>મુદ્દા નં. ૧ તથા ૨ :-</u>**

**(૧૨)** હવે ઉપરોકત કાયદાના સિધ્ધાંત નજર સમક્ષ રાખીને ચર્ચા કરવામાં આવે તો આ કામમાં ઉપરોકત મુદ્દા નં.૧ તથા ૨ ની હકીકતો એક બીજા સાથે પુરાવાકીય રીતે સંકળાયેલ હોય જેથી તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે પુનરાવર્તન નિવારવાના હેતુસર કરવામાં આવે છે.

**૧૨.૧)** હવે આ કામમાં ફરીયાદપક્ષનો જે કેસ છે તે મુજબ આરોપીઓ સામેનો જે મુખ્ય આક્ષેપ તે સાબીત કરવા માટે નીચે મુજબની હકીકતો ફરીયાદપક્ષે પુરવાર કરવાની થાય છે.

- આ કામના બંને આરોપીઓ બનાવ સ્થળે એટલે કે ભેરવ ટેકરી મહાકાળી મંદીરમાં રહેતા હતા.
- આ કામના આરોપી નં.૧ નાએ સાહેદ હસમુખભાઇ રતિલાલ લુહાર પાસેથી બનાવ પહેલા ધારીયું ખરીદેલ હતુ.
- ગુજરનારાઓનું મૃત્યુ તેને થયેલ ઈજાના કારણે થયેલ છે તથા આ ઈજાઓ આરોપીઓએ માર મારવાથી થયેલ હતી.
- આરોપીઓ દ્રારા બનાવ બન્યા બાદ બનાવ સ્થળેથી ફરાર થઈ ગયેલ હતા.
- આ કામના આરોપીઓને બનાવ બાદ બીજા દીવસે વહેલી સવારે જતા સાહેદ દ્રારા જોવામાં આવેલ.

- આ કામના આરોપીઓએ બનાવ બાદ ફરિયાદ મુજબની ચીજવસ્તુઓની લુંટ કરી પોતાની સાથે લઇ ગયેલા.

**૧૨.૨)** હવે ઉપરોકત હકીકત સંબંધે પડેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા આ તબકકે ઈ.પી.કો.ની કલમ–૩૦૦ ની જોગવાઈમાં જે સાપરાધ મનુષ્ય વધ કે જે ખુન ગણાય અને જે ખુન ન ગણાય તે અંગે પ્રાથમીક કાયદાકીય ચર્ચા કરવાની થાય છે. આરોપીઓ સામે ખુનનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે વ્યાજબી શંકાથી પર નીચે મુજબની હકીકત પુરવાર કરવાની થાય છે.

**૧.** સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો હોય,

**૨.** આરોપીએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યુ હોય,

**૩.** જે કારણે ભોગબનનારનુ મૃત્યુ નિપજયુ હોય,

**૪.** આરોપીએ કરેલ કૃત્ય–

– મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યું હોય,

અથવા

– આરોપીને જ્ઞાન હોય કે જે વ્યક્તિને શારીરિક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય, અથવા

– શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય તથા જે ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હોય, અથવા

– કૃત્ય કરનાર વ્યક્તિને જ્ઞાન હોય કે તે કૃત્ય તત્કાલીન એવું ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાના કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવા માટેના કોઈ જ કારણ

વગર કૃત્ય કરવામાં આવ્યું હોય.

**૫.** કરવામાં આવેલું કૃત્ય કલમ–૩૦૦માં આપવામાં આવેલાં પાંચ પૈકી કોઈ અપવાદમાં અથવા પ્રકરણ ૪ના સામાન્ય અપવાદમાં પડતું ન હોય.

**૧૨.૩)** ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત સમક્ષ ખૂનનો મુકદ્દમો ચાલે ત્યારે આરોપીનું કૃત્ય ખૂન છે કે કેમ તે નક્કી કરવાનો પ્રશ્ન હંમેશા આવે છે. તેમાં કયારે તેવો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય કે કેમ તે પ્રશ્ન અત્યંત પેચીદો તથા જટિલ બની જાય છે. આ બાબત નક્કી કરવામાં સાહેદો, તબીબી પુરાવો, નિષ્ણાતોનો અભિપ્રાય વગેરે વિવિધ પાસા ભાગ ભજવે છે તથા મહત્ત્વની બાબત ગુન્હો કરનારની માનસિક અવસ્થા કે માનસિક પ્રક્રિયા હોય છે. મનુષ્યવધના કિસ્સામાં નીચે મુજબના ક્રમે ચર્ચા કરવી તર્કસંગત ગણાશે.

**૧.**અદાલતે પ્રથમ એ નક્કી કરવાનું રહે છે કે મૃત્યુ કુદરતી છે, આત્મહત્યા છે, અકસ્માત છે કે મનુષ્યવધનો કિસ્સો છે.

**૨**. એ કિસ્સો મનુષ્યવધનો જણાય તો કલમ ૨૯૯નાં તત્ત્વો પ્રમાણેતેમનુષ્યવધ છે કે કેમ?

**૩**. ત્યાર પછીના તબક્કે એ બાબત પર લક્ષ કેન્દ્રિત કરવાનું રહે છે કે કલમ ૩૦૦ માં દર્શાવેલા કોઈ પ્રકારમાં એટલે કે ચાર પૈકી કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્ય આવે છે કે કેમ?

**૪**. જો આરોપીનું કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ પ્રકારમાં પડતું હોય તો તે કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા પાંચ પૈકી કોઈ અપવાદમાં અથવા પ્રકરણ ૪ના સામાન્ય અપવાદો પૈકી કોઈ અપવાદમાં આરોપીનું કૃત્ય આવે છે કે કેમ?

**૫**. આરોપીનું કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ એક પ્રકારમાં પડતું હોય તથા કલમ ૩૦૦માં દર્શાવેલા પાંચ પૈકી કોઈ અપવાદ અથવા

પ્રકરણ ૪ના કોઈ સામાન્ય અપવાદમાં પડતું ન હોય તો તે સાપરાધ મનુષ્યવધ નિશ્ચિતપણે ખૂન ગણાય તથા કલમ ૩૦૨ના પ્રબંધ મુજબ સજા થાય.

૬. કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્ય પડતું હોય તથા તેવું કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા પાંચ પૈકી કોઈ અપવાદમાં પડતું હોય ત્યારે અપવાદના કારણે તે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય નહિ તથા કલમ ૩૦૪ના પૂર્વાર્ધ મુજબ સજા કરી શકાય.

૭. કલમ ૩૦૦ના ચાર પૈકી કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્ય પડતું ન હોયત્યારે અપવાદ વિષે વિચારવાનો પ્રશ્ન રહેતો જ નથી, પરંતુ તેમ છતાં તે સાપરાધ મનુષ્યવધ ગણાય ત્યારે કલમ ૩૦૪ના ઉત્તરાર્ધ મુજબ સજા કરી શકાય.

૮. કયારેક મનુષ્યવધ હોય, અપરાધનું તત્ત્વ હોય, છતાં કલમ ૨૯૯ના તત્ત્વો સંતોષાતા ન હોય ત્યારે વ્યથા કે મહાવ્યથા ગણીને તે મુજબ સજા થઈ શકે, જે પ્રત્યેક કેસનાં આગવા સંજોગો પર આધારિત છે.

**૧૨.૪)**માનવીનું મૃત્યુ અનેક કારણસર નિપજે છે. મૃત્યુ કુદરતી કારણોસર થાય, અકસ્માતના કારણે નિપજી શકે, બેદરકારીપૂર્વકના કૃત્યને કારણે મૃત્યુ નિપજે, આત્મહત્યાનો કિસ્સો હોઈ શકે, મનુષ્યવધના કારણે થયું હોય તથા સાપરાધ મનુષ્યવધ પણ કારણરૂપ હોય. ફરિયાદપક્ષે પ્રથમ એ બાબત પુરવાર કરવાની રહે કે મૃત્યુ મનુષ્યવધના કારણે (homicidial death) થયું છે. ત્યારબાદ એ પુરવાર કરવાનું રહે કે મનુષ્યવધ સાપરાધ મનુષ્યવધ છે. સાપરાધ મનુષ્યવધ આંતરિક અથવા બાહ્ય ઈજાના કારણે નિપજી શકે, બાહ્ય ઈજાના કારણે થતી આંતરિક ઈજાથી નિપજી શકે, શરીરના મહત્ત્વનાં કે માર્મિક અવયવ (vital organ)ની ક્રિયાશીલતાને ઘાતક અસર પહોંચાડવાથી મૃત્યુ નિપજી શકે. આ ઘાતક અસર તેવા અવયવની ક્રિયાશીલતા અટકાર્વે અથવા ઘટાડે જે કારણે મૃત્યુ નિપજી શકે.

કલમ ૨૯૯ માં સાપરાધ મનુષ્યવધની વ્યાખ્યા દર્શાવે છે કે, મનુષ્યવધ, સાપરાધ મનુષ્યવધ પુરવાર કર્યા બાદ તેવો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય કે કેમ તે પુરવાર કરવાનું રહે છે. કલમ ૩૦૦માં ખૂનની વ્યાખ્યા કરવામાં

આવી છે. ફરિયાદપક્ષે કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ એક પ્રકાર પુરવાર કરવાનો રહે.ત્યારે કલમ–૩૦૦ માં જે ચાર પ્રકારોદર્શાવેલા છે. તે નીચે મુજબ છે.

**૧.** જે કૃત્યથી મૃત્યુ નિપજાવ્યુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કરેલ હોય અથવા

**૨.** જો ગુનેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોચે છે તેનુ મૃત્યુ નિપજાવવામાં સંબંધ છે અને તેવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અથવા

**૩.** જો કોઈ વ્યકિતને શારીરીક ઈજા પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અને શારીરીક ઈજા પહોચાડવા ધાર્યુ હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હોય અથવા

**૪.** જો કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે તેવુ તાત્કાલીન ભયજનક કૃત્ય છે તે તમામ શકયતા વચ્ચે મૃત્યુ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજાવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોચાડવા માટેની જોખમ લેવા કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યું હોય

**૧૨.૫)** ઉપરોકત ચાર પૈકીના એક પ્રકાર મુજબનુ કૃત્ય કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલી છે અને પુરાવાની માત્રા, પુરાવાની ગુણવતા, તે કક્ષાની હોવી જોઈએ કે ગુનો શંકાથી પર પુરવાર થાય. વધુમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર

કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને તે બોજો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારે ખસતો નથી કે હળવો થતો નથી. વધુમાં ઉપરોકત બાબત પુરવાર થયા બાદ જો આરોપીનો બચાવ એવો હોય કે તેનુ કૃત્ય કલમ–૩૦૦માં દર્શાવેલ પાંચ પૈકી કોઈ એક અથવા વધારે અપવાદમા અથવા પ્રકરણ–૪ માં દર્શાવેલ સામાન્ય અપવાદમાં પડે છે તો તે પુરવાર કરવા માટેનો પુરાવોનો બોજો આરોપી ઉપર છે. આ સંદર્ભે પણ ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૫ ની જોગવાઈ મુજબ આરોપી ઉપર બોજો હોય છે. અપવાદમા કીસ્સો પડતો નથી તેવો નકારાત્મક બોજો ફરીયાદપક્ષ ઉપર હોતો નથી તથા ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતે એવુ અનુમાન કરવાનુ રહે છે કે અપવાદ મુજબના સંજોગો ન હતા તથા આરોપીએ તેવા અનુમાનનુ ખંડન કરવાનુ હોય છે. વધુમાં આરોપી ઉપર પણ તે અનુમાનનુ ખંડન કરવા માટેનો બોજો ફરીયાદપક્ષ જેટલો વ્યાજબી શંકાથી પરના સિધ્ધાંત મુજબનો હોતો નથી પરંતુ આરોપીએ માત્ર એક સં ભાવના, શકયતા દર્શાવવાની રહેતી હોય છે અને ફરીયાદપક્ષના કેસ સામે એક પ્રશ્ન ઉભો કરવાનો હોય છે.

**(૧૩)** ઉપરોકત ફરીયાદપક્ષના કેસની હકીકત અને કાયદાની જોગવાઈ અને આક્ષેપીત ગુના ના તત્વો નજર સમક્ષ રાખી હાલના કેસમા ફરીયાદ પક્ષ ધ્વારા રેકર્ડ ઉપર જે પુરાવો રજુ થયેલ છે તે જોવામાં આવે તો ફરીયાદપક્ષે હાલના કેસમાં <u>કુલ–**૩૭**</u> સાક્ષીઓ તપાસેલ છે. આ સાહેદોમાં જુદા જુદા પંચનામાના પંચ સાહેદો, ફરીયાદી, ડોકટર સાહેદ, નજરેજોનાર સાહેદ તથા પોલીસ સાહેદોનો સમાવેશ થાય છે. હાલના કેસમાં રજુ થયેલ પુરાવા આધારે પ્રથમ તે હકીકતની ચર્ચા કરવાની થાય છે કે, શું

ગુજરનારાઓનું મૃત્યુ થયેલ છે તે કરવામાં આવેલ ઈજાના કારણે થયેલ છે અને સાપરાધ મનષ્યવધ છે કે કેમ ?

**(૧૪) મુદ્દા નં.૧ અંગે જોઈએ તો,** તા.૨-૩/૦૪/૨૦ ના રોજ મરણજનાર (૧)પટેલ ચિમનલાલ સોમચંદ્ર, (૨) શર્મિષ્ઠાબેન ઈશ્વરભાઈ, (૩) લુહાર મોહનલભાઈ વાઘાજી, (૪) રાવળીચા કરમણભાઈ વાઘજીભાઈ નાઓને ઈજા કરવાથી, શરીર ઉપર થયેલી ઈજાના કારણે વધુ પડતુ લોહી વહી જવાથી, શોકથી તેઓનું મૃત્યું નિપજેલ એટલે કે મનુષ્યવધ છે અને તે સાપરાધ મનુષ્યવધ?

## ઈન્કવેસ્ટ પંચો

આ કામે આરોપી તર્ફે તેના વિ.વ.શ્રીની દલીલ દરમચાન એવું જણાવેલ છે કે,ઈન્કવેસ્ટ પંચનામા, બનાવાળી જગ્યાના પંચનામાં અને બનાવવાળી જગ્યાએથી લાશો મળ્યા અંગે કોઈ તકરાર નથી.

**(૧૫)** ફરિયાદપક્ષે **આંક-૧૬ થી જોષી મહેન્દ્રભાઈ હીરાલાલ,** (p.w.1)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૪/૪/૦૪ ના રોજ કડી પોલીસે તેઓને ઉંટવા ગામે આવેલ ભૈરવ ટેકરી પાસ બોલાવેલ અને <u>ત્યાં કુલ -૪ લોકોની લાશ પડેલ હતી.</u> આ ચારે લાશો મે જોયેલ જેમાં એક સ્ત્રી ની હતી તથા બાકીની લાશ પુરુષની હતી. <u>આ ચારે લાશના શરીર ઉપર હથીચાર વડે ઈજા થયેલાના નિશાન જોવા મળેલા</u>. આ ચાર લાશ પૈકી પટેલ ચીમનલાલ સોમચંદની લાશ હતી ત્યાં તેના દીકરા સનીની પત્ની સુધા હતી તેણે તેમના સસરા ચીમનભાઈની લાશ ઓળખી બતાવેલ. આ ઉપરાંત બીજી એક લાશ સાધ્વીજી ની હતી. આ લાશ પણ સનીની પત્ની સુધાબેને ઓળખી બતાવેલી. આ લાશો પૈકી ત્રીજી લાશ મોહનભાઈની હતી જેઓ કોન્ટ્રાકટર હતા. આ લાશ પણ સનીની પત્ની

સુધાબેને ઓળખી બતાવેલી. ચોથી લાશ ભૈરવ ટેકરી પાસે આવેલ મંદિરમાં પટાવાળા તરીકે નોકરી કરનાર કરમાણભાઈની લાશ હતી આ લાશને પણ સુધાબેને ઓળખી બતાવેલી. આ લાશો પૈકીના ચીમનલાલ તેમના ગામના હતા તેમજ સાધ્વીજી જે મોતીબા આશ્રમમાં સેવા કરતાં હતા તેઓને તે અગાઉથી ઓળખતો હતો. તેની સાથે બીજા પંચ તરીકે કનુભાઈ નારણ ભાઈ પટેલ રહે. ઉંટવાવાળા હાજર હતા. આ ચારે લાશના ઈન્કવેસ્ટ પંચનામાં કર્યા ત્યારે તે તથા બીજા પંચ હાજર હતા. તેમ જણાવી આંક–૧૭ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેમને કોઇ બોલાવવા આવેલ નહી પરંતુ તેઓ બનાવવાળી જગ્યાએ જોવા ગયેલ, સુરેશભાઇ પણ બનાવવાળી જગ્યાએ જોવા આવેલા. બનાવવાળી જગ્યાએ ચાર જણા મરણ ગયેલા હોય બધા લોકો જોવા આવેલા. ચાર જણા મરણ ગયેલ તેની વિગત પોલીસે લખી પંચ તરીકે સહી લીધેલી. મરણ જનાર લોકોને તેઓ ઓળખે છે અને તેઓના શરીર ઉપર કપડુ ઢાંકેલું હતુ. તેઓએ મરણ જનારના મોઢા જોયેલ બીજુ જોયેલ નહી. સાહેદ જણાવે છે કે, મરણ જનારના ગળાના તથા માથાના ભાગે ઈજાના નિશાન હતા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, લખાણ વાંચેલ નહી તેણે સહી કરેલી. **આમ આ સાહેદ ગુજરનાર ચીમનલાલ સોમચંદના ઈન્કવેસ્ટ પંચનામા હકીકતને સમર્થન કરે છે. ચારેય વ્યકતિ મરણ હાલતમાં હોવાનું પુરવાર થાય છે. તથા મરણ જનાર પટેલ ચિમનલાલના ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થન મળે છે.**

**(૧૬)** ફરિયાદપક્ષે **આંક–૧૮ થી પટેલ કનૈયાલાલ કેશવલાલ,** (p.w.2)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે પોલીસે તા.૪/૪/૦૪ના ભેરવ ટેકરી પાસે બોલાવેલ ત્યાં એક સ્ત્રી અને ત્રણ પુરુષની લાશ તેણે જોયેલી તેઓને શરીર ઉપર હથિયાર વડે ઈજાના નિશાનો હતા તે પૈકી કરમણભાઇ તથા મોહનભાઇ લુહારની લાશ ગરાસીયા

લક્ષ્મણભાઇએ ઓળખી બતાવેલ. લાશ ઉપરના કપડાનુ વર્ણન તેણે લખાવેલ બીજા પંચ તરીકે કનુભાઇ નારણભાઇ હાજર હતા તેમ જણાવી તેઓને ઈન્કવેસ્ટ પંચનામાં બતાવતાં પંચ તરીકે કરેલ સહી ઓળખી બતાવી આંક–૧૯ તથા આંક–૨૦ થી પંચનામાં રજુ છે. વધુમાં જણાવે છે કે, તેઓ મોજે ઉંટવા ગામે રહી અને ખેતી કરી તેમજ ગામમાં પોતાનું કરિયાણાનું કેબીન હોઈ વેપાર કરી ગુજરાન ચલાવે છે અને પોતાની જમીન રાજપુર ગામની સીમમાં આવેલ હોઈ તેમાં ખેતી કરે છે. તેઓના ગામના ચીમનભાઈ સોમાભાઈ જેઓના દીકરાઓ અમેરિકા રહે છે અને તેઓ પણ અવાર નવાર અમેરિકા જતા હતા અને તેઓએ કડી નંદાસણ રોડ ઉપર આદર્શ નિવાસ શાળાના આગળના ભાગે પૂર્વ સાઈડમાં ભૈરવ ટેકરી ઉપર મહાકાળી માતાજીનું મંદિર બનાવેલ અને તેની બાજુમાં બનાવેલ રૂમોમાં તેઓ રહેતા હતા અને મંદિરનું કામ ઘણા વર્ષોથી ચાલુ હતુ. મંદિરમાં પુજારી તરીકે માતાજી રહેતા હતા. તેમજ તેઓની સેવા કરવા માટે ભચાઉના કરમણભાઈ નામનો માણસ રહેતો હતો અને તેઓના મંદિરમાં કોન્ટ્રાકટર તરીકે મોહનલાલ પણ રહેતા હતા. તા.૦૩/૦૪/૨૦૦૪ ના રોજ સાંજે સાતેક વાગે તે તેની દુકાને હતો તે વખતે ચીમનકાકાના ખેતરમાં લીંબોડીઓમાં રહેતા રાવળ આત્મારામભાઈના દીકરાએ તેને આવીને કહેલ કે, મંદિર બંધ છે, આશ્રમ બંધ છે અને લાઈટો પણ બંધ છે. જેથી ગામની ડેરી તેના કેબીન સામે આવેલ હોઈ ત્યાંના મંત્રી જોષી મહેન્દ્રકુમાર હીરાલાલને આ અંગે વાત કરેલી અને આત્મારામભાઈ રાવળનો દીકરો કહેવા આવેલ છે તે બાબતે તપાસ કરીએ. જેથી તે ગામમાં ભેગા થયેલ અને ભૈરવ ટેકરી મંદિરે ગયેલ. બધુ બંધ હોવાથી તે અંદર ગયેલ નહી પરંતુ બહાર ઉભા રહેલ. ત્યારબાદ ચીમનકાકાના સંબંધીને તેની સાથેના એક ભાઈએ આ અંગે જાણ કરતાં તેઓએ કડી

પોલીસ સ્ટેશને જાણ કરેલ અને ત્યારબાદ પોલીસ આવેલી અને પોલીસે અંદર જઈ તપાસ કરેલી. પોલીસ અંદર ગયેલ અને ચીમનકાકાની લાશ જોયેલ અને બીજા ત્રણ ઈસમ જેમાં માતાજી, કરમણભાઈ અને કોન્ટ્રાકટર મોહનભાઈની લાશ જોયેલી. તેઓને જાણવા મળેલ કે ચીમનકાકાના મંદિરમાં સિકયોરીટી તરીકે એક ભાઈ અને તેમના પત્નીને રાખેલ હતા. આ બનાવની ફરિયાદ સુધાબેને આપેલી. પોલીસે આ બાબતે પુછપરછ કરી જવાબ લીધેલો.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,મંદીરમાં સીકયુરીટી તરીકે એક ભાઇ અને બહેન હતા તેવું વાતોવાતથી જાણેલુ.

**આમ આ સાહેદની જુબાનીમાં આંક–૧૯ થી મરણ જનાર કરમણભાઇ અને આંક–૨૦ થી મરણ જનાર મોહનભાઇના ઇન્કવેસ્ટ પંચનામા હકીકતને સમર્થન કરેલ છે.**

**(૧૭)** ફરિયાદપક્ષે **આંક–૨૧ થી રાવળ મુનીબેન ગોપાળભાઇ,** (p.w.3)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૪/૪/૦૪ ના રોજ કડી પોલીસે તેઓને ઉંટવા ગામે આવેલ ભૈરવ ટેકરી પાસે બોલાવેલ અને ત્યાં કુલ –૪ લોકોની લાશ પડેલ હતી. આ ચારે લાશો તેણે જોયેલ જેમાં એક સ્વીની હતી તથા બાકીની લાશ પુરુષની હતી. આ ચારે લાશના શરીર ઉપર હથીયાર વડે ઈજા થયેલાના નિશાન જોવા મળેલા. <u>આ ચાર લાશ પૈકી માતાજી સમતાનન્દની લાશ હતી જે ફરીયાદી સુધાબેન ધર્મેન્દ્દકુમાર પટેલ રહે. ઉંટવાવાળાએ ઓળખી બતાવેલી</u> તે લાશનું વિગતવારનું વર્ણન તેઓના લખાવ્યા મુજબ પોલીસે લખી લીધેલ. લાશ ઉપર જોતાં ઈજાના નીશાન હતા. બન્ને લાશ ઉપર પહેરેલ કપડાનું વર્ણન તેણે લખાવેલ અને તેની સાથે બીજા પંચ તરીકે કનુભાઈ નારણભાઈ પટેલ

રહે. ઉંટવાવાળા હાજર હતા. જે ઈન્કવેસ્ટ પંચનામું બતાવવામાં આવતાં તેમા પોતાની તથા કનુભાઈ નારણભાઈની સહી ઓળખી બતાવી આંક–રર થી રજુ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેઓને લખતા વાંચતા આવડતું નથી ફકત સહી કરતા આવડે છે અને પોલીસે ખેતરમાં આવી તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

(૧૮) ફરિયાદપક્ષે **આંક–૬૯ થી પટેલ કનુભાઈ નારણદાસ,** (p.w.17)ને તપાસેલ છે<u>. આંક–૧૯,૨૦ તથા ૨૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના બીજા પંચ સાહેદ છે. </u> ના તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૪/૪/૨૦૦૪ ના રોજ બપોરના તેઓ ઘરે ઉંટવા ગામે હાજર હતા તે વખતે ઉંટવા ગામની સીમમા રોડ ઉપર આવેલ મહાકાળી મંદીરે બનાવ બનેલ, તે અંગે તે ત્યા ગયેલ અને ત્યા પોલીસ હાજર હતી ત્યા ચાર લાશ પડેલ હતી અને જેનુ ઈન્કવેસ્ટ પંચનામુ લખાવવા જણાવતા તેઓએ સ્વખુશી દર્શાવેલ અને ત્યા હાજર ફરીયાદી સુધાબેનનાઓએ પ્રથમ લાશ ઓળખી બતાવેલ જે લાશ માતાજી શંતાનંદની હતી અને તેઓના શરીરે થયેલ ઈજાઓ વિગતવાર વર્ણન મુજબની લખાવ્યા મુજબ પોલીસે લખી લઈ સહી લીધેલી. આંક–૨૨ વાળું પંચનામુ પોલીસે લખી લઈ સહી લીધેલી. જે સહી તેઓ ઓળખી બતાવેલ છે. તે તારીખે તેઓ મહાકાળી મંદીરે હાજર હોય જયાં પડેલ એક લાશ ગરાસીયા લક્ષ્મણભાઇ ભેમાભાઇએ ઓળખી બતાવેલ, જે લાશ કરમણભાઈની હતી. તેઓને શરીરે થયેલ ઈજાઓનું વિગતવાર પંચનામું કરેલ, જે આંક–૧૯ વાળા પંચનામામાં તેઓએ કરેલ સહી ઓળખી બતાવેલ છે. તે જ ત્યાં પડેલ તારીખે લાશો પૈકી ગરાસીયા લક્ષ્મણભાઇ ભેમાભાઈ એ તેઓ રુબરુ ઓળખી બતાવતાં, જે લાશ લુહાર મોહનભાઇ વાઘાજીની હતી.

જેને શરીરે થયેલ ઈજાઓ તેમજ પહેરેલ કપડાનું વિગતવાર પંચનામું આંક–૨૦વાળું કરી તેમાં સહી કરેલી જે તેઓએ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,તેઓ અમેરીકા ૨૦૧૫ થી રહે છે. પોલીસે બોલાવી પંચનામું કરી તેઓની સહી કરાવેલી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલ ત્યારે ખબર પડેલ કે ચાર લોકો મરણ ગયેલા છે. જે પૈકી ચીમનભાઈ તેમના કુટુંબના હોય અને તેમનું કુટુંબ અમેરીકા રહેતું હોય તેઓ ઓળખતા હતા. બનાવવાળી જગ્યાએ તેઓની હાજરીમાં સાધ્વી માતાજીની લાશનું પંચનામું કરેલ જે લાશ બાથરૂમમાં પડેલ હતી. તેની સાથે બીજા પંચ કનૈયાલાલ કેશવલાલ છે. જે પંચનામું થયા બાદ બીજું પંચનામુ કરવા પોલીસે સાંજે બોલાવેલ અને ત્રણેય પંચનામામાં પોલીસે તેઓને બોલાવેલ. સાહેદ જણાવે છેકે લાશોનું પંચનામું તેઓની હાજરીમાં થયેલા પછી સહી કરેલી.

**તેઓ ત્રણેય ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતને સમર્થન કરે છે.**

<u>**પી.એમ. કરનાર ડોકટર સાહેદ**</u>

**(૧૯)** ફરિયાદપક્ષે **આંક–૨૪ થી ડો. સુરેશકુમાર કાંતિલાલ ઝવેરી,** (p.w.4)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૪/૪/૦૪ નારોજ પ્રા.આ.કેન્દ નંદાસણ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે પી.આઈ. કડી પો.સ્ટે. ટેલીફોન થી જાણ કરતાં તેઓ સા.આ.કેન્દ્ર કડી ખાતે શબ પરીક્ષણની કાર્યવાહી માટે ઉપસ્થિત રહેલ પી.આઈ.શ્રી કડી પો.સ્ટેશનની યાદી સાથે પો.કો. બ.ન.૯૭૨ <u>દ્વારા</u> <u>**ચીમનલાલ સોમચંદ પટેલ**</u> રહે. ઉંટવા તા.કડી જી.મહેસાણાની શબની શબપરીક્ષણ માટે લાવતાં તેઓનું શબ પરીક્ષણ તેમણે તથા ડો.આર.એ.આચાર્ય નાઓએ કરેલ, શબ સવારના ૬/૪૫ કલાકે મળેલ શબ પરીક્ષણ સવારના ૮–૦૦ કલાકે ચાલુ કરી ૯–૧૫ કલાકે પૂર્ણ કરેલ. શબનું બાહય પરીક્ષણ કરતાં ૬૪ વર્ષના હીન્દુ પુરુષની લાશ હતી જેના માથાના

ભાગે એસ.કલરની ઉનની ટોપી પહેરેલ હતી તથા ક્રીમ કરલની ધોતી પહેરેલ હતી. ઉનની ટોપી લોહીથી ખરડાયેલ હતી શબ ઓળખાયેલ હતુ. શબનું બંધારણ મજબુત અને ઠંડુ હતુ શબ ઉપર લીવીડીટી શરીરના પાછળના ભાગે જોવા મળેલ હતી. રાયગરમોટીસ પાસ થવાની પ્રક્રિયામાં શરીર ઉપર હાજર હતી. આંખો મોઢુ બંધ હતા. જીભ મોઢાની અંદર હતી શબપરીક્ષણ દરમ્યાન નીચે મુજબની ઈજા જોવા મળેલ હતી.

**ઈજા ન.(૧)** ચહેરાના ભાગે કાનની બુટથી નીચે કપાયેલો ધા હતો જે ૧૩×૫ સે.મી.નો હતો જે તાંસો હતો જે સ્નાયુ સુધી ઉંડો હતો. **(૨)** ઈજા ન.૧ ની ૨ સે.મી. નીચે કપાયેલો ઘા હતો જે ૧૫× ૩ સે.મી.ના ભાગમાં હતો. જે મેન્ડેબલ હાડકા સુધી ઉંડો હતો. **(૩)** ઈજા ન.૨ થી ૨ સે.મી.નીચે ૧૫×૨.૫ સે.મી.નો કપાયેલો ધા હતો જે હાડકા સુધી ઉંડો હતો તથા તેના ભાગના સ્નાયુઓ બ્લડવેર્સલસ કપાયેલા હતા. **(૪)** ઈજા ન.૩ થી નીચે ૧૪X૩ સે.મી.નો કપાયેલો ધા હતો જે ગળાના સાતમા મણકા સુધી કપાયેલો હતો તથા ગળાનો બીજો તથા ચોથો મણકો પણ કપાયેલો હતો. ડાબી બાજુ જડબાના હાડકાનું અસ્થિભંગ માલુમ પડેલ હતુ.

ઉપરોકત ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. મગજ અને બન્ને ફેફસા ફીકકા હતા. હૃદય ખાલી હતુ, હોજરી ખાલી હતી, પેટના અન્ય અવયવો ફીકકા હતા. શબપરીક્ષણ દરમ્યાન નીચે મુજબના નમુનાઓ એકત્રીત કરી સીલ કરી પોલીસને સોપેલ હતા. યકૃત, બન્ને ફેફસા, બરોડ, તથા મુત્રપીંડના ટુંકડા, હોજરી તથા નાના આંતરડાનો ટુકડો કરોડ રજજુના ભાગે કોલમન. ૧૭ માં દર્શાવેલ ઈજા ન.૪ મુજબની ૩,૪,૭ નંબરના મણકાઓમાં ઈજા થયેલ હતી. પ્રાથમીક તબકકે મૃત્યુનું કારણ ગળાના ભાગે થયેલ કપાયેલી ઈજાઓના કારણે લોહી વહી જવાના કારણે તથા આધાત લાગવાના કારણે થયેલ હતુ. તેમ આપેલુ અને એફ.એસ.એલ.માં મોકલેલ નમુનાઓની રીપોર્ટની રાહ જોવા જણાવેલ. સદર રીપોર્ટ પરીક્ષણથી આવી જતાં મૃત્યુનું કારણ ઉપર જણાવ્યા મુજબ ગળાના ભાગે કપાયેલી ઈજાઓના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી થયેલ હતુ. શબપરીક્ષણ નોંધ તેમણે તેમના

હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં પોતાની તથા ડો. આચર્યની સહી અને હોદ્દાનો સીકકો છે તે ઓળખી બતાવી રજુ કરેલ છે. સદર શબ પરીક્ષણ કર્યા બાબતની પ્રાથમીક મૃત્યુનું કારણ આપેલ તેનું સર્ટીફીકેટ જે તેમના હસ્તાક્ષરમાં હોવાની અને તેમાં પણ પોતાની તથા ડો. આચાર્યની સહી તથા હોદ્દાનો સીકકો છે જે ઓળખી બતાવી કોઝ ઓફ ડેથ સર્ટી. આંક–૨૫ તથા આંક–૨૬ થી રજુ કરેલ છે. તેઓને લાશ સાથે પી.એમ.કરવા સારુ મોકલવામાં આવેલ મરણોત્તરફોર્મ તેઓએ સ્વીકારેલ જે આંક–૨૭ થી રજુ કરેલ છે. લાશનું પેનલ કોકટર થી પી.એમ.કરવા સારુ કરેલ રીપોર્ટ છે જે તેઓએ સ્વીકારેલ જે આંક–૨૮ થી રજુ કરેલ છે. <u>પી.એમ. નોટના કોલમ નં.૧૭ જણાવેલ છે કે ઈજા તીક્ષણ ધારદાર હથીયાર જેવા કે ધારીયા જેવા હથીયારથી થઈ શકે તેવી હતી. અને જેનાથી મૃત્યુ સંભવી શકે.</u>

તેજ દિવસે અને તેજ સમયે **કરમણભાઈ રાધુભાઈ રાવલીયા** રહે. ગામ વાઢ ગામ તા. ભચાઉ જી.કચ્છના શબનું શબ પરીક્ષણ મે તથા ડો. આચાર્ય નાઓએ તેજ દિવસે સવારે ૧૦–૩૦ કલાક થી ૧૧/૪૫ કલાક સુધી કરેલ શબ ૪૫ વર્ષના પુરુષનું હતુ જેના શરીર ઉપર દુધીયા લીલા જેવા રંગનો આખી બાયનો શર્ટ તથા વાદળી કલરનું પેન્ટ પહેરેલ હતુ શર્ટ નો ડાબી બાજુ નો આગળનો ભાગ થોડો ચીરાયેલો હતો તથા કપડા લોહીથી ખરડાયેલા હતા અને કપડા ઉપર માટી ચોંટેલ હતી. શબ ઓળખાયેલ હતુ શબનું બંધારણ સામાન્ય અને ઠંડુ હતુ. શબ ઉપર શબના અકડાઈ જવાની ક્રિયા પસાર થવાની સ્થિતિમાં શરીર ઉપર હાજર હતી. પી.એમ.લીવીલીટી શરીરના પાછળના ભાગે જોવા મળેલ હતી જે સ્થાઈ થયેલ હતી. શબ ઉપર નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.

ઈજા ન.(૧) જમણી બાજુ ચહેરા અને ગળાના ભાગે ૧૦×૧ સે.મી.નો કપાયેલો એક ઘા હતો જે ત્રાંસો હતો અને સ્નાયુ સુધી ઉંડો હતો. (૨) ડાબી બાજુ ચહેરાના ભાગે ૧૬X ૧૦ સ .મી.નો કપાયેલો ધા હતો જે ત્રાંસો અને પાછળના ભાગ સુધી જતો હતો. (3) ગળાની ડાબી બાજુએ ૪X ૫ સે.મી.નો કપાયેલો ઘા હતો જે ત્રાંસો સ્નાયુ સુધી ઉંડો હતો તથા માથાના

પાછળના ભાગ સુધી જતો હતો. (૪) ૧૪×૫ સે.મી.નો કપાયેલો ધા જે ઈજા ન.૩ થી નીચે હતો તે હાડકા સુધી ઉંડો હતો જે ત્રાંસો હતો (૫) ડાબી બાજુ ખભાના ભાગે ૧૫×૪ સે.મી.નો કપાયેલો ધા હતો જે ત્રાંસો તથા સ્નાયુ સુધી ઉંડો હતો. (૬) ૬X૨ સે.મી.નો કપાયેલો ધા જે ડાબી બાજુ હાથના ભાગે હતો તે ત્રાંસો અને સ્નાયુ સુધી ઉંડો હતો. ડાબી બાજુ હથેળીના ભાગે ૪૫ x૧ સે.મી.નો હાડકા સુધી ઉંડો ત્રાંસો કપાયેલો ધા હતો. (૭) જમણા હાથની પ્રથમ તથા વચ્ચેની આંગણીઓ કપાયેલા ધાના કારણે કપાઈ ગયેલ હતી. (૮) જમણી છેલ્લી આંગણી ૨×૧ સે.મી.નો હાડકા સુધી ઉંડો કપાયેલો ધા હતો. તમામ કપાયેલા ધાની ધાર ચોખ્ખી અને તીક્ષ્ણ કપાયેલી હતી. શબ પરીક્ષણ દરમ્યાન ડાબા જડબાના હાડકાનો અસ્થિભંગ માલુમ પડેલ હતો. ઉપરોકત ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. મગજ અને બન્ને ફેફસા ફીકકા હતા. હૃદય ખાલી હતું. હોજરી ખાલી હતી ,પેટના અન્ય અવચવો ફીકકા હતા. શબપરીક્ષણ દરમયાન નીચે મુજબના નમુનાઓ એકત્રીત કરી સીલ કરી પોલીસને સોપેલ હતા. (૧) યકૃત. બન્ને ફેફસા,બરોડ તથા મુત્રપીંડના ટુંકડા, (૨) હોજરીતથા નાના આંતરડાનો ટુકડો કરોડ રજ્જુના ભાગે કોલમન. ૧૭ માં દર્શાવેલ ઈજા ન.૪ મુજબની ૩, ૪, ૭ નંબરના મણકાઓમાં ઈજા થયેલ હતી. <u>પ્રાથમીક તબકકે મૃત્યુનું કારણ ગળાના ભાગે થયેલ કપાયેલી ઈજાઓના કારણે લોહી વહી જવાના કારણે તથા આઘાત લાગવાના કારણે થયેલ હતુ.</u> તેમ આપેલું અને એફ.એસ.એલ.માં મોકલેલ નમુનાઓની રીપોર્ટની રાહ જોવા જણાવેલ સદર રીપોર્ટ પરીક્ષણથી આવી જતાં <u>મૃત્યુનું કારણ ઉપર જણાવ્યા મુજબ ગળાન ભાગે કપાયેલી ઈજાઓના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી થયેલા હતુ.</u> સદર શબ પરીક્ષણ નોંધ તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં પોતાની તથા ડો. આચર્યની સહી છે અને હોદ્દાનો સીકકો છે તે ઓળખી બતાવેલ છે. સદર શબ પરીક્ષણ કર્યા બાબતની પ્રાથમીક મૃત્યુનું કારણ આપેલ તેનું સર્ટીફીકેટ જે તેઓના હસ્તાક્ષરમાં હોવાનું અને તેમાં પણ પોતાની તથા ડો. આચાર્યની સહી તથા હોદ્દાનો સીકકો ઓળખી બતાવી કોઝ ઓફ ડેથ સર્ટી. આંક–૨૯

તથા આંક–૩૦ થી રજુ કરેલ છે. લાશ સાથે પી.એમ.કરવા સારુ મોકલવામાં આવેલ મરણોત્તર ફોર્મ તેઓએ સ્વીકારેલ જે આંક–૩૧ થી રજુ કરેલ છે. મરણ જનારને થયેલ ઈજા મૃત્યુ પહેલાની હતી અને આ ઈજાઓ તેનું મૃત્યુ નીપજાવવા માટે પુરતી હતી. <u>મરણ જનારને થયેલ ઈજા તિક્ષ્ણ અને ધારદાર હથીયાર જેવા કે ધારીયા વડે થઈ શકે તેવી હતી.</u> મરણજનારની લાશના પી.એમ. દરમ્યાન વીશેરા લઈ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલેલ અને તેનો અહેવાલ આવ્યા બાદ એફ.એસ.એલ.ના <u>અહેવાલ નં.ફસલ/ તપણ/૨૦૦૪/ટી/૪૩૦ વાળા તા.૧૨/૦૫ /૨૦૦૪ના રોજના અહેવાલ ને કારણે પી.એમ. નોટના કોલમ નં.૨૩ માં ગળાના ભાગે થયેલ ઈજાના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી મૃત્યુ થયેલાનું જણાવેલ છે.</u> આ કામે વીશેરાનું પૃથકકરણ અહેવાલ છે જેને આધારે તેઓએ પી.એમ. નોટના કોલમ નં.૨૩ માં મૃત્યુના ચોકકસ કારણની નોંધ કરેલ છે જે આંક–૩૪ અને ૩૫ થી રજુ કરેલ છે.

તેજ દિવસે તેમની હાજરીમાં <u>**લુહાર મોહનભાઈ વાઘજીભાઈ**</u> તથા <u>**સવિતાબેન ડો/ઓ ઈશ્વરભાઈ ઉમેશભાઈ પટેલ**</u> નાઓની લાશનું શબ પરિક્ષણ ડો.પી.સી.શેઠ અને ડો.ટી.આર. મહેતાનાઓએ કરેલ. તેમની જાણ મુજબ ડો.ટી.આર.મહેતા મરણ ગયેલ છે અને ડો.પી.સી.શેઠનાઓ વિદેશ સ્થાયી થયેલ છે. <u>બંને મરણ જનારને કોલમ નં. ૧૭ માં ગળાના ભાગે ઘણાબધા કપાયેલા ઘા હતા જેના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી બંને મરણજનારનાઓનું મૃત્યુ થયેલ હતું. જે મૃત્યુનું કારણ પી.એમ. નોટની કોલમ નં.૨૩ માં દર્શાવેલ છે.</u> સદર લાશનું પી.એમ. દરમ્યાન વીશેરા લઈ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલેલ અને તેના <u>રીપોર્ટને ધ્યાને લઈ મૃત્યુનું ચોકકસ કારણ પણ ગળાના ભાગે થયેલ ઈજાના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી મૃત્યુ થયેલાનું જણાવેલ છે.</u> મરણ જનાર લુહાર મોહનભાઈ વાઘજીભાઈનાઓની પી.એમ. નોટમાં તેમની સાથેના ડો.શ્રી પી.સી.શેઠના હસ્તાક્ષરમાં છે અને તેમાં તેઓ તથા ડો.ટી.આર. મહેતાનાઓની સહી અને હોદ્દાના સિકકા છે જે ઓળખી બતાવી

આંક–૩૭ થી રજુ કરેલ છે. મરણજનાર લુહાર મોહનભાઈ વાઘજીભાઈનાઓનું કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટમાં તેની સાથેના ડો.શ્રી પી.સી.શેઠના હસ્તાક્ષર છે અને તેમાં તેઓ તથા ડો.ટી.આર.મહેતાનાઓની સહી અને હોદ્દાના સિકકા ઓળખી બતાવી આંક–૩૮ થી રજુ કરેલ છે.

મરણજનાર પટેલ શર્મિષ્ઠાબેન ઈશ્વરભાઈનાઓની પી.એમ. નોટમાં તેની સાથેના ડો.શ્રી ટી.આર.મહેતાના હસ્તાક્ષર છે અને તેમાં તેઓ તથા ડો.પી.સી.શેઠનાઓની સહી અને હોદ્દાના સિકકા ઓળખી બતાવી આંક–૩૯ થી રજુ કરેલ છે. મરણ જનાર પટેલ શર્મિષ્ઠાબેન ઈશ્વરભાઈનાઓનું કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટમાં તેમની સાથેના ડો.શ્રી ટી.આર. મહેતાના હસ્તાક્ષર છે અને તેમાં તેઓ તથા ડો.પી.સી.શેઠનાઓની સહી અને હોદ્દાના સિકકા ઓળખી બતાવી આંક–૪૦ થી રજુ કરેલ છે. મરણજનાર પટેલ 'શર્મિષ્ઠાબેન ઈશ્વરભાઈનાઓનું મરણોત્તર ફોર્મ છે તથા માર્ક ૩/૨૨ જે લુહાર મોહનભાઈ વાઘજીભાઈ તથા પટેલ શર્મિષ્ઠાબેન ઈશ્વરભાઈની લાશનું પી.એમ. કરવા કરેલ રીપોર્ટ પી.એમ. માટે મળેલ રીપોર્ટ હોઈ ઓળખી બતાવી આંક–૪૧ થી રજુ કરેલ છે. મરણ જનારની લાશના પી.એમ. દરમ્યાન વીશેરા લઈ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલેલ અને તેનો અહેવાલ આવ્યા બાદ એફ.એસ.એલ.ના અહેવાલ નંદફસલ/ તપણ/ ૨૦૦૪/ ટી/૪૩૦ વાળા તા.૧૨/૦૫/૦૪ના રોજના અહેવાલને આધારે પી.એમ. નોટના કોલમ નં.૨૩ માં <u>ગળાના ભાગે થયેલ ઈજાના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી મૃત્યુ થયેલાનું જણાવેલ છે.</u> આ કામે આંક–૩૪ થી એફ.એસ.એલ.અહેવાલનો ફોરવડીંગ લેટર અને આંક–૩૫ વીશેરાનું પૃથકકરણ અહેવાલના આધારે આંક–૩૭ અને આંક–૩૯ વાળી પી.એમ. નોટોના કોલમ નં.૨૩ માં મૃત્યુના ચોકકસ કારણની નોંધ કરેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં.૩૧ વાળુ ધારિયુ બતાવવામાં આવતા તે જોઈને જણાવેલ છે કે, આવા હથિયારથી મરણ જનારનાઓને મારવામાં આવે તો પી.એમ. નોટમાં દર્શાવ્યા મુજબની ઈજાઓ થઈ શકે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મરણ જનારની લાશનું પી.એમ. કડી સીએચસી ખાતે પેનલ ડોકટર દ્વારા કરવામાં આવેલ. પ્રોબેબલ શબ્દનો અર્થ સંભાવના તેવો થાય. આંક–૨૫, આંક–૨૯, આંક–૩૭, આંક–૩૯ વાળી પી.એમ. નોટોમાં મૃત્યુ અંગેનું સંભવિત કારણ જે આપેલ તે તા.૦૪/૦૪/૨૦૦૪ ના રોજ આપેલ અને ત્યારબાદ ફાયનલ કોઝ ઓફ ડેથ એફ.એસ.એલ. રીપોર્ટ આવ્યા બાદ તા.૧૮/૦૮/૨૦૦૪ ના રોજ આપેલ જેની વિગતો પી.એમ. નોટોના કોલમ નં.૩ માં બીજા ફકરામાં આ અંગેની વિગતો દર્શાવેલ છે. સાહેદ જણાવે છે કે, પી.એમ. નોટોના કોલમ નં ૨૩ માં પી.એમ. કર્યા બાદ તેમજ વીશેરાના એફ.એસ.એલ. રીપોર્ટ બાદ મૃત્યુ અંગેના કારણમાં ગળાના ભાગે થયેલ ઈજાના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી મૃત્યુ થયેલાનું જણાવેલ છે એટલે કે પી.એમ. કર્યા બાદ અને એફ.એસ.એલ. આવ્યા બાદ મૃત્યુનું કારણ એકજ દર્શાવેલ છે. જયારે તેણે તા.૦૪/૦૪/૨૦૦૪ ના રોજ મૃત્યુનું સંભવિત કારણ અંગે અભિપ્રાય આપી દીધેલ હોઈ તો પછી એફ.એસ.એલ.નો રીપોર્ટ આવ્યા બાદ તા.૧૮/૦૮/૨૦૦૪ ના રોજ આપેલ અભિપ્રાયની વિગતો આંક–૨૫, આંક–૨૯, આંક–૩૭, આંક–૩૯ વાળી પી.એમ. નોટોમાં કોલમ નં.૨૩ માં કઈ રીતે દર્શાવેલ છે ? તેના જવાબમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૪/૨૦૦૪ ના રોજ પી.એમ. કર્યા બાદ પી.એમ. નોટ તપાસ કરનાર અધિકારીને આપી દીધેલ પરંતુ વિશેરાની તપાસણીનો એફ.એસ.એલ. રીપોર્ટ આવ્યા બાદ તપાસ કરનાર સદર આંક–૨૫, આંક–૨૯, આંક–૩૭, આંક–૩૯ વાળી અસલ પી.એમ. નોટો અમારી પાસે લઈને આવેલ તેથી અમોએ વીશેરાના તપાસણી અહેવાલને ધ્યાને લઈ પી.એમ. નોટોની કોલમ નં.૨૩ માં બીજા ફકરામાં તે અંગેનો ઉલ્લેખ કરી મૃત્યુનું કારણ ગળાના ભાગે થયેલ ઈજાના કારણે લોહી વહી જવાથી અને આઘાત લાગવાથી મૃત્યુ થયેલાનું જણાવેલ છે. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પી.એમ થયાના ચાર મહિના બાદ પોલીસ લાશમાંથી લીધેલ વીશેરાનો એફ.એસ.એલનો પરીક્ષણ અહેવાલ લઈ

આવેલ અને તેને આધારે પી.એમ નોટોના કોલમ નં. ૨૩ મા મૃત્યુના કારણ અંગેની આગળની વિગતો લખેલી, તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, આંક-૨૫, આંક-૨૯, આંક-૩૭, આંક-૩૯ વાળી પી.એમ નોટોના કોલમ નં. ૧૭ માં જણાવાયેલ ઈજાઓ તીક્ષ્ણ અને ધારદાર હથિયાર થી થઈ શકે તેવી હતી. આ કેસમાં ચારેય પી.એમ.નોટોના કોલમ નં. ૧૭ માં દર્શાવાયેલ ચારેય ઈજાઓ ધારદાર હથિયાર જેવા કે ધારીયુ, તલવાર, ગુપ્તી જેવા હથિયાર થી થઈ શકે તેવી હતી. આંક-૩૭ અને આંક-૩૯ વાળી પી.એમ. નોટો વાળા મરણજનારનું પી.એમ. તેણે કરેલ નથી. સાહેદ જણાવે છે કે, આ કેસમાં ચાર મરણ જનારનું પી.એમ. એકજ દિવસે એકજ જગ્યાએ કરાયેલ અને આ આંક-૩૭ અને આં ક-૩૯ વાળા પી.એમ. વખતે તેઓ ત્યાં હાજર હતા.

આમ આ ડોકટર સાહેદની જુબાનીથી ચારેય ગુજરનારનું મોત કુદરતી કે આપઘાત કરીને થયાનું ન હોવાનું પરંતુ ગળાના ભાગે ધારીયા જેવા હથિયારથી ઈજા કરવાના કારણે થયાનું સાબિત થાય છે. તેણે ગુજરનારના પી.એમ. કરેલ છે. આ અંગે રજુ થયેલ પી.એમ. રીપોર્ટ થી પણ સમર્થન મળેલ છે.

<u>**બનાવવાળી જગ્યાના પંચ સાહેદ**</u>

**(૨૦)** ફરિયાદપક્ષે **આંક-૭૬ થી પટેલ જયંતિભાઈ ખોડીદાસ,** (p.w.20)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૪/૦૪/૨૦૦૪ ના રોજ સવારના તેમના ગામ ઉંટવા ખાતે હાજર હતા તે વખતે પોલીસ ગામમાં આવેલ અને તે વખતે તેમને મળતાં પોલીસે તેમને ભૈરવ ટેકરી ખાતે આવેલ મંદિરે ખુન કેસનો બાનાવ બનેલ છે તે જગ્યાનું પંચનામું કરવાનું છે તો તેમાં પંચ તરીકે રહેવા જણાવેલ જેથી તેઓએ તે પંચનામામાં પંચ તરીકે રહેવા સંમતિ આપેલ. બાદ તેઓ કડી-નંદાસણ રોડ ઉપર આવેલ ભૈરવ ટેકરી જયાં મહાકાળી માતાનું મંદિર આવેલ છે ત્યાં ગયેલ અને ત્યાં હાજર ફરિયાદી બહેન સુધાબેનનાઓએ બનાવવાળી જગ્યા બતાવતાં જે જગ્યા જોતાં મંદિરની બાજુમાં ઓફિસ આવેલ છે ત્યાં ગયેલ અને

ત્યાં રૂમ આવેલ છે જે ચીમનભાઈની ઓફિસનો રૂમ હતો તેમાં સામાન હતો જેમાં પાણીની માટલી, ગ્લાસ તેમજ બીજુ રાચરચીલુ પડેલ હતુ અને દિવાલ તથા ભૌંયતળીયે લોહીના ડાઘા પડેલ હતા અને ત્યાં પોલીસે તેમની રૂબરૂ લોહીના ડાઘ ઉપર રૂ ઘસી કબજે કરેલ. આ રૂમની બાજુમાં આવેલ રૂમમાં ગયેલ અને ત્યાં તેણે જોયેલ તો કડીયા કામ કરવાના સાધનો અને બીજુ રાચરચીલુ પડેલ હતુ. ત્યારબાદ બીજા રૂમમાં ગયેલ અને ત્યાં જોયેલ તો શેટ્ટી જેવો પલંગ પડેલ હતો અને તેમાં છેટાછવાયા લોહીના ડાઘ પડેલ હતા અને તે લોહીના ડાઘના સેમ્પલ રૂ ઘસીને લઈને તેમની રૂબરૂ કબજે કરેલ. બાદ બાજુના રૂમમાં ગયેલ અને તે રૂમ જોતાં એક ખાટલો હતો જે સુતરના વાંણાથી ભરેલ હતો અને રાચરચીલુ પડેલ હતુ અને ટી.વી. પડેલ હતું અને ત્યાં પણ લોહીના ડાઘા પડેલ હતા જે લોહીના ડાઘના સેમ્પલો પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. બહારની ખુલ્લી જે કવર કરેલ હતી તેવી ઓસરી વાળી જગ્યાએ ગયેલ જે જાળી વાળી હતી ત્યાં પણ લોહીના ડાઘ પડેલ હતા. તેઓ પુજારીના રૂમમાં ગયેલા અને જોતાં તમામ રાચરચીલુ વેરેવિખેર પડેલ હતુ અને ફોન તૂટેલો પડેલ હતો અને ભગવા કપડા હતા અને પુસ્તકો પડેલ હતા અને ત્યાં પણ લોહીના ડાઘ પડેલા જેને રૂ વડે ઘસી તેના સેમ્પલ લીધેલા. આ પુજારીના રૂમની બહાર આવેલ સંડાસ આગળ લઈ જતાં ત્યાં જોયેલ તો સંડાસની દિવાલ અને નીચે લોહીના ડાઘ હતા અને ત્યાં એક ચપ્પલ પડેલ હતું જેના ઉપર લોહીના ડાઘ હતા અને તેના ઉપર વાળ ચોંટેલ હતા અને બાથરૂમમાં પણ વાળ પડેલ હતા જે પોલીસે કબજે કરેલ. સંડાસની સામે આવેલ દિવાલ ઉપર પણ લોહીના ડાઘ પડેલ હતા અને નીચે આવેલ જગ્યાએ ઘાસ ઉગેલ હતું અને માટી પડેલ હતી જે લોહી વાળી હતી જે માટી તથા ઘાસનું સેમ્પલ અને ડાઘાનું સેમ્પલ પોલીસે કબજે કરેલ. તેમજ આ દિવાલની બાજુમાં જોતાં કારેલાનો વેલો અને રીંગણના છોડ વાવેલ હતા. મંદિરના કોરીડોરમાં બીજા ત્રણ–ચાર રૂમો આવેલ હતા તેમાંથી એક રૂમમાં તેમને સુધાબહેન લઈ ગયેલ જ્યાં બારી બારણા હતા અને તેની દિવાલ ઉપર લોહીના ડાઘા હતા. આ રૂમને જોતાં તેમાં સુથાર, કડિયા અને લુહાર રહેતા

હોય તેવુ જણાયેલ. આ બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ.ના અધિકારીએ રૂ ના પુમડા વડે આ જગ્યાએથી લોહી કબજે કરેલ. સદર રૂમમાં એક ગાદલુ હતુ જે સફેદ કવરમાં હતુ અને તે લોહીથી ખરડાયેલ હતુ અને ત્યાં ગ્રે કલરનો અડધી બાંયનો શફારી શર્ટ હતો તે પણ લોહીથી ખરડાયેલ હતો. તેઓ આ રૂમમાં દાખલ થયેલ તે પહેલા આ રૂમની બહાર તુટેલુ તાળુ નીચે પડેલ હતુ. આ રૂમમાંથી મળેલ શર્ટ તેમજ ગાદલા પરનું કવર પોલીસે કબજે લીધેલ. રૂમની બહાર ઘાસ ઉગેલ હતી તેના ઉપર અને જમીન ઉપર લોહીના ડાઘ હતા જેના માટી સાથેના સેમ્પલ પોલીસે કબજે કરેલ. આગળ ચાલીને મંદિર પરિસરમાં આવેલા જયાં મહાકાળી માતાનું મંદિર હતું. ત્યા પણ બહાર લોહીના છાંટા પડેલ હતા અને લોહીનો રેલો સુકાયેલ અવસ્થામાં દેખાતો હતો. ત્યાં કાળા કલરનું ટીશર્ટ પડેલ હતુ તે પણ પંચનામાની રૂએ કબજે કરવામાં આવેલ. જયાં આરોપી રહેતા હતા તે રૂમમાં લઈ ગયેલ અને ત્યાં બાજુમાં પાણીની ટાંકી આવેલ છે જેમાં ઉપરના માળે લઈ ગયેલ અને ત્યાં જઈ જોયેલ તો રાચરચીલુ અને કપડા પડેલ હતા અને ત્યાં એક લોખંડનું પીપ પડેલ હતુ અને તે પીપની પાછળના ભાગે ધારિયુ પડેલ હતુ જે વાંસના હાથમાં ફીટ કરેલ હતુ અને આ ધારિયાના આગળના ભાગે સુકાયેલું લોહી જોવા મળેલ. આ ધારિયાનો આગળનો લોખંડનો ભાગ આશરે એકાદ ફુટ લાંબો હતો અને આ ધારિયાને જોતાં આગળથી સીધુ અણીવાળુ હતુ જે પોલીસે તેમની રૂબરૂ કબજે કરેલ. તે રૂમમાંથી બહાર નીકળતાં બહાર એક લોખંડનું કેન પડેલ હતુ અને ત્યાં સફેદ/ગ્રે કલરનો ફાટેલો શર્ટ હતો તેના ઉપર પણ લોહીના ડાઘ જોવા મળેલા. આગળના ભાગના પરિસરમાં પણ લોહીના ડાઘા જોવા મળેલા. આ બધી જગ્યાએથી લોહીના ડાઘા ઉપરથી <u>લોહી તેમજ મળી આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં અમારી રૂબરૂ કબજે કરેલા</u> જે વિગતે પંચનામું કરવામાં આવેલ. આ પંચનામાની કાર્યવાહી તેમની હાજરીમાં કરવામાં આવેલ અને આ પંચનામું વાંચીને સહી કરેલી. બીજા પંચ દશરથભાઈ મણિભાઈ પટેલ સાથે હતા. જે પંચનામું આંક–૭૭ થી રજુ છે. મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ વાળુ ગાભુ,

આર્ટિકલ નં.૨૧ વાળુ તાળુ, આર્ટિકલ નં.૨૪ વાળુ તુટેલુ તાળુ, આર્ટિકલ નં.૨૫ સફેદ કલરની ખોળ, આર્ટિકલ નં.૨૬ ગ્રે કલરનો સફારી બુશર્ટ, આર્ટિકલ નં.૩૦ એક કાળા કલરની અડધી બાંયની જરસી, આર્ટિકલ નં.૩૧ વાંસના હાથામાં ફીટ કરેલ ધારિયુ બતાવવામાં આવે છે જે મુદ્દામાલ પોલીસે તેમની હાજરીમાં કબજે કરેલ તેજ છે જેને ઓળખી બતાવી મુદ્દામાલ આર્ટિકલો ઉપર રહેલ પંચ સ્લીપો ઉપર કરેલ પોતાની સહીઓ ઓળખી બતાવી સંયુકત આંક–૭૮ થી રજુ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં પંચમાં રહેવા પોલીસ સવારે આઠ વાગે બોલાવવા આવેલી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવ પહેલા તેઓ ઘણી વખતે મંદીરે દર્શન કરવા જતા હતા. મરણ જનાર ચિમનભાઈ તેના કુટુંબી સગા થાય છે. મંદિરમાં કેટલા રુમ આવેલ છે તે ખબર નથી. તેમાં પહેલા કોણ રહેતું હતું તેની ખબર નથી.

**આમ,આ સાહેદની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસ મુજબનો બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન મળે છે અને તે અંગે તપાસ દરમ્યાન આંક–૭૭ વાળું પંચનામું ગુનાવાળી જગ્યાએ પોલીસે કરી જરુરી પુરાવાઓ એટલે કે ચીજવસ્તુઓ ત્યાંથી કબજે કરેલ છે. આંક–૭૭ ના પંચનામાને આ સાહેદ સમર્થન કરે છે. એવું પણ સાબિત થાય છે કે, બનાવવાળી જગ્યાએ થી પોલીસ દ્રારા વાંસના હાથામાં ફીટ કરેલું ધારીયું જેના આગળના ભાગે સુકાયેલું લોહી હતું તે કબજે કરેલ છે.**

**(૨૧) ઉપરોક્ત** તમામ બાબતના પુરાવાઓ એટલે કે ઈન્કવેસ્ટ પંચનામા , ડોકટરની જુબાની, બનાવવાળી જગ્યાનું પંચનામું તથા પંચ સાહેદોની જુબાની જોતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ચારેય ગુજરનારાનું મૃત્યુ આકસ્મીક કે કુદરતી ન હતું. પરંતુ એ ચારેયને ગળાના ભાગે ધારવાળા હથિયારથી ઈજા પહોચાડી મોત નીપજાવવામાં આવેલ છે. આરોપીઓ તરફે દલીલમાં પણ તેઓએ એડમીટ કરેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામાં, ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ગુજરનારની લાશો મળેલ હોવા સંબંધે કોઈ તકરાર

નથી. ઇ.પી.કો.ક. ૨૯૯ માં દર્શાવેલ વ્યાખ્યા મુજબ ગુનાહિત મનુષ્ય વધ હતો. ગુજરનારનુ મૃત્યુ તે અકુદરતી પ્રકારનુ હોય અને તે સ્પષ્ટ રીતે સાપરાધ મનુષ્યવધ એટલે કે કલ્પેબલ હોમીસાઈડમાં આવતુ હોય તે સંજોગોમાં મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર થાય છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ '**હકારમાં**' આપવામાં આવે છે.

**(૨૨)** હવે જયારે ગુજરનારનુ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ થયેલ હોવાનુ પુરવાર થયેલ હોય ત્યારે તે સાપરાધ મનુષ્યવધ ખુન છે કે કેમ ? તે અંગે ચર્ચા કરવાની થાય છે અને તે અંગેનુ કૃત્ય આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી કે ગુનાહીત કાવતરુ રચીને કરેલ છે કે કેમ અને તેની સામેના તહોમત મુજબનો ગુનો કરેલ છે કે કેમ તે અંગે પડેલ પુરાવાના આધારે નિર્ણય કરવાનો રહે છે.

ઉપરોકત વિગતે મુદ્દા નં.ર સંદર્ભે ચર્ચા કરવામાં આવે તો હાલના કેસની હકીકત જોતાં બનાવ નજરેજોનાર કોઈ પણ સાહેદ નથી અને ગુનાહીત કૃત્ય પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સાંયોગીક પુરાવાનો આધાર લેવાનો થાય તેમ છે. આ સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટના Sharad Birdhichand Sarda v. State of Maharashtra, (1984) 4 SCC 116 નો ચુકાદો જોવામાં આવે તો તેમા પેરા–૧૫૩ માં સાંયોગીક પુરાવા સંદર્ભેના પાંચ સુર્વણ સિધ્ધાંતોનો ઉલ્લેખ કરેલ છે તે નોંધવા જરૂરી છે. આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ તે સિધ્ધાંતો આજદિન સુધી લાગુ પડે છે અને વખતો વખત જુદા જુદા ચુકાદાઓમાં ઉપરોકત ચુકાદો અને તેના તે સિધ્ધાંતને લાગુ પાડવામાં આવેલ છે.

"153. A close analysis of this decision would show that the following conditions must be fulfilled before a case against an accused can be said to be fully established:

> **(1) The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. It may be noted here that this Court indicated that the circumstances concerned "must or should" and not "may be" established.** There is not only a grammatical but a legal distinction between "may be proved" and "must be or should be proved" as was held by this Court in Shivaji Sahabrao Bobade v. State of Maharashtra [(1973) 2 SCC 793 : 1973 SCC (Cri) 1033 : 1973 Crl LJ 1783] where the observations were made: [SCC para 19, p. 807: SCC (Cri) p.1047] "Certainly, it is a primary principle that the accused must be and not merely may be guilty before a court can convict and the mental distance between'may be' and 'must be' is long and divides vague conjectures from sure conclusions."
>
> (2) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty,
>
> (3) the circumstances should be of a conclusive nature and tendency,
>
> (4) they should exclude every possible hypothesis except the one to be proved, and
>
> **(5) there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused."**

ત્યારે ઉપરોકત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી હાલના કેસમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેના આક્ષેપ સાંયોગીક પુરાવા આધારે પુરવાર કરી શકે છે કે કેમ તે જોવાનુ રહે છે.

<u>**આરોપીના શરિરસ્થિતીના પંચનામાં**</u>

**(૨૩)** ફરિયાદપક્ષે **આંક–૩૨ થી પરમાર મહેશભાઈ લાલજીભાઈ,** (p.w.5)ને તપાસેલ છે. **આરોપી યાદવ ગોવિંદસિંહના શરિર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ નં.૧** છે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૫/૦૮/૨૦ના રોજ કડી પો.સ્ટે. સામે તેઓ મોચી કામ કરતા હોય પોલીસે બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી. જે પંચનામું આંક–૩૩ થી રજુ છે તેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ,એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર ઠરાવી ઉલટપતાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપતાં, સદર સાહેદ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરતા નથી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,પંચનામાની હકીકત વિશે તેઓ કંઈ જાણતા નથી. પોલીસના કહેવાથી સહી કરેલી.

**આંક–૩૩ ના પંચનામા હકીકતને તપાસ કરનાર અધીકારી સમર્થન કરે છે. આરોપી નં.૧ ની શરિરસ્થિતીનું પંચનામું છે પરંતુ પંચનામાની વિગતે તેની પાસેથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નથી. જે કડી પો.સ્ટે. કરવામાં આવેલું છે.**

**(૨૪)** ફરિયાદપક્ષે **આંક–૯૫ થી સુમરા પ્રવિણ ભોગાલાલ,** (p.w.25)ને તપાસેલ છે. <u>આરોપી નં.૨ ને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા દીલ્હી થી લાવેલ તે અંગે નું શરીરસ્થિતીનું પંચનામું કરેલ તેના પંચ સાહેદ છે.</u> તેઓ પોતાની સોગંદ

ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૫/૦૬/૨૧ના રોજ તેઓ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ કચેરી સામે ચા કીટલી પર પીવા ગયેલ હતા ત્યારે પોલીસે બોલાવેલ અને કડી બાજુમાં આવેલ ગામમાં ચાર મર્ડર થયેલ હતા. જે સંદર્ભે રાજકુમારીબેન ડીસ્કોને પકડી લાવેલ હતા અને તેની શરીરસ્થિતીનું પંચનામું કરેલ જે આ કામે આંક–૯૬ થી પંચનામું કરેલ તેમાં કરેલ પોતાની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પોલીસે પંચનામું તૈયાર કરી તેમાં સહી કરવાનું કહેતાં સહી કરેલી.

**(૨૫)** ફરિયાદપક્ષે **આંક–૮૮ થી અમરતભાઇ પમાભાઇ મકવાણા,** (p.w.22)ને તપાસેલ છે. <u>આરોપી નં.૨ રાજકુમારી ઉર્ફે ડીસ્કોના શરિરસ્થિતીના પંચનામાના પંચ સાહેદ છે.</u> તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૮/૦૮/૨૦૨૦ના રોજ પોલીસ સ્ટેશને ગયેલ પોલીસે તેમની પાસે લખેલ તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતાં તેમાં કરેલ તેમ જણાવી આંક–૭૫ના, આરોપી નં.૧નાએ ગુનાવાળી જગ્યા બાતવેલ તે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.ત્યારબાદ તા.૨૭/૦૬/૨૧ના ફરીથી પોલીસ સ્ટેશને પોતાના કામ અર્થે ગયેલ ત્યારે પણ તૈયાર કાગળમાં સહી કરાવેલ તેમજ જણાવી આંક–૮૯ના પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા જે મંજુર કરતાં ઉલટતપાસના પ્રશ્નો તેઓને પુછતાં તેઓએ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરેલ નથી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય તેઓ કંઇ જાણતા નથી.

**(૨૬)** ફરિયાદપક્ષે **આંક–૯૦ થી અલ્પાબેન નરેશભાઇ પટણી,** (p.w.23)ને તપાસેલ છે. જેઓ આરોપી નં.૨ રાજકુમાર ઉર્ફે ડીસ્કોના શરીરસ્થિતીના પંચનામાના બીજા પંચ સાહેદ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૭/૦૬/૨૦૨૧ના રોજ તેની શાકભાજીની લારી ઉપર પોલીસ આવેલ અને તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતાં આંક–૮૯ વાળા પંચનામામાં તેણીએ કરેલ સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા જે મંજુર કરતાં ઉલટતપાસના પ્રશ્નો તેઓને પુછતાં તેઓએ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરેલ નથી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય તેઓ કંઈ જાણતા નથી.

**આંક–૮૯ ના પંચનામા હકીકતને તપાસ કરનાર અધીકારી સમર્થન કરે છે. આરોપી નં.૨ ની શરિરસ્થિતીનું પંચનામું છે પરંતુ પંચનામાની વિગતે તેની પાસેથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નથી. જે કડી પો.સ્ટે. કરવામાં આવેલું છે.**

## આરોપી નં.૧ ઓળખ પરેડના પંચ

**(૨૭)** ફરિયાદપક્ષે આરોપી નં.૧ ઓળખ પરેડના પંચ **આંક–૪૬ થી પટેલ ભીખાભાઇ બાબુભાઇ,** (p.w.6)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૯/૦૮/૨૦ના રોજ તેઓ ઘરે હતા ત્યારે સમાજના એક ભાઇએ તેઓને બોલાવેલ અને તેઓ ૧૧ વાગે મામલતદાર કચેરી કડી પહોચેલા. જેમાં તેમના બાપુજી ચિમનલાલ સોમદાસનું મહાકાળી મંદીર ભૈરવ ટેકરી ખાતે ખુન થયેલ. સાહેદ નં.૧ દીલીપ

ઈશ્વરભાઇ પટેલ (૨) અંબુજી ચેહુજી સોઢા (૩) ભપેન્દ્રભાઇ પ્રવિણભાઇ જોષી મારફત આરોપી ગોવિંદસિંહ ઉર્ફે મહેન્દ્રસિંહની ઓળખ પરેડ કરાવેલ તેમાં હાજર ઇસમોએ ચાર પાંચ જણાની વચ્ચેથી મંદીરે કામ કરતા માણસને ઓળખી બતાવેલ. પંરતુ હાલ તેઓ તે વ્યકતિને ઓળખી શકે નહી તેમ જણાવી આંક-૪૭ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મરણ જનાર ચિમનભાઇ તેઓના મોટા બાપા થાય છે. પોલીસે તે દિવસે મામલતદાર કચેરી આવવાની જાણ કરેલી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, ત્યાં મામલતદાર સાહેબ પંચનામું લખાવતા હતા અને કલાર્ક ટાઇપ કરતો હતો અને મામલતદાર સાહેબે સહી કરવાનું કહેતાં સહી કરેલી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેઓ  મામલતદાર કચેરી જઇ સહી કરીને નિકળી ગયેલા. મામલતદાર કચેરી જઇ સીધા મામલતદારની ચેમ્બરમાં ગયેલા, સહી કરી પરત ત્યાંથી નિકળી ગયેલા. એ વાત ખરી ન હોવાનું જણાવેલ છે કે,તેમની રુબરુ કોઇ માણસો ઉભા રાખેલ હોય અને તેમની વચ્ચેથી કોઇ ઇસમને ઓળખી બતાવેલ હોય તેવું બનેલ નહી.

**આમ તેઓ આંક-૪૭ વાળા ઓળખ પરંડના પંચનામા હકીકતને સમર્થન કરે છે. આંક-૪૭ના પંચનામાં મુજબ આરોપી નં.૧ ની ઓળખ પરેડ તા.૧૯/૮/૨૦ના એકઝી.મેજી.કડી રુબરુ કરવામાં આવેલ અને આરોપી નં.૧ ને સાહેદ દીલીપભાઇ ઇશ્વરભાઇ પટેલ તથા અંબુજી ચેહુજી સોઢા તથા ભુપેન્દ્રભાઇ પ્રવિણભાઇ જોષીનાએ ઓળખી બતાવેલ તે અંગેનું છે.**

**(૨૮)** ફરિયાદપક્ષે **આંક-૪૮ થી પટેલ આત્મારામ પુંજાભાઇ,** (p.w.7)ને તપાસેલ છે. <u>જેઓ આંક-૪૭ આરોપી નં.૧ ના ઓળખ પરેડના પંચનામાના બીજા પંચ સાહેદ છે</u>. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૯/૦૮/૨૦ના રોજ તેઓ ઘરે હોય અને તેઓને મામલતદાર કચેરીએ

લઈ ગયેલા. ત્યાં કેટલાક લોકોને લાઈનમાં ઉભા રાખેલા અને પંચનામામનું લખાણ કરાવેલ અને તેમાં સહી કરેલી. આ સમયે ભીખાભાઈ પણ જોડે હતા. જે પંચનામું આંક–૪૭ થી રજુ છે તેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ,એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર ઠરાવી ઉલટપતાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપતાં, સદર સાહેદ સદર પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરતા નથી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,ગામના લોકો મામલતદાર કચેરીએ કામ માટે ગયેલા અને તેઓને લઈ ગયેલા, ત્યાં એક લખાણમાં સહી કરાવેલી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે તેની રુબરુ કોઈ માણસો ઉભા રાખી ઓળખી બતાવેલ હોય તેવું બનેલ નથી. તેઓ મામલતદાર કચેરી ૧૦ થી ૧૫ મીનીટ રોકાઈ ત્યાંથી નિકળી ગયેલા.

**આમ આ પંચ સાહેદ આરોપી નં.૧ની ઓળખ પરેડ ના પંચનામાની હકીકતને આંશિક રીતે સમર્થન કરે છે.**

**(૨૯)** ફરિયાદપક્ષે **આંક–૯૨ થી રાકેશકુમાર મનુભાઈ ભટ્ટ,** (p.w.24)ને તપાસેલ છે. જેઓ આરોપી નં.૨ ની ઓળખ પરેડના આંક–૯૩ વાળા પંચનામાના પંચ સાહેદ છે જે પંચનામું તા.૨૯/૦૬/૨૧ના કરવામાં આવેલ છે. જેમાં પંચનામા મુજબ આરોપી ન.૨ ને સાહેદ પટેલ દીલીપભાઈ ઈશ્વરભાઈ, સાહેદ જોષી ભુપેન્દ્રભાઈ પ્રવિણભાઈ તથા સાહેદ શકન્તલાબેન દીલીપભાઈ પટેલ નાઓએ ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ છે. પંરતુ આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯/૦૬/૨૧ના રોજ તેઓ તાલુકા સેવા સદન ખાતેથી પસાર થતા હતા ત્યારે મામલતદાર ઓફીસનો પટાવાળો તેઓને પંચમાં રહેવા કહેતાં તેઓ ગયેલા. ત્યાં મામલતદારશ્રીએ પાંચ સ્ત્રીઓ ઉભી રાખેલ ત્યાં હાજર ઈસમે આ પાંચ સ્ત્રીઓની વચ્ચે ઉભી રાખેલ આરોપીને ઓળખવાનું કહેતાં જેમાંથી

તેમાંથી એક બહેનને ઓળખી બતાવેલ, જેનું આખુ નામ યાદ નથી. પરંતુ કુમારી તરીકે બોલાવતા હતા. આ ત્રણ જણાએ આ બહેનને વારાફરતી ઓળખી બતાવેલ. આ પંચનામાને ચાર વર્ષ થયેલ હોય કયા બહેનને ઓળખી બતાવેલ તે યાદ નથી. તેની સાથે બીજા પંચ એક બહેન હતા. જે અંગેનું આંક–૯૩ થી પંચનામું કરેલ તેમાં કરેલ પોતાની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પંચનામું ટાઈપ રાઈટરથી લખેલું તેમાં માત્ર સહી કરેલ.

**આમ આ પંચ સાહેદ આરોપી નં.૨ની ઓળખ પરેડના પંચનામાની હકીકતને આંશિક રીતે સમર્થન કરે છે.**

(૩૦) ફરિયાદપક્ષે **આંક–૬૧ થી પટેલ દિલીપભાઈ ઈશ્વરભાઈ,** (p.w.12)ને તપાસેલ છે. તેઓ ઓળખ પરેડના સાહેદ પણ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તે મોજે કડી ખાતે પરિવાર સાથે રહે છે અને એન.કે.પ્રોટીન પ્રાયવેટ લીમી.મા ડ્રાયવર તરીકે કંપનીની બોલેરો ગાડી ચલાવે છે અને તેમના કુટુંબનુ ગુજરાન ચલાવે છે. તે કુલ પાંચ ભાઈ બહેનો હતા. જેમા હાલના બનાવમા મરણ જનાર પટેલ શર્મીષ્ઠાબેન જે માતાજી તરીકે ઓળખાતા હતા અને તેઓના લગ્ન કરેલ ના હતા. તેઓ કડી નંદાસણ રોડ પર આવેલ ભૈરવ ટેકરી ખાતે મહાકાળી મંદીર મોતીબા આશ્રમમા સાધ્વી તરીકે સંન્યાસી જીવન ગુજારતા હતા અને ત્યા પુજાપાઠ કરતા હતા. સને ૨૦૦૪ મા આ મંદીરમા ચાર જણાના ખુન થયેલ. આ મંદીરમા રહેતા તેમજ ચીમનદાદા કે જેઓ આ મંદીરના માલીક હતા તેમજ મંદીરમા બાંધકામ કરનાર કોન્ટ્રાકટર મોહનભાઈ નાઓ તેમજ મંદીર ખાતે સેવા કરતા કરમણભાઈનાઓનુ ખુન થયેલ. બનાવ બન્યાના બીજા દિવસે રાત્રે તેમને આ અંગે ખબર પડેલી અને નોકરીથી ઘરે આવેલા. આ મંદીર ખાતે જે શમીષ્ઠાબેન રહેતા તે તેના સગા બેન થતા હતા અને મંદીર ખાતે તેઓની

લાશ મળી ના આવતા પોલીસ તેમના માતા પિતાને લઈ ગયેલ હતી અને બીજા દિવસે મંદીરના સંડાસમા તપાસ કરતા તેમાથી તેમની બેન શર્મીષ્ઠાની લાશ મળી આવેલી. તેઓ આ બનાવ પહેલા પણ અમુક વખત આ મંદીરે જતો હતો. આ મંદીર ખાતે અન્ય બે ઈસમો પણ રહેતા હતા, જેમના નામ મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવીંદસિંહ તેમજ રાજકુમારીબેન નાઓ રહેતા હતા. તે મંદીરે દર્શન કરવા જતો હતો તે વખતે એક બે વાર મંદીરે જોયેલ હતા, આ બંને જણા મધ્યપ્રદેશના રહેવાસી હતા. બાદમા છાપામાં આવેલ સમાચાર વડે તેમને જાણવા મળેલ કે આ મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવીંદસિંહ અને રાજકુમારીબેનનાઓ મંદીર માંથી બધુ લુંટી અને ભાગી ગયેલ છે. આ બંને આરોપીઓને પકડયા પછી પોલીસે તેમને મામલતદાર કચેરીએ આ આરોપીઓની ઓળખ કરવા માટે બોલાવેલા. મામલતદાર કચેરીમાં સાત આઠ પુરુષોને લાઇનમાં ઉભા રાખેલા, તે વખતે તેમને જણાવાયેલ કે મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવીંદસિંહને કાડું પકડીને ઓળખી બતાવો. તેથી તેણે આ સાત આઠ પુરુષોની વચ્ચેથી આ મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવીંદસિંહને તેનુ કાંડુ પકડીને ઓળખી બતાવેલ. આ અંગે ત્યા લખાણ પણ કરાયેલુ. તેણે મંદીર ખાતે કામ કરનાર મહેન્દ્રસિંહનાઓને જે ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલ હતા તેને કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે બનાવ સને ૨૦૦૪ મા બનેલ અને પોલીસે તેમની પુછપરછ સને ૨૦૨૦ મા કરેલી, તેણે બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મંદીર ખાતે જ્યારે તેઓ દર્શન કરવા જતા હતા ત્યારે ત્યા કામ કરતા જુના અને નવા માણસો જોવા મળતા હતા. ખેતી કામમાં મજુરી માટે મધ્યપ્રદેશમાંથી આવનારા લોકો કામ કરતા હતા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેણે ગોવીંદભાઈનું જે નામ જણાવેલ છે તે પેપર મા વાંચીને જણાવેલ છે. ગોવીંદભાઈ તેમજ રાજકુમારીબેન કયા રહેતા હતા તેની તેમને ખબર છે ? તેના જવાબમાં જણાવેલ છે કે,તે મંદીરે જતો હતા હતો

ત્યારે તેણે તેમને મંદીરમાં જોયેલ અને આ બંને જણા બનાવ સમયે મંદીરમા રહેતા હતા.

**આમ તેઓ ઓળખ પરેડની હકીકતને તથા આરોપીની બનાવ પહેલા મંદીરે જોયાની હકીકતને સમર્થન કરે છે.**

**(૩૧)** ફરિયાદપક્ષે **આંક-૬૨ થી પટેલ શકુન્તલાબેન દીલીપભાઈ,** (p.w.13)ને તપાસેલ છે. <u>તેઓ ઓળખ પરેડના સાહેદ પણ છે.</u> તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ મોજે કડી ખાતે પરિવાર સાથે રહે છે અને કડી ખાતે બ્યુટી પાર્લર ચલાવે છે અને તેમના કુટુંબનુ ગુજરાન ચલાવે છે અને તેમના પતિને કુલ પાંચ ભાઈ બહેનો હતા. જેમા હાલના બનાવમા મરણ નાર પટેલ શર્મીષ્ઠાબેન જે માતાજી તરીકે ઓળખાતા હતા અને તેઓના લગ્ન કરેલ ના હતા. તેઓ કડી નંદાસણ રોડ પર આવેલ ભૈરવ ટેકરી ખાતે મહાકાળી મંદીર મોતીબા આશ્રમમા સાધ્વી તરીકે સંન્યાસી જીવન ગુજારતા હતા અને ત્યા પુજા પાઠ કરતા હતા. સને ૨૦૦૪ મા તેણી ઉંટવા રોડ ઉપર આવેલ આ ભૈરવ ટેકરીવાળા મંદીરે અવાર નવાર દર્શન કરવા જતી હતી. આ મંદીરના ટ્રસ્ટી ચીમનભાઈ તેમજ સમતાનંદ સાધ્વી તેમજ જે કોન્ટ્રાકટર મંદીર બનાવતા હતા તે કરમણ ભાઈ રહેતા હતા. <u>સૌ પ્રથમ આ રાજકુમારીબેન મંદીર ખાતે આવેલા અને ત્યારબાદ તેઓના પતિ મહેન્દ્રસિંહ નાઓઓને મંદીરે બોલાવેલા અને મહેન્દ્રસિંહનાઓ મંદીરના ચોકીયાત તરીકે કામ કરતા હતા અને તેઓના પત્ની રાજકુમારીબેન મંદીર ખાતે કચરાપોતા અને સાફ સફાઈની કામગીરી કરતા હતા. પોતે મંદીરે અવાર નવાર જતી હોય તેઓને મંદીર ખાતે જોયેલા.</u> મહેન્દ્રસિંહ નાઓ મંદીરે આવ્યા બાદના આશરે એકાદ અઠવાડીયા બાદ મંદીર ખાતે રહેતા ચાર જણાનુ ખુન થયેલ. જેમા ચિમનદાદાનુ ખુન થયેલ તેમની લાશ મંદીરના હોલમા હતી <u>તેણીની નણંદ</u> શમીષ્ઠાબેનની લાશ સંડાસમા હતી અને આ સંડાસ ને બહારથી લોક કરેલ હતી અને કરમણભાઈ અને મોહનભાઈની લાશ સ્ટોર રૂમમા ગોદડાઓની નીચેથી મળી આવેલ હતી. આ બનાવ બન્યો તે

રાત્રે પોલીસ સેંદરાણા મુકામે આવેલી અને તેણીના સાસુ રઈબેન અને સસરા ઈશ્વરભાઈનાઓને મહેસાણા લઈ ગયેલી. તે દરમ્યાન મંદીરમા તપાસ કરતા તેની નણંદ શમીષ્ઠાની લાશ મંદીરના સંડાસ માથી મળી આવેલી. તેણીને તા. ૨૯/૬/૨૧ ના રોજ મામલતદાર ઓફીસે કડી ખાતે બોલાવવામાં આવેલ અને ત્યા રાજકુમારીબેનને ઓળખ માટે બોલાવવામાં આવેલ ત્યાં એક રૂમમા મામલતદાર બેઠેલ હતા અને એક ભાઈ ટાઈપ કરતા હતા અને આ રૂમમા છ સ્ત્રી ઓને એક લાઈનમા ઉભી રાખેલી અને તેમાથી પોતે આ રાજકુમારીબેનને મામલતદાર રૂબરૂ ઓળખી બતાવેલા. મામલતદાર સાહેબે આ બેનનુ નામ અને વિગતો પુછેલી અને આ કાર્યવાહીનુ લખાણ કરાયેલુ. તેણી મંદીર ખાતે કામ કરતા જે રાજકુમારીબેનને મામલતદાર રૂબરૂ ઓળખી બતાવેલ. તેમ જણાવી આરોપી નં.૨ ને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. પોતે મંદીરે દર્શન કરવા જતી ત્યારે મહેન્દ્રભાઈને પણ જોયેલા અને તેઓને ઓળખી શકે તેમ જણાવી કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવ તેણીએ નજરે જોયેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મંદીર ખાતે ચાર ઇસમોના ખૂનનો બનાવ ૨૦૦૪માં બનેલો અને પોલીસે તેનો જવાબ ૨૦૨૦માં લીધેલો. એક પ્રશ્નના જવાબમાં તેણી જણાવે છે કે, તેણી અવાર નવાર મંદીરે દર્શન કરવા જતી હતી અને મંદીરમાં ખુનનો બનાવ બનેલ તે જ દિવસે આ બંને જણા મંદીરેથી ગાયબ થઇ ગયેલા. તેથી તેણી જણાવે છે કે, મહેન્દ્રભાઇ અને રાજકુમારી બેને મંદીર ખાતે બનેલ બનાવમાં ચાર જણાના ખૂન કરેલા છે.

આમ તેઓની રુબરુમાં ઓળખ પરેડ થયાની હકીકતને તથા આરોપીઓને અગાઉ મંદીરે કામગીરી કરતાં જોયેલ હોવાની હકીકતને સમર્થન કરે છે તેમજ બનાવ બાદ ગુજરનારની લાશો પણ જોયેલ હોવાની હકીકતને સમર્થન કરે છે.

**(૩૨)** ફરિયાદપક્ષે **આંક-૬૩ થી શોઢા અંબુજી ચેહુજી,** (p.w.14)ને તપાસેલ છે.<u>તેઓ ઓળખ પરેડના સાહેદ પણ છે.</u> તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તે મોજે સરસાવ મુકામે પરીવાર સાથે રહે છે અને તેમને સાત વીઘા જેટલી જમીન આવેલ હોય જેમા ખેતી કરી કુટુંબનુ ગુજરાન ચલાવે છે, સને ૨૦૦૪ મા ભૈરવ ટેકરી ખાતે આવેલ મોતીબા આશ્રમમા ચાર ખુન થયેલ અને જેમા ચીમનભાઈ તથા માતાજી તથા કોન્ટ્રાકટર મોહનભાઈ અને મજુર કરમણભાઈ નાઓનુ થયેલ. બનાવ પહેલા અવાર નવાર મંદીરે દર્શન કરવા જતો હતો. આ મંદીર ખાતે મહેન્દ્રભાઈ ઉર્ફે ગોવીંદસિંહ સેવા ચાકરી કરતા જયારે રાજકુમારીબેન મંદીરમા કચરા પોતાનુ કામ કાજ કરતા હતા. દોઢેક વર્ષ પહેલા પોલીસે તેને મામલતદાર કચેરી કડી ખાતે બોલાવેલ. આરોપીઓને પકડેલ હોય તેઓની ઓળખ કરાવવા માટે મામલતદાર કચેરી કડી ખાતે બોલાવેલ. મામલતદારની ઓફીસમા આશરે છ લોકોને એક લાઈનમા ઉભા રાખેલા જયારે બે જણા બાજુમા ઉભેલ હતા અને તેણે ઉભા થઈ આ છ લોકોની લાઈનમાથી આરોપી મહેન્દ્રસિંહનો હાથ જાલી તેને ઓળખી બતાવેલ. મામલતદાર સાહેબે ટાઈપ કરી આ અંગેનુ લખાણ કરેલુ અને ત્યારબાદ તેઓએ આ લખાણ વાંચીને તેમા સહી કરેલી તેમ કહી કોર્ટમા આરોપી મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવીંદસિંહનાઓને ઓળખી બતાવે છે. પોલીસે તેઓની પુછરપછ કરેલી અને જવાબ લીધેલો.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મંદીર ખાતે ૨૦૦૪માં બનાવ બનેલ તે નજરે જોયેલ નથી. સાહેદ જણાવે છે કે બનાવ બાદ તેઓ મંદીરે ગયેલા ત્યારે ચારેય જણાની લાશો જોયેલી.

**આમ આ સાહેદ પણ વર્ષ ૨૦૨૦માં આરોપીની ઓળખ પરેડ થયાની હકીકતને સમર્થન આપે છે. તેમજ બંને આરોપીઓ મંદીરે વર્ષ-૨૦૦૪માં કામ કરતા હોવાની હકીકતને સમર્થન આપે છે.**

(૩૩) ફરિયાદપક્ષે **આંક-પ૩ થી જોષી ભુપેન્દ્ર પ્રવિણચંદ્ર,** (p.w.10)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ઉંટવા ગામે પરિવાર સાથે રહે છે અને તેમને ૧૨ વિઘા જમીન આવેલ હોઈ તેમાં ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ઉંટવાથી કડી જતા રોડ ઉપર આવેલ ભૈરવદાદા તથા મહાકાળી માતાનું મંદિર આવેલ છે ત્યાં તે સને-૨૦૦૨ થી મંદિર બન્યુ તે સમયથી દર્શન કરવા માટે જતો હતો ત્યાં પટેલ ચીમનલાલ રહેતા હતા જેઓ મંદિરનો વહીવટ કરતા હતા તેમજ સાંઈબાબાનું મંદિર બનાવવાનું કામ કરનાર એક મારવાડી ભાઈ જેનું નામ મોહનભાઈ હતુ તે રહેતો હતો તેમજ આ મંદિરમાં એક સાધ્વીબેન રહેતા હતા જેમનું નામ શર્મિષ્ઠાબેન હતુ તેમજ એક સેવક પણ ત્યાં રહેતા હતા જે વાંજ ગામનો રહેવાસી હતો તેમજ ત્યાં બીજા કામ કરનાર મજુરો રહેતા હતા જેઓને તે મંદિરે દર્શન કરવા જતો હતો ત્યારે જોતો હતો. વર્ષ – ૨૦૦૪માં મંદીરમાં ચાર જણાના મર્ડર થયેલા જેમાં ચિમનલાલ પટેલ, મોહનભાઇ, સાધ્વી શર્મિષ્ઠાબેન અને વાંજ ગામના સેવક કર્મણભાઇના મર્ડર થયેલા. આ કેસના ગુનામાં આરોપી યાદવ જે બનાવ વખતે મંદીરમાં રહેતો હતો તેને પોલીસે પકડેલ, તેની ઓળખ પરેડ કરવા માટે તેઓને મામલતદાર કચેરીએ બોલાવવામાં આવેલ અને ત્યાં જઈ તેઓને ઓળખેલ. તે મામલતદાર કચેરી ગયેલ ત્યારે ત્યાં છ-સાત જણાને એક લાઈનમાં ઉભા રાખેલા અને મામલતદાર સાહેબે તેને આ છ-સાત જણામાંથી <u>યાદવભાઈને</u> ઓળખી બતાવવાનું કહેતાં તેણે તેઓને ઓળખી બતાવેલા. આ સમયે તેણે આ યાદવભાઈને ઓળખી બતાવેલ ત્યારે ત્યાં બે પંચો હાજર હતા અને તેઓની હાજરીમાં આ ઓળખ અંગેની કાર્યવાહી કરાયેલ. કોર્ટમાં બેસેલ લોકોમાંથી આરોપીના કઠેડામાં બેઠેલ અન્ય આરોપીઓની વચ્ચેથી સાહેદ આરોપીને ઓળખી બતાવેલ છે,<u>જેનું નામ પુછતાં પોતાનું નામ યાદવ મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવિંદસિંહ હોવાનું જણાવે છે</u>. આ ઈસમ બનાવ સમયે મંદિરમાં કામ કરતો હોઈ ઓળખી બતાવેલ છે. મામલતદાર કચેરીએ તેણે જયારે આરોપીને ઓળખી બતાવેલ ત્યારે મામલતદાર સાહેબે લખાણ કરી સહી લીધેલી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેઓને પો. સ્ટેશનથી મામલતદાર કચેરીએ હાજર રહેવા જણાવવામાં આવેલ. ત્યારે તેની સાથે બીજા બે ત્રણ જણા પણ આવેલા. તે પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે ત્યાં પોલીસ સ્ટાફના માણસો હાજર હતા. ત્યારબાદ કલાક પછી મામલતદાર ઓફિસે ગયેલા. તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મામલતદાર સાહેબે તેને એવી સમજ આપેલી કે તમો યાદવ મહેન્દ્રસિંહને ઓળખો છો તો તમારે તેની ઓળખ કરવાની છે, તે મંદિરે દર્શન કરવા જતો ત્યારે આ યાદવ મહેન્દ્રભાઈ અને તેની પત્ની રાજકુમારીબેન બંને જણા ત્યાં કામ કરતા હતા. તેઓ સને–૨૦૦૨ થી આ મંદિરે દર્શન કરવા જતા હતા ત્યારથી આ લોકોને ત્યાં જોતા હતા. સાહેદ જણાવે છે કે મંદિર ખાતે ચાર જણાના મર્ડરનો બનાવ બનેલ તેના એકાદ મહીના પહેલાથી આ બંને જણા મંદિરે કામકાજ કરવા માટે આવેલા તેથી તેણે તેઓને જોયેલા. તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મામલતદાર કચેરીએ છ સાત જણા મામલતદાર કચેરીએ લાઈનમાં ઉભા હતા અને તેની વચ્ચેથી તેણે મહેન્દ્રભાઈને ઓળખી બતાવેલા. સાહેદ જણાવે છે કે, આ પંચનામા વખતે મામલતદારે તેનું નામઠામ પુછેલ. તેણે આરોપીઓને ઓળખ્યા ત્યારબાદ તેને પોલીસને મળવાનું થયેલ નથી અને ત્યારબાદ તે પહેલીવાર નામ. કોર્ટમાં આવેલ છે, તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તે મંદિરે દર્શન કરવા જતો હતો તે રીતે તેની સાથે બીજા ઘણા લોકો પણ દર્શન કરવા જતા હતા. સાહેદ જણાવે છે કે, મંદિરે કોઈ સેવાની જરૂર હોય તો તે તેનું ટ્રેકટર મોકલતો હતો. પોલીસ સ્ટેશને તે એકલો બાઈક લઈને ગયેલ હતો. મામલતદાર ઓફિસ કડીથી અડધો કિ.મી. દુર આવેલ છે. મામલતદાર ઓફિસ ખાતે તેઓ અડધો–પોણો કલાક રોકાયેલા. તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મામલતદાર કચેરીએ મરણ જનારના કુટુંબવાળા અને બીજા દર્શન કરવા વાળા લોકોને ઓળખ પરેડ માટે બોલાવેલા. બંને આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, આરોપી રાજકુમારીની તે વખતે ઓળખ પરેડ કરવામાં આવેલ ન હતી.

**આમ આ સાહેદ પણ વર્ષ ૨૦૨૦માં આરોપી નં.૧ ની ઓળખ પરેડ થયાની હકીકતને સમર્થન આપે છે. તેમજ બંને આરોપીઓ મંદીરે વર્ષ–૨૦૦૪માં કામ કરતા હોવાની હકીકતને સમર્થન આપે છે.**

## ગુજરનારની લાશો ઓળખી બતાવનાર સાહેદો

**(૩૪)** ફરિયાદપક્ષે **આંક–૪૯ થી પટેલ ઇશ્વરભાઇ ઉમેદભાઇ,** (p.w.8)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે ૧૮ થી ૧૯ વર્ષ અગાઉ તેઓની દીકરી શર્મીષ્ઠાબેન ગુજરી ગયેલ, શર્મિષ્ઠાને બે વખત સગાઇ કરેલ પરંતુ સગાઇ તુટી જતાં તેણીએ નકકી કરેલ કે લગ્ન કરવા ન હોય, તેણી ઉંટવા કડી રોડ ખાતે આવેલ આશ્રમે રહેવા ગયેલ. જે આશ્રમ ચિમનલાલ પટેલનો હતો. તેઓ વર્ષમાં બે ત્રણ વાર અમેરીકા જતા હતા. મંદીરમાં બીજા બે માણસો પણ રહેતા હતા. શર્મીષ્ઠાને ગળા પર ઇજાઓ થયેલ અને તેણી ગુજરી ગયેલી. તેમની દીકરીને ચાર જણાએ ગળા પર હથિયાર મારિને કાપી નાંખેલી. પોલીસ તેઓને લેવા આવતાં તેઓ આશ્રમે ગયેલા. તેઓ આશ્રમ ગયા ત્યારે દીકરીની લાશ સંડાસમાં પડેલી હતી અને લાશને ગળાના ભાગે ઇજાઓ થયેલી. <u>દીકરીએ ભગવા કપડા પહેરેલ હોય લાશ ઓળખી બતાવેલી.</u> આશ્રમમાં કામ કરવા રાખેલ ઇસમોએ તેમની દીકરીનું મર્ડર કરેલું. બનાવ વખતે પોલીસે જવાબ લીધેલો. દીકરીને તેમનો દીકરો દીલીપ ઇશ્વરભાઇ પટેલ અને તેમની પત્ની શંકુન્તલા બેન આશ્રમે મળવા જતા હતા.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી અને બનાવ વિશે કોઇ જાત માહીતી નથી. પોલીસ બનાવ સ્થળે લઇ ગયેલ ત્યારે બનાવની જાણ થયેલી.

**આ સાહેદ ગુજરનાર શર્મિષ્ઠાબેનના પિતા છે અને બનાવ બાદ તેણીની લાશ ઓળખી બતાવેલ છે.**

## <u>ગુજરનારના કપડા કબજે કર્યાના પંચ</u>

**(૩૫)** ફરિયાદપક્ષે **આંક–૫૦ થી પટેલ બાબુભાઇ નાગરદાસ,** (p.w.9) ફરિયાદપક્ષના કેસ મુજબ ગુજરનારના <u>પી.એમ.બાદ તેના કપડા ડોકટરે રજુ કરેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે.</u> તેઓને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૪/૦૪/૦૪ના રોજ પોલીસે કડી સીવીલ હોસ્પીટલ પી.એમ. રુમ આગળ બોલાવેલ અને એક તૈયાર પંચનામામા સહી કરાવેલ.જે પંચનામું આ કામે આંક–૫૧ થી રજુ છે તેમાં કરેલ સહી તેઓ ઓળખી બતાવી રજુ કરેલ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ,એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર ઠરાવી ઉલટપતાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપતાં, સદર સાહેદ સદર પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,પોલીસે તૈયાર પંચનામામા સહી કરાવેલી.

## <u>મુળ ફરિયાદી તથા અન્ય સાહેદ</u>

**(૩૬)** ફરિયાદપક્ષે **આંક–૮૩ થી પટેલ સુધાબેન ધરમેન્દ્રકુમાર,** (p.w.21)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ હાલમાં અમેરિકા મુકામે નબ્રાસ્કા સ્ટેટ માં ડે.વી.સીટી ખાતે તેઓ પરિવાર સાથે રહે છે અને બનાવ વખતે તેઓ તેમના પીયર બોરીસણા મુકામે રહેતા હતા. તેણીના લગ્ન ઉંટવા ગામના ધર્મેન્દ્રકુમાર ચીમનલાલ પટેલ સાથે થયેલ હતા. તેમના મોટા જેઠનું નામ કનુભાઈ, બીજા જેઠનું નામ દિનેશભાઈ, ત્રીજા જેઠનું નામ વિજયભાઈ છે અને તેણીના દીયર ભરતભાઈ છે જેઓ અમેરિકા મુકામે બનાવ સમયથી રહે છે. તેણીના સસરાનું ચીમનલાલ સોમચંદ પટેલ અને સાસુ સુરજબેન ચીમનલાલ પટેલ છે. બનાવના છ માસ અગાઉ તેણીના સસરા ચીમનભાઈ અમેરિકાથી ઉંટવા મુકામે આવેલા અને તેઓ ભૈરવ ટેકરી મોતીબા આશ્રમ ખાતે રહેતા હતા. આ મદિરો અને આશ્રમ તેના સસરાએ બનાવેલ હતુ. આ મંદિરમાં સેવા પુજા કરવા માટે માતાજી

સમતાનંદ રહેતા હતા અને બીજા કરમણભાઈ જેઓ મંદિરનું પરચુરણ કામ કરતા હતા અને મંદિરના કોન્ટ્રાકટર મોહનભાઈ જેઓ મંદિર બનાવવા ચણતરનું કામ કાજ કરતા હતા. બનાવના પંદર દિવસ અગાઉ એક ભાઈ મહેન્દ્રભાઈ અને તેમની પત્ની રાજકુમારીબેન એ રીતેના ત્યાં રહેવા આવેલા અને જેમાં બહેન મંદિરની સાફસફાઈનું કામ કરતા હતા અને મહેન્દ્રભાઈ કડી ખાતે કોઈ જગ્યાએ નોકરી કરતા હતા અને તેમને રાત્રિના સમયે મંદિરની સિક્યોરીટી માટે તેના સસરાએ કામ પર રાખેલા. તેણી અઠવાડિયામાં બે વાર મંદિરે બેસવા જતી હતી. બનાવ તા.૦૩/૦૪/૨૦૦૪ ના રોજ બનેલો. બનાવના દિવસે તેણી પીયર હતી અને તે વખતે કાકા સસરા બળદેવભાઈ મુખીનો સાંજના સમયે ફોન આવેલ અને તેઓએ જણાવેલ કે, મંદિર બંધ છે અને અંદરથી લોક છે, શું તારા સરારા બહાર ગયેલ છે ? જેથી તેણીએ જણાવેલ છે, મને ખબર નથી. ત્યારબાદ તેણીના કુવા વિષ્ણુભાઈ પટેલ તેણીને બોરીરાણા ગામે લેવા માટે આવેલા અને ત્યાંથી કડી પોલીસ સ્ટેશન થઈ ઉંટવા ગામે ગયેલા. તેણીએ ભૈરવ ટેકરી મંદિર જઈ જોયેલ તો ઘણા લોકોની ભીડ હતી અને મંદિરની પાછળની દિવાલ કુદિને અંદર ગયેલા અને તે વખતે તેમની સાથે બે–ત્રણ બીજા ઈસમ હતા અને એક પોલીસના માણસ પણ હતા. ત્યાં જઈ જોયેલ તો ઓફિસના દરવાજા ખુલ્લા હતા અને તેમાં અંદર જઈ જોયેલ તો તેના સસરા ચીમનભાઈની લાશ પડેલ હતી અને તેમને ગળાના અને મોઢાના ભાગે ઈજા હતી અને તેઓએ લુંગી પહેરેલ હતી ગરમ ટોપી પહેરેલ હતી અને તેમનો ખાટલો ઉભો કરેલ હતો અને લોહીના ડાઘા ખાટલા ઉપર તથા નીચે પડેલ હતા. ત્યારબાદ ત્યાં હાજર પોલીસ રૂબરૂમાં તેણીએ ફરિયાદ આપેલી. પોલીસવાળાએ બીજા પોલીસવાળાને બોલાવેલા, પછી પોલીસવાળાએ બધાને પુછેલ કે અહી કોણ કોણ રહેતા હતા અને ત્યારબાદ તે અંગે મંદિરમાં તપાસ કરેલી અને ત્યાર પાછલા ભાગમાં સંડાસમાંથી માતાજીની લાશ મળેલી, જેમને ગળાના આગળના ભાગે અને પાછળના ભાગમાં વાગેલ હતુ. ત્યારબાદ મંદિરની બાજુમાં આવેલ રૂમને જોતાં તેને લોક મારેલ હતુ તે લોક તોડી અંદર જઈને જોતાં તેમાં બે લાશો

<u>પડેલ હતી જેમાં કરમણભાઈ અને મોહનભાઈની લાશો પડેલ હતી</u>. અને તેઓને પણ ગળાના ભાગે વાગેલ હતુ. **આ મંદિર ખાતે જે બે કામ વાળા રાખેલા તેઓ મંદિર ખાતે આવેલ ગૅરેજના ઉપરના રૂમમાં રહેતા હતા. ત્યાં જઈ જોતાં સીડી ઉપર ચઢતાં ત્યાં લોહીના ડાઘા હતા અને તેઓના રૂમમાં લોહી વાળુ ધારિયા જેવું હથિયાર હતુ અને આ રુમમાં શોધખોળ કરતાં આ બે કામવાળા મહેન્દ્રભાઈ અને રાજકુમારી બહેનનાઓ મળી આવેલ નહી** અને <u>મંદિર ખાતે ચોરી થયેલ જેમાં મંદિરમાં આવેલ માતાજીના મુર્તિના ઘરેણાની અને મારા સસરાના ગળાની રુદાક્ષની માળા, ત્રણ વીંટીઓ તેમજ મારા સસરાના ઓફિસ વાળા રૂમમાં મુકેલ ટેપ, લેપટોપ વિગેરેની ચોરી થયેલ હોવાનું જણાયેલ અને મંદિર ખાતે રહેતા બધાજ ઈસમ મરણ પામેલ જોવા મળેલ, પરંતુ ત્યાં કામ કરતા મહેન્દ્રભાઇ અને રાજકુમારી બહેનનાઓ ત્યાં મળી આવેલ ના હોઈ અમને શક ગયેલ કે, તેઓ આ મંદિર ખાતેના બધાને મારી નાખી ચોરી કરી ફરાર થઈ ગયેલ હશે.</u> વધુમાં આંક-૮૪ થી આપેલ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. પોલીસે તેણીની પુછપરછ કરી જવાબ પણ લીધેલો. તેણી એ આ મંદિર ખાતેની લાશો ઓળખી બતાવેલી. આ બનાવવાળી જગ્યા તેણીએ પોલીસ રૂબરૂ બતાવેલી. મંદિર ખાતે જે બે કામ વાળા મહેન્દ્રભાઈ અને રાજકુમારી બહેનને તેણી જોયેથી ઓળખી શકે, કોર્ટમાં સૌથી છેલ્લી લાઈનમાં બેસેલ આઠ લોકો વચ્ચેથી પીળા કલરનો દુપટ્ટો ઓઢીને બેઠેલ બહેનને રાજકુમારી તરીકે ઓળખી બતાવેલ છે જયારે આરોપીઓના કઠેડામાં બેઠલ બે ઈસમો માંથી ગ્રે કલરનો શર્ટ અને ટોપી પહેરેલ ઈસમને મહેન્દ્રભાઈ તરીકે ઓળખી બતાવે છે. તેણી મંદિરે આવતી જતી રહેતી હતી અને તેથી આ બે ઈસમો ત્યાં કામે રાખેલ હોઈ અને તેણી પણ તેઓ સાથે બેસતી અને વાતચીત કરતી હોઈ તેઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેણી ગૅરેજના ઉપરના રૂમમાં જયાં આ બંને આરોપીઓ રહેતા હતા ત્યાં જે હથિયાર જોયેલ તે તેણીને બતાવવામાં આવે તો તેણી ઓળખી શકે. તેમ જણાવી મુદ્દામાલ આર્ટિકલ ધારિયું ઓળખી બતાવેલ છે. બનાવવાળી જગ્યાએથી પંચનામા દરમ્યાન મુદ્દામાલ આર્ટિકલ

નં ૧ જભ્ભો, આર્ટિકલ નં.ર વાળી લુંધી તથા આર્ટિકલ નં.૩ વાળી ગરમ ટોપી બતાવવામાં આવે છે તે જોઈને કહેલ કે, તે બનાવ સમયે તેના સસરા ચીમનભાઈએ પહેરેલ હતા તેજ કપડા હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેને મુદ્દામાલ આર્ટિકલ નં.૪, ૫ અને ૬ જે શીલ બંધ હાલતમાં છે તે ખોલી બતાવતાં જે તેણી ઓળખી બતાવેલ છે. તેને મુદ્દામાલ આર્ટિકલ નં.૭ અને ૮ જે શીલ બંધ હાલતમાં છે તે ખોલી બતાવતાં ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટિકલ નં.૯, ૧૦ જે શીલ બંધ હાલતમાં છે તે ખોલી ઓળખી બતાવેલ છે. તેને મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ વાળુ ગાભુ, આર્ટિકલ નં.૨૧ વાળુ તાળુ, આર્ટિકલ નં.૨૪ વાળુ તાળુ, આર્ટિકલ નં.૨૫ વાળી સફેદ કાપડની ખોળ, આર્ટિકલ નં.૨૬ વાળી સફારી બુશર્ટ તે પંચનામા દરમ્યાન આ તમામ વસ્તુઓ તેની હાજરીમાં કબજે લીધેલ તે જ છે તેમ જણાવી તેણી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,બનાવ વખતે તેણી બોરીસણા મુકામે તેણી પિયરમા રહેતી હતી. બનાવ સાંજના સમયે બનેલો. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે બનાવ વખતે મંદીર ખાતે તેણી હાજર ના હતી, તેના લગ્નને આશરે ૨૮ થી ૩૦ વર્ષ થયેલ છે, લગ્નના એક વર્ષ પછી તેના પતિ અમેરીકા ગયેલા, તેના પતિ અમેરીકાથી પરત આવેલ ના હોય તેણી પિયરમા રહેતી હતી. સાહેદ જણાવે છે કે તેણી તેના પિયરથી સાસરી આવતી જતી રહેતી હતી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે તેના મરણજનાર સસરા બનાવવાની જગ્યાના ટ્રસ્ટી હતા. આ મંદીરના ટ્રસ્ટી તરીકે તેના ઘરના બીજા સભ્યો હતા, એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે બનાવ બન્યો ત્યારે મંદીરનું કામકાજ તેમજ ધર્મશાળા બનાવવાનું કામકામ ચાલુ હતું, મંદીરનું કામકાજ ચાલુ હતુ ત્યારે બીજા ૫૦ થી ૬૦ મજુરો પણ કામ કરતા હતા અને તેઓ બીજા રાજ્યના હતા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કેલ તેના સસરાની જમીનમા કામકાજ કરવા બીજા ઘણા મજુરો આવતા હતા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે મંદીરની પાછળના ભાગે રહેવા માટે ૨૦ થી ૨૫

ઓરડીઓ હતી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે તેના સસરાનુ પી.એમ કેટલા વાગે અને થયેલ તેની તેણીને ખબર નથી.

**(૩૭)** ફરિયાદપક્ષે **આંક–૫૪ થી જોષી મહેન્દ્રભાઈ હીરાલાલ,** (p.w.11)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ મોજે ઉંટવા તા.કડી ખાતે પરીવાર સાથે રહે છે અને હાલમા નિવૃતીયમય જીવન ગુજારે છે. બનાવ વખતે તે ઉંટવા દુધઉત્પાદક સહકારી મંડળીમા મંત્રી તરીકે છેલ્લા ૧૮ વર્ષથી નોકરી કરતા હતા. તેમના ગામના ચીમનભાઈ સોમાભાઈ જેઓના દિકરાઓ અમેરીકામા રહે છે તેઓનુ ખેતર રોડ પર આવેલ હોય તેઓએ રોડની નજીકમા નીવાસી શાળાના આગળના ભાગે મહાકાળી માતાનુ મંદીર બનાવેલ છે અને તેની બાજુમા રુમો આવેલ છે. તેમા તેઓ રહેતા હતા. આ મંદીરમા પુજારી તરીકે માતાજી રહેતા હતા. અને ચીમનભાઈની સેવા કરવા સારૂ ભચાઉનો કરમણભાઈ રહેતો હતો અને તે સિવાય મંદરીમા કામ ચાલુ હોય કોન્ટાકટર મોહનલાલ અને તેમના મજુરો રહેતા હતા. આ મંદરીમા એક વોચમેન તેની પત્ની સાથે રહેતો હતો. આ કેસના બનાવમા મરણ જનાર પટેલ ચીમનભાઈ સોમદાસ તેઓ તેમના ગામના વતની હતા અને તેઓ ઉંટવા ગામે આવેલ મહાકાળી માતાના મં દીરે રહેતા હતા તેમજ આ મંદીરે કરમણભાઈનાઓ પટાવાળા તરીકે સેવા આપી મંદીર ખાતે રહેતા હતા. તેમજ આ મંદીર ખાતે ચણતરનુ કામ ચાલતુ હતુ તે મોહનભાઈ નામના ઈસમ કરતા હતા તેમજ આ મંદીર ખાતે સાધ્વી પણ રહેતા જેઓને લોકો માતાજી કહેતા હતા તેઓને તેઓ જોયેથી ઓળખે છે અને મંદીરે અવાર નવાર જતા હતા તેથી આ બધાને ઓળખે છે. આશરે ૧ ૮ થી ૨૦ વર્ષ અગાઉ બનાવ બનેલ. જેમા સાંજના સમયે મંદીર ખાતે આરતી

થયેલ નહી અને તે વખતે આ મંદરીની પાછળ આવેલ લીંબુડીવાળી જમીનમા રહેતા રાવળે ગામમા આવીને એક કરીયાણાની દુકાનવાળા પટેલ કનુભાઈને વાત કરેલ કે સવાર અને સાંજે આ મંદીરે કોઈ આરતી થયેલ નથી અને મંદીરના આગળના જાંપે તાળુ મારેલ છે. તેથી કાંઈક બનાવ બનેલ હોય તેવુ લાગેલ છે. આ વાત સાંભળી ગામના ૨૦ થી ૨૫ માણસો મંદીરે ગયેલા. મંદીરના આગળના ભાગે તાળુ હોય પાછળના ભાગે નીચલી દિવાલવાળી જગ્યાએ જઈ તેઓ બધા મંદીરમા પ્રવેશેલા અને જઈને જોયેલ તો મંદીરમા આવેલ વોશબેસીગમા લોહીના ડાઘા હતા અને ત્યારબાદ તેઓ મંદીર પાસે આવેલ ઓફીસમા ગયેલ. જયા જઈને જોયેલ તો ઓફીસ પાસેના કીચનમા પટેલ ચીમનભાઈ સોમાભાઈની લાશ પડેલી હતી અને તેઓને જોતા તેમને જડબાના અને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારથી મારેલ હોવાનુ જોવા મળેલ. મંદીરના અંદરના ભાગે આવેલ હોલમા જઈને જોયેતો આગળના ભાગે લોક હતુ તેથી પાછળના ભાગે એક બારી ખુલી હતી અને તેમાથી જોતા લોહીનો આખો લીસોટો દેખાયેલ અને તે સમયે પોલીસ પણ ત્યા આવી ગયેલ અને તેઓ આ બારીમા થઈને હોલમા પ્રવેશેલ અને તે તેઓએ દુર થી આ હોલની અંદરના ભાગે જોતા ૭ થી ૮ ગાદલા ઉપરા ઉપરી પડેલ હતા અને પોલીસે આ ગાદલા હટાવી જોતા નીચેના ગાદલાની અંદરના ભાગે મોહનભાઈ અને કરમણભાઈની લાશ હતી અને તેઓને પણ જડબા થી ગળા સુધીના ભાગમા તીક્ષ્ણ હથિયારથી ઘા મારેલ હોવાનુ જોવા મળેલ. કરમણભાઈની લાશ જોતા તેમને શરીરમા બે થી ત્રણ જગ્યાએ તીક્ષ્ણ હથિયારના ઘાની ઈજાઓ જોવા મળેલ. સાધ્વીબેન જોવા ના મળતા બધા મં દીરની ઓફીસના પાછળના ભાગે શોધવા ગયેલ અને ત્યા બાથરૂમમા સાધ્વીબેનની લાશ પડેલ હતી. અને તેઓને જોતા ગરદનના

પાછળના ભાગે તીક્ષ્ણ હથિયારથી ઘા વાળી ઈજા જોવા મળેલ. આ જગ્યાએ ઓફીસમા જોતા તીજોરી ખુલી હતી અને તેમા જોઈ વસ્તુ રાખેલ હતી તે કોઈ લઈ ગયેલ હોવાનુ જણાયેલ. આ મંદીરના બહારના ભાગમા મજુરો રહેતા હતા અને આ મંદીરે બે મહીના પહેલા મંદીર ની દેખભાળ રાખવા માટે બે માણસો જેમા પરપ્રાન્તીય પતિ અને પત્ની નાઓને મંદીરમા રાખેલ હતા. તેઓ જયારે મંદરીમા ગયેલ ત્યારે આ પતિ–પત્ની મંદીર ખાતે જોવા મળેલ નહી. તે અવાર નવાર મંદીરે ચીમનભાઈને મળવા જતો હતો તેથી આ પરપ્ર ાન્તીય પતિ પત્નીને જોયેલા તેથી તેમને જોયેથી ઓળખી શકે. કોર્ટમા બેસેલ લોકો માથી સાહેદે આંગળી ચીધીને **બે ઈસમોને ઓળખી બતાવેલ છે તેમનુ નામ પુછતા પોતાનુ નામ યાદવ રાજકુમારી ઉર્ફે ડીસ્કો ઉર્ફે સુરજ વા/ઓ ગોવીંદસિહ ઉર્ફે મહેન્દ્રસિંહ તેમજ આરોપીના કઠેડામા બેસેલ પોતાનુ નામ યાદવ ગોવીંદ સિહ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવીંદ સ/ઓ નંદરામ હોવાનુ જણાવે છે.** આ બંને ઈસમો બનાવ પહેલા મંદરી ખાતે કામ કરતા અને રહેતા હોય અને તેઓ મંદીરે જતા ત્યારે તેઓને જોયેલ હોય તેઓને ઓળખી બતાવેછે. બનાવ બાદ મરણ જનાર ચીમનભાઈના છોકરા સુનીલભાઈના ધર્મપત્ની સુધાબેને ફરીયાદ આપેલી. અને પોલીસે તેની પુછરપછ કરેલી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,તેઓ મંદીરે ગયેલ તે જ દિવસે પોલીસે જવાબ લીધેલો. સાહેદ જણાવે છે કે, તેની વિગતો તેણે આગળ લખાવેલ છે. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે મંદીર ખાતે બીજા ધણા માણસો પણ તેમની સાથે આવેલા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવની જાણ તેઓને કનેયાલાલ કેશવલાલ પટેલે કરેલી. **એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે તેઓ મંદીર અવાર નવાર દર્શન કરવા જતા હતા, તેઓ જ્યારે મંદીરે જતા ત્યારે બનાવમાં મરણ જનાર તેમજ આરોપીઓને ઓળખી બતાવેલ તેને જોયેલા.**

સાહેદે જણાવેલ છે કે તેઓએ આશરે ચારેક વાર આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓને જોયેલ હોય ઓળખી બતાવેલ છે. પોલીસે તેનો જવાબ લીધેલ ત્યારે સવારે પરોઢીયાનો સમય હતો. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે તેનુ નામ સરનામું પુછેલ બીજું કંઇ પુછેલ નહી. તે દવાખાને ગયેલ હોય અને પોલીસે તેની કોઈ કાગળો પર સહી કરાવેલ હોય તેવુ હાલ મને યાદ નથી. તે આ કોર્ટમા બીજી વખત જુબાની આપવા માટે આવેલ છે. ઉંટવા ગામે મંદીરે ગયા બાદ તે ફરીયાદી સુધાબેન સાથે પો.સ્ટે ફરીયાદ આપવા ગયેલ. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે  તે સિવાય બીજી કોઈ જગ્યાએ જવાનો પ્રસંગ બનેલ નહી. પોલીસે પુછપરછ કરેલ. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે તેના પોલીસ જવાબમાં એવી હકીકત લખાવેલ નથી કે મંદીરની પાછળ લીંબુડાવાળું ખેતર આવેલ, ગામમાંથી ૨૦-૨૫ માણસો ત્યાં ગયેલા અને મંદીર પાછળના ભાગે દિવાલ નિચી હોય ત્યાંથી કુદી મંદીરમાં પ્રવેશ કરેલ છે. મંદીર જઇ જોતાં વોશ બેસીનમાં લોહીના ડાઘા હતા અને ઓફીસ પાસે કીચનમાં લાશ પડેલ. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેણે તેના પોલીસ નીવેદનમા પોલીસ બારીમાંથી હોલમાં ઉતરેલ અને અમોએ હોલમા દુર થી અંદર જોતા ૭ થી ૮ ગાદલા પડેલ અને ગાદલાના નીચેના ભાગે મોહનભાઈ તથા કરમણભાઈ ગાદલાની અંદર હતા, તેવું લખાવેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે  તેણે બનાવ નજરે જોયેલ નથી. સાહેદ જણાવે છે કે તે બનાવ વાળી જગ્યાએ ગયેલ અને જે જોયેલ અને મંદીર ખાતે જતો ત્યારે તેણે જોયેલ તેની હકિકત લખાવેલ છે.

(૩૮) ફરિયાદપક્ષે **આંક-૬૪ થી પટેલ નરોત્તમભાઇ પારેખદાસ,** (p.w.15)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ સને ૨૦૦૪ ની સાલમા બનેલ. તેઓ  હોસ્ટેલમા રહેતો હતો ત્યા કનુભાઈ ચીમનભાઈ જેઓ તેની સાથે રૂમ પાર્ટનર તરીકે રહેતા હોય એકબીજાને પરીચય થયેલ અને  મિત્રતા થયેલ હતી. કનુભાઈ અવાર નવાર તેની દુકાન મહેસાણા ખાતે આવેલ છે ત્યા આવતા જતા હતા અને ત્યારબાદ

નંદાસણ કડી રોડ ઉટવા ગામે ભૈરવ ટેકરી ખાતે સને ૨૦૦૨ મા મહાકાળીના મંદીરની પ્રાણ પ્રતીષ્ઠા કરવામાં આવેલી અને તેમને આમંત્રણ આપવામાં આવેલું. કનુભાઈએ તેને જણાવેલ કે તેઓ અમેરીકા રહે છે અને તેના પિતા ચીમનલાલ મંદીર ખાતે રહેતા હતા અને તેમને કોઈ કામ કાજ હોય તો કરી આપજો અને તે દર પુનમે મંદીરે દર્શન કરવા જતો ત્યારે ચીમનભાઈને મળતો હતો અને તે દરમ્યાન પણ ચીમનભાઈને કોઈ કામ હોય તો તેને ફોન કરીને ચીમનભાઈ જણાવતા હતા. મંદીર ખાતે ચીમનદાદા તથા માતાજી સમતાનંદ તથા મહાકાળી માતાના મંદીર પાસે સાંઈબાબાના મંદીર બનાવવા માટે બોલાવેલ મોહનભાઈનાઓ પણ ત્યારે રહેતા હતા અને કરમણ ભાઈ નામનો સેવક પણ ત્યા મંદીર ખાતે રહેતો હતો. શરૂઆતમા આ ચાર જણા મંદીરમા રહેતા હતા. તે પુનમે મંદીરે દર્શન કરવા ગયેલ ત્યારે આ ચાર જણા ત્યા રહેતા હતા અને <u>ત્યારબાદ રાજકુમારીબેનને કામવાળી તરીકે મંદીરે કામ કરવા રાખેલ હતા અને ત્યારબાદ થોડા સમય બાદ તેના પતિ ગોવીંદસિંહને પણ મંદીરમા ચોકીદાર તરીકે કામ પર રાખેલા.</u> તે તેના ગામ વિજાપુરડા ગામે હતો તે વખતે તેને કનુભાઈના મામાના દિકરા પંકજભાઈએ ફોન કરીને જણાવેલ કે મંદીર ખાતે આરતી થયેલ નથી અને ત્યા કાંઈક બનાવ બનેલ છે. તેથી તે વહેલી સવારે  બાઈક ઉપર મંદીરે ગયેલ અને જોયેલ તો ઘણા માણસો અને પોલીસો ત્યાં હાજર હતા અને ત્યા જઈને સુધાભાભી અને ચિમનકાકાની પત્ની બા ને તે મળેલ અને તેઓ પાસેથી જાણવા મળેલ કે આ ચાર જણાના ખુન થઈ ગયેલ છે. તેઓની લાશ પીએમ કરવા માટે સરકારી દવાખાને મોકલેલ છે. તે દવાખાના ખાતે જઈ તેણે ચીમનભાઈની લાશ જોયેલી અને ત્યારબાદ તે મંદીરે પરત આવેલો અને તે સમયે આ બનાવવાળી જગ્યાએ પોલીસ પંચનામુ કરતી હતી ત્યા તેણે પોલસને જણાવેલ કે ચીમનદાદાના ગળામા રુદ્રાક્ષની સોનાની માળા અને ત્રણ સોનાની વીંટીઓ હતી તે જોવા મળેલ નથી અને તેમના રૂમમા રાખેલ આહુજા કંપનીનુ એમ્પલીફાયર અને કેમેરા પણ ના હતા તેમજ સીડી પ્લેયર પણ ના હતુ તથા લેપટોપ પણ જોવા મળેલ નહી આ મંદીર ખાતે તપાસ કરતા ઘણો બધો સામાન મળી આવેલ

નહી તેની ચોરી થયેલ હતી અને પોલીસે મંદીરમા તપાસ કરતા પાણીની ટાંકીની નીચે આવેલ રૂમ કે જે મહેન્દ્રભાઈ અને રાજકુમારીબેનને રહેવા આપેલ તેમાથી લોહીવાળુ ધારીયુ મળી આવેલુ. આ ધારીયુ તેણે જોયેલુ. આ ધારીયુ આપણા ત્યા જોવા મળતા ચાંચ વાળુ ધારીયુ ના હતુ પરંતુ થોડા વળાંક વાળુ સીધુ ધારીયુ હતુ. આ ધારીયુ પોલીસે કબજે કરેલ. આ મરણ જનાર ચીમનકાકા અને માતાજીની લાશને પીએમ માટે કડી મોકલેલા અને ત્યારબાદ આ લાશોને બરફ ના સ્ટોરમા રાખેલી અને કનુભાઈ અમેરીકાથી આવતા તેઓ તથા તેમના કુંટુંબનાઓએ આ લાશોની વીધીવત મરણોતર કાર્યવાહી કરેલી. આ મંદીરના ચીમનકાકા અને તેમના ભાઈ કાંતીકાકા અને કનુભાઈ,દિનેશભાઈ, માતાજી શમીષ્ઠાબેન અને તે પોતે એમ કુલ આઠ જણા ટ્રસ્ટી હતા. આ મંદીર ખાતે બનાવ બનતા તેઓ જયારે ગયેલ, ત્યારે મંદીરમા કામ કરતા આ મહેન્દ્રભાઈ તેમજ રાજકુમારી બેનનાઓ હાજર મળી આવેલ નહી અને તેથી લોકો પાસેથી એવુ જાણવા મળેલ કે સવારે જીપ બોલાવી આ બંને જણા સામાન ભરીને ત્યાથી જતા રહેલ છે. આ બનાવની ફરીયાદ સુધાબેને આપેલી અને પોલીસે પુછપરછ કરેલી. બંને આરોપીઓ મંદીરના ગેટ ની બાજુમા આવેલ પાણીની ટાંકીની નીચે આવેલ રૂમમા રહેતા હતા તે રૂમ માથી આ ધારીયુ મળેલુ જે તે જોયેથી ઓળખી શકે તેમ જણાવી તેને મુદામાલ આર્ટીકલ ધારીયું ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવના એક વર્ષના અરસામાં તેઓ મંદીરમાં ટ્રસ્ટી તરીકે હતા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પાણીની ટાંકી નીચે આરોપીઓના રુમમાંથી ધારૂયું મળી આવેલ અને તે તેણે જોયેલું તથા તે ચાંચ વાળું ન હતુ. પરંતુ થોડા વળાંકવાળું સીધું ધારીયું હતુ તેવું તેના નિવેદનમાં લખાવેલ ન હતું. મંદીરમાંથી શું શું ચોરી થયેલ તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, ચીમનદાદાના ગળામાં પહેરેલ સોનાની ચેન તથા મંદીરના દાગીના પણ જોવા મળેલ નહી. જેથી બનાવમાં મંદીરમાં ચોરી થયેલ છે. સાહેદ જણાવે છેકે મંદીરમાં બીજા ચાર લોકો સાથે આ બે આરોપીઓ

મહેન્દ્રસિંહ અને રાજકુમારી રહેતા હતા અને મંદીરમાં ખૂન થયા બાદ મંદીરના ગેટને લોક કરી ત્યાંથી ભાગી ગયેલા ત્યારે આરોપીઓએ જ આ કૃત્ય કરેલ હોવાનું કહી શકાય.

**આમ આ સાહેદ બનાવ બાદ ખબર પડતાં બનાવ સ્થળે ગયેલા અને ત્યાં ગુજરનારની લાશો જોયેલી. તેમજ અગાઉ જતા ત્યારે બંને આરોપીઓને કામ કરવા રાખેલ તે જોયેલ હતું.**

(૩૯) ફરિયાદપક્ષે **આંક–૬૭ થી પટેલ સુરેશભાઈ નટવરાલાલ,** (p.w.16)ને તપાસેલ છે. <u>બનાવના દીવસે સવારે આરોપીને જતા જોનાર.</u> તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૩/૦૪/૨૦૦૪ ના રોજ બનેલો તે દિવસે તે સવારે સાડા છ વાગે સાયકલ ઉપર ઘરેથી  નોકરી ઉપર જવા નીકળેલો અને ત્યારબાદ સાયકલ લઈને ભૈરવ ટેકરીના ઢાળ નજીક આવેલો અને તે વખતે ઢાળ ચઢતો હોઈ સાયકલ ધીમે ધીમે ચાલતી હતી તેવામાં નંદાસણ તરફથી એક જીપ આવેલી જે જીપ ગાડીએ ઓવર ટેક કરી ભૈરવ ટેકરી મોતીબા આશ્રમની બહાર જયાં પાણીના નળ હતા ત્યાં અને તેની બાજુમાં એક દરવાજો હતો ત્યાં એક પુરુષ તથા એક સ્ત્રી બંને જણા ઉભા હતા અને તેમની બાજુમાં એક સુટકેશ તથા બે સિમેન્ટની થેલીઓ પડેલ હતી અને તેમની નજીક ગેટ પાસે જીપ આવીને ઉભી રહેલ અને જીપમાંથી એક પુરુષ નીચે ઉતરેલો અને ત્યારબાદ ત્યાં ઉભેલા સ્ત્રી પુરુષ બેગ તથા સિમેન્ટની થેલીઓ જીપમાં મુકી અને તેઓ બધા જીપમાં બેસી ગયેલા અને પોતે સાયકલ લઈને થોડે આગળ ગયેલ અને ત્યાં ભૈરવ ટેકરીના મંદિરે બહારથી દર્શન કરી સાયકલ લઈને ઢાળથી નીચે ઉતરી ગયેલ અને તે સાયકલ લઈને પસાર થતો હતો ત્યારે એક એસ.ટી.બસ ઓવરટેક કરીને આગળ નીકળી ગયેલા અને જે જીપ તેણે જોયેલ તે નંદાસણ બાજુ ગયેલી. આ પુરુષ અને સ્ત્રી જે ભૈરવ ટેકરી મંદિરના ગેટની આગળના ભાગે સુટકેશ અને બે સિમેન્ટની થેલીઓ લઈને ઉભેલ હતા તેઓને જોયેલ જેમાં સ્ત્રીએ સાડી પહેરેલ હતી અને પુરુષે પેન્ટ શર્ટ પહેરેલ હતા અને ગામમાં

થતી વાતચીત ઉપરથી તેને જાણવા મળેલ કે, ઉંટવાના પટેલ ચિમનભાઇ જેઓ ભૈરવ ટેકરીના ટ્રસ્ટી હતા તેઓને મારી નાખેલ હોવાનું જાણવા મળેલ. આ મંદિર ખાતે સાધ્વીબેન, કડીઓ, મીસ્ત્રી એમ ચાર પાંચ જણા રહેતા હતા. તે જ્યારે સવારે સાયકલ લઈને નીકળેલો ત્યારે તેણે મંદિર આગળ પુરુષ અને સ્ત્રીને સુટકેશ તેમજ થેલીઓ સાથે જોયેલા અને તેઓ જીપમાં બેસી ગયેલાની હકીકત ગામવાળાઓને જણાવેલી અને ત્યારબાદ પોલીસે આ અંગે તેમનું નિવેદન લીધેલુ. આ ભૈરવ ટેકરી ખાતે ચાર જણા મરણ ગયેલાનું અને તેમની લાશ અલગ અલગ જગ્યાએ પડેલ હોવાનું તેને બાદમાં જાણવા મળેલુ. કોર્ટમાં હાજર લોકોમાંથી સદર સાહેદને તેઓએ ભૈરવ ટેકરી આગળ જોયેલ સ્ત્રી અને પુરુષ વાળા કોઈ ઈસમ હાજર છે કે કેમ ? તે બાબતે પુછતાં સાહેદ કોર્ટમાં બેઠેલ લોકોમાં થી છેલ્લી રો માં બેઠેલ બહેનને જોઈ જણાવે છે કે, આ સ્ત્રીને તેણે ભૈરવ ટેકરી આગળ જોયેલી. કોર્ટમાં હાજર બહેનનું નામ પુછતાં પોતે પોતાનું નામ રાજકુમારી હોવાનું જણાવે છે. પુરુષનો ચહેરો તેણે ચોકકસ જોયેલ નહી તેથી તે ઓળખી શકે નહી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,ભૈરવ ટેકરી ખાતે મરણ જનાર ચિમનભાઇ અને તેઓ એકજ ગામના અને એકજ જ્ઞાતિના છે. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે,તા.૦૩/૦૪/૦૪ના રોજ ભેરવ ટેકરી ખાતે બનાવ બનેલો અને તા.૦૬/૦૪/૦૪ના રોજ પોલીસે જવાબ લીધેલો. સાહેદ જણાવે છે કે તેણે ભૈરવ ટેકરીના ગેટ આગળ બે ઈસમોને સુટકેશ અને થેલા સાથે જોયેલા જે હકીકત ચોકકસ છે. સાહેદ જણાવે છે કે, તેણે આ જગ્યાએ જે સ્ત્રીને જોયેલ તેને ઓળખી બતાવેલ છે. સ્ત્રા પુરુષે કયા કલરના કપડા પહેરેલા તે કહી શકે નહી. મરુન કલરની બેગ હોવાનું કહે છે. એ વાત ખરી ન હોવાનું જણાવેલ છે કે, કોર્ટમાં એક જ સ્ત્રી બેઠેલ હોય તેને ઓળખી બતાવેલ છે.

**આમ બનાવના દિવસે વહેલી સવારે આ સાહેદ સાયકલ લઇને જતા હતા ત્યારે આરોપીઓને બેગ તથા અન્ય સામાન સાથે જીપમાં જતા જોયેલ છે અને તે પૈકી આરોપી નં.૨ ને જોયેલ હોય ઓળખી બતાવેલ છે. જ્યારે**

**આરોપી નં.૧નો ચહેરો જોયેલ ન હોય ઓળખી બતાવેલ નથી.એટલે કે તેઓ નેચરલ સાહેદ જણાય છે.**

(૪૦) ફરિયાદપક્ષે **આંક–૭૨ થી લુહાર હસમુખભાઇ રતિલાલ,** (p.w.18)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ઉપરોકત જણાવેલ ઠેકાણે પરિવાર સાથે રહે છે અને કડી કૃષ્ણ ટોકીઝના પાછળ રોહિતવાસ સામે પોતાનું શ્રી અંબિકા આયર્ન વર્કસ નામનું કારખાનું આવેલ છે જેમાં ખેતી કરવાના ઓઝાર જેવા કે દાતરડી, દાતરડા, ધારિયા, ફાંસીયા તથા કપાસ પાડવાની દંતાણી તેમજ રૂની ગાંસડી કાપવાના ફરસા વિગેરે ઓઝારો બનાવે છે. તેઓ ચાર ભાઈઓ છે. તેઓના કારખાનામાં તેઓ બે પ્રકારના ધારિયા બનાવે છે. જેમાં એક ચાંચ વાળુ જે લાકડાની વાડ અને થોરીયાની વાડ સોરવા માટે થાય છે જયારે ચાંચ વગરના ધારિયાનો ઉપયોગ લાકડા કાપવા માટે કરવામાં આવે છે, આ ધારિયા લોખંડના બનાવવામાં આવે છે અને તેને લાકડાના હાથમાં ફીટ કરવામાં આવે છે. તા.૨૭/૦૩/૨૦૦૪ ના રોજ બપોરના ત્રણ વાગે <u>રોહિતભાઈ યાદવ</u> જે મઘ્ય પ્રદેશના વતની હોવાનું જણાવી તેની પાસેથી ધારિયુ ખરીદ કરેલ તેથી તેઓને કીધેલ કે, તેઓ બીલ બનાવીને જ ઓઝારનું વેચાણ કરીએ છીએ. તેઓ હીન્દી ભાષામાં બોલતા હતા. તેઓએ ચાંચ વગરનું ધારિયુ માંગેલ અને તેથી તેઓએ દુકાનમાં પડેલ ધારિયાઓમાંથી એક ચાંચ વગરનું ધારિયુ રૂા.૨૦૦/– માં ખરીદ કરેલ. તેનો ભાવ શરૂઆતમાં રૂા.૨૩૦/– કીધેલ પરંતુ ત્યારબાદ ભાવતાલ કરીને રૂા.૨૦૦/–માં આ યાદવ ભાઈએ તેની પાસેથી ધારિયુ ખરીદેલ જેનું તેણે બીલ બનાવેલ જેનો બીલ નં.૯૫૫ હતો જેનું પાકુ બીલ આ યાદવ ભાઈને આપેલ અને કાચુ બીલ પોલીસ જયારે પુછપરછ કરવા

આવેલ ત્યારે તેમને તેણે આ બીલ આપેલુ. તે આ યાદવ ભાઈને ધારિયુ વેચ્યાના અઠવાડીયા બાદ પોલીસ તેની તથા આજુબાજુના દુકાનોમાં પુછપરછ કરતી હતી તેથી તેણે પોલીસને આ તપાસ બાબતે પુછેલ તો પોલીસે તેને કીધેલ કે, મર્ડર કેસ બનેલ છે. તેથી તેણેં પોલીસને કીધેલ કે, મને હથિયાર બતાવો તો હું ઓળખી શકુ જેથી પોલીસે તેને ધારિયુ બતાવેલ જેથી તે ઓળખી બતાવી પોલીસને કહેલ કે, આ ધારિયુ મારે ત્યાંથી યાદવભાઈ નામના ઈસમ લઈ ગયેલ છે અને તેણેં પોલીસને આ ધારિયુ વેચ્યા અંગેનું ડુપ્લીકેટ બીલ પોલીસને આપેલુ. જે ઈસમ તેઓની દુકાને આવીને આ ધારિયુ લઈ ગયેલ તેને ઓળખી શકે તેમ જણાવી આ સાહેદે કોર્ટમાં બેઠેલ લોકોમાંથી તેમની પાસેથી ધારિયુ ખરીદનાર ઈસમને ઓળખી બતાવવાનું કહેતા તેણે કોર્ટ રૂમની છેલ્લી રોમાં આરોપીઓની હરોળમાં બેઠેલ કુલ પાંચ આરોપીઓમાંથી ત્રીજા નંબરના આરોપી તરફ આંગળી ચીંધી જણાવેલ છે કે, આ ઈસમે તેની પાસેથી ચાંચ વગરનું ધારિયુ ખરીદેલ જેને તે ચોકકસ પણે ઓળખી બતાવે છે. સદર ઈસમે તેનું નામ યાદવ ગોવિંદસિંહ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદ નંદરામ હોવાનું જણાવે છે જેને સાહેદે ઓળખી બતાવેલ છે. પોલીસે તેની દુકાન આવી આ બાબતે પુછપરછ કરેલી તેથી તે અં ગે આજરોજ જુબાની આપે છે. તેને ધારિયુ બતાવવામાં આવે તો તે ઓળખી શકે. તેણે વેચેલ ધારિયુ ચાંચ વગરનું જે લાકડાના હાથા સાથે લોખંડનું ફીટ કરેલ ધારિયુ હતુ જેની સાઈજ આશરે ૧૧–૧૨–૧૩ ઈંચની હતી જે તેને બતાવવામાં આવે તો ઓળખી શકે. તેને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૧ વાળુ ધારિયુ બતાવવામાં આવે છે તે જોઈને જણાવુ છુ કે, તેણે કોર્ટમાં ઓળખી બતાવેલ આરોપીને આ ધારિયુ વેચેલ હતુ તેજ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેણે તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, ધારીયું વેચ્યાના અઠવાડીયા બાદ પોલીસ પુછપરછ માટે આવેલી અને તેથી પોલીસને તેણે કહેલ કે હથિયાર બતાવે તો ઓળખી શકુ. જેથી પોલીસે ધારીયું બતાવેલ તેણે ઓળખી બતાવેલ અને કહેલ કે, આ ધારીયું તેને ત્યાંથી યાદવ ભાઇ નામના ઇસમ લઇ ગયેલ છે અને ધારીયું વેચ્યા અંગેનું ડુપ્લીકેટ બીલ પોલીસને આપેલ છે. તે વાત ખરી છે કે, પોલીસ બનાવના ચાર પાંચ દિવસ પછી મારી પુછપરછ કરવા આવેલી પરંતુ ત્યારબાદ પોલીસ ફરીથી મારી પુછપરછ કરવા આવેલ નથી. તે વાત ખરી છે કે, આરોપી ૧૭–૧૮ વર્ષે પકડાયેલ ત્યારે પોલીસ મારી પાસ આવેલ નથી. સાહેદ જણાવે છે કે, પોલીસ આરોપીને પકડીને લાવી ત્યારે મેં અગાઉ પોલીસને ધારિયુ વેચ્યા બાબતે જે નિવેદન આપેલ તે અંગે ફરીથી મને પુછવા આવેલી કે શુ તમે જે માણસને ધારિયુ વેચેલ તેને ઓળખી શકો છો તો મેં હા પાડેલી જેથી પોલીસ મને પોલીસ સ્ટેશને લઈ ગયેલી અને ત્યાં મેં આરોપીને છ–આઠ મહીના પહેલા ઓળખી બતાવેલો. તે વાત ખરી છે કે, સદર હકીકત મારા પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. તે વાત ખરી છે કે, બે–ત્રણ દિવસ પછી પોલીસ આવેલી ત્યારે પોલીસે મને ધારિયુ બતાવેલુ અને મેં પોલીસને કીધેલુ કે આ તેજ ધારિયુ છે. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મામલતદાર રૂબરૂ આ આરોપીની તેમના દવારા કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલ ન હતી. સાહેદ જણાવે છે કે, જયારે ધારિયુ વેચેલ ત્યારે તેની કિંમત રૂા.૨૦૦/– હતી જયારે આજની તારીખમાં તેનો ભાવ રૂા.૪૫૦/– છે. તે વાત ખરી છે કે, તેણે લુંટ થયાની કોઈ વિગતો પોલીસને લખાવેલ નથી. તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેની દુકાનેથી આવા ધારિયા ઘણાબધા લોકો ખરીદી જાય છે. તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેણે સૌપ્રથમવાર આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. સાહેદ જણાવે છે કે, આરોપી જયારે ધારિયું તેની દુકાનેથી લઈ ગયેલ ત્યારે જોયેલો અને પછી પોલીસ તેને દીલ્હીથી પકડી લાવેલ ત્યારે પોલીસ સ્ટેશને તેણે આરોપીને ઓળખી

<u>બતાવેલ અને ત્યારબાદ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે.</u> તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, જે ઈસમ તેની પાસેથી ધારિયુ લઈ ગયેલ તેણે પોતાનું નામ રોહિતભાઈ યાદવ જણાવેલું.

**આમ બનાવના પહેલા આરોપી નં.૧ તેને ત્યાંથી રોહિત યાદવ નામ જણાવી ગુનામાં વપરાયેલ ધારીયું ખરીદીને લઇ ગયેલ તે હકીકતને સમર્થન આપે છે તેમજ ધારીયું તથા આરોપી નં.૧ ને ઓળખી બતાવેલ છે. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે અને તેણે આરોપીને ધારીયું ખરીદતી વખતે ત્યારબાદ પોલીસ સ્ટેશને તથા ત્યારબાદ કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.**

**(૪૧)** ફરિયાદપક્ષે **આંક–૧૦૬ થી રઇબેન ઈશ્વરભાઈ પટેલ,** (p.w.29)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સેદ્રાણા તા.કડી મુકામે રહેતા હતા અને તેમના સંતાનમાં મોટી દીકરી શર્મિષ્ઠાબેન હતી, તેણીના લગ્ન થયેલ ન હતા. તેણીના ગુરૂ પુર્ણાનંદસ્વામીનું મરણ થતાં તેણી ઉંટવા ભૈરવ ટેકરી ખાતે આવેલ ચિમનભાઈના આશ્રમમાં ભકિત કરવા આવતાં તેણીને ત્યાં માતાજી તરીકે ઓળખતા હતા. તેમની દીકરીનું ખુન થયા બાદ જાણ થયેલી. તેઓ આશ્રમમાં ગયેલ ત્યારે દીકરીની લાશ જોયેલી અને ગળાના ભાગથી પેટ સુધી બંને બાજુ ધારીયાના ઘા વાગેલ હતા અને તેણીની લાશ સંડાસ આગળ પડેલ હતી. આશ્રમમાં કુલ ચાર જણાનું ખુન થયેલું. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસના પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા કરેલ ઉલટતપાસમાં એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેણે તેના પોલીસ રુબરુના તા.૪/૦૪/૦૪ના રોજના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, બનાવની ફરિયાદ સુધાબેને આપેલ અને આશ્રમમાં તપાસ કરતાં નીચે મુજબની વસ્તુ જણાય આવેલ નહી. (૧) રુદ્રાક્ષની માળા સોનાની મઢેલી બે તોલાની, (૨) સોનાની વીંટી નંગ–૩, રીટલ નંગવાળી ત્રણ તોલાની તથા (૪) માતાજીના ગળામાં પહેરવાનો હાર સોનાનો

ગીલેટવાળો (૫) આહુજા કંપનીનું એમ્પ્લીફાયર , (૬) સોની કંપનીનું સી.ડી પ્લેયર, (૭) ટેપ રેકર્ડ, (૮) એક નાનુ ટેપ રેકર્ડ ચાઇના કંપનીનું (૯) ડીજીટલ કેમેરો (૧૦) લેપટોપ કોમ્પ્યુટર વિગેરે મળી કુલ રૂ.૧,૬૯.૭૫૦/- ની લઇ ગયેલાનું જાણેલ.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પોલીસે તેનું નામ સરનામું પુછેલ તે સિવાય બીજું કંઇ પુછેલ નહી . પોલીસે જાતે કાગળમાં બધુ લખી લીધેલ છે.

**આમ આ સાહેદ આંશિક રીતે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે.**

(૪૨) ફરિયાદપક્ષે **આંક-૧૧૭ થી ઝાલા મહેન્દ્રસિંહ વિજયસિંહ,** (p.w.31)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ઉપરોકત જણાવેલ પરિવાર સાથે રહે છે અને તેઓ બનાવ વખતે કડી તાલુકા પંચાયતમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા અને હાલમાં નિવૃત્તમય જીવન ગુજારે છે. બનાવ કઇ તારીખે બનેલ તે યાદ નથી. બનાવ આશરે ૨૦ વર્ષ અગાઉ બનેલો. બનાવના ચાર માસ અગાઉ તેઓ તેના પત્ની વિજયાબેનને લઇ કડી નંદાસણ રોડ ઉપર સ્કુટર સીખવાડવા સારું ગયેલ હતા અને ત્યાં કડી નંદાસણ રોડ વચ્ચે આવતાં ભૈરવ ટેકરી નજીક આવેલ મહાકાળી મંદીરે તેઓ દર્શન કરવા ગયેલા. તેઓ દર્શન કરી બેસેલ હતા તે વખતે એક સાધ્વી માતાજી મળેલા અને તેઓને બેસવાનું કહેતાં તેઓ બેસેલા અને તેઓએ તેમનો પરિચય માતાજી તરીકે આપેલો અને તેમણે પણ પોતાનો પરિચય આપેલો અને તેમનો મોબાઇલ નંબર આપેલો. ત્યારે માતાજીએ જણાવેલ કે મંદીરમાં કામકાજ માટે પતિ-પત્ની હોય તો અમોને જણાવજો. તેથી તેઓએ કહેલ કે તેના ધ્યાનમાં આવશે તો જણાવશું. તેઓના ધ્યાનમાં કોઇ કામકાજ કરવાવાળા પતિ-પત્ની આવેલ ના હોય તેઓએ જણાવેલ નહી. તેઓનો મોબાઇલ નંબર માતાજીની ડાયરીમાં હોય પોલીસે સંપર્ક કરેલો. જેથી બનાવવાળા સ્થળે બોલાવતા ત્યાં ગયેલા. પોલીસે પુછપરછ કરેલ અને જવાબ લખાવેલો.

**આમ આ સાહેદને બનાવ સબંધે કોઈ જાણ નથી, તેઓ માત્ર ગુજરનાર માતાજીને એકવાર મળેલ હતા.**

**(૪૩)** ફરિયાદપક્ષે **આંક–૧૨૨ થી ચૌધરી દુરગારામ ખીમાજી,** (p.w.32)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ બનાવના છેલ્લા માસથી ભૈરવ ટેકરીપાસે મહાકાળી માતાજીના મંદીર પાસે નવીન સાંઈબાબાનુ મંદીર બનતુ હોઈ તેમા પથ્થરના કોતરણી કામ કરતો હતો. અને દરરોજ રૂ.૨૦૦/–મજુરી પેટે મળતા હતા. તા.૧ ૨/૨/૨૦૨૪ ના રોજ તેમના વતનથી તે તથા મંગલસિંઘ તથા સોમારામ તથા ભંવરલાલ સોનારામ તથા વાઘસંગ એ રીતેના મોહનભાઈ લુહારનુ ઉંટવા ગામની સીમમા આવેલ નવીન સાંઈબાબાના મંદીરના કામે પથ્થર કોતરણીના કામસારૂ આવેલા અને બીજા દિવસથી કામે લાગેલા. **બધા મંદીરના પાછળના ભાગે લીબુંડા ખેતરમા આવેલ બોર ઉપર રહેતા હતા.** દરરોજ સવારના આઠથી ચડીને બપોરના ૧૨ વાગે જમવા જતા હતા. અને બપોરના ૨ વાગે જમીને આવીને કામે ચડતા અને સાંજના ૬ વાગ્યા સુધી કામ કરતા હતા. સને ૨૦૦૪ ની સાલમા સવારે કામ ઉપર ગયેલ ત્યારે મંદીરમા લોક લાગેલુ હતુ અને ત્યારપછી રૂમ ઉપર આવી ગયેલા. **બાદ ગામવાળા અને પોલીસવાળા મંદીરે આવી ગયેલ હતા. પોલીસ આવેલ તે વખતે તેમની સાથે મંદીરમા ગયેલા અને તે મંદીરના દરવાજા બહાર ઉભેલ હતા.** મંદીરમાં શુ થયેલ તેની ખબર ન હોવાનું, કોઈનું ખૂન થયાનું જાણેલ ન હોવાનું, મંદીરમાં કોણ રહેતા હતા તે ખબર ન હોવાનું , આરોપીને ઓળખતા ન હોવાનું જણાવેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની

પરવાનગી માંગતા જે મંજુર કરતાં ઉલટતપાસના તેઓને પ્રશ્ન પુછતાં તેઓ તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી.

**આમ આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મહત્વની રીતે સમર્થન કરતા નથી. પરંતુ તેઓ મંદીરની બહાર રહેતા હોવાનું અને બનાવના દિવસે પોલીસ આવેલ હોવાની હકીકતને સમર્થન કરે છે.**

(૪૪) ફરિયાદપક્ષે **આંક-૧૨૩ થી ભલારામ નાથાજી ગરાસીયા,** (p.w.33)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગુજરાતમા મહેસાણા જીલ્લાના કડી તાલુકાના ઉંટવા ગામે તા.૨૫/૩/૨૦૦૪ના રોજ મજુરી કરવા સારૂ તેઓ ચાર માણસો મોહનલાલ લુહાર જેઓ પથ્થર કામનો કોન્ટ્રાકટ રાખતા હતા તેમના ત્યા પથ્થરકામ કરવા સારૂ આવેલા અને તા.૨૬/૩/૨૦૦૪ ના રોજથી તેઓએ પથ્થરકામ ચાલુ કરેલ. તેઓ કામ ઉંટવા ગામે ભૈરવ ટેકરી ઉપર આવેલ મંદીરે કામ કરતા હતા. **તારીખ યાદ નથી પરંતુ ૨૦ વર્ષ જેટલો સમય બનાવ બને થયેલ.** તેઓ મંદીરથી દુર રહેતા હતા. તેઓ જયારે કામ પર ગયા તે વખતે મંદીરના દરવાજાએ લોક લાગેલુ હતુ. એ દીવસે તેમણે રજા રાખેલી, બનાવ શું બનેલ તે ખબર નથી. **બનાવ વખતે આખુ ગામ આવેલુ અને પોલીસ આવેલી. પોલીસ આવ્યા પછી લોક ખોલેલુ અને પોલીસ તથા ગામવાળા મંદીરમા ગયેલા. બધાની સાથે તે પણ મંદીરમા ગયેલો. તેઓએ મંદીરમા ત્રણ થી ચાર લાશ પડેલી જોયેલી. લાશ ઉપર લોહી જોયેલુ.** મંદીરમા તે તથા બીજા પણ કામ કરતા હતા. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા જે મંજુર કરતાં

ઉલટતપાસમાં તેઓને પુછતાં તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી.

**આમ આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મહત્વની રીતે સમર્થન કરતા નથી. પરંતુ તેઓ મંદીરની બહાર રહેતા હોવાનું અને બનાવના દિવસે પોલીસ આવેલ હોવાની હકીકતને સમર્થન કરે છે.**

(૪૫) ફરિયાદપક્ષે **આંક-૧૨૪ થી મંગલસિંહ સિમનસિંહ રાજપુત,** (p.w.34)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પત્થરકામની કોતરણી કરવાની મજુરી કરે છે. લુહાર મોહનભાઈ વાઘાજીભાઈ, મંદીર બનાવતા હોય છે, તેઓ પથ્થર કોતરણી કામ તથા મંદીર બનાવવાના કોન્ટ્રાકટર હતા. તેમની સાથે એક વર્ષથી મજુરી કામ કરતો હતો. આ મોહનભાઈનુ કામ રાજસ્થાનમા શબરી મુકામે રાજસ્થાનમા બાવલી મુકામે તથા ગુજરાતમા ઉંટવા ગામની સીમમા ભૈરવ ટેકરી નામથી ઓળખાતા મંદીરમા પણ કોન્ટ્રાકટ રાખેલ હતો. ઉંટવા ગામની સીમવાળા મંદીરનુ કામ છેલ્લા બે વર્ષથી ચાલતુ હતુ. પોતે છાવલી ગામનું મંદરીનું કામ પુર્ણ થવાથી તા.૧૨/૩/૨૦૦૪ ના રોજ રાજસ્થાનથી ઉંટવા મુકામે મોહનભાઈ પાસે મજુરી કામે આવેલો. તે વખતે ત્યાં આગળ તેમના કોન્ટ્રાકટર લુહાર મોહનભાઈ વાઘજીભાઈ તથા બીજા મજુરો જેમા દુર્ગારામ, સોમારામ, વાઘસિંહ, તથા સોનજી તથા ભવર ગરાસીયા તથા કિરણ તથા બીજા પાંચ કારીગરો જે પણ રાજસ્થાનના હતા. તેઓ બધા તમામ ઉંટવા ગામે મજુરી કામે હતા. આ મજુરો  મંદીરના વરંડાની બહાર પાછળના ભાગે બોર પાસે આવેલ ઓરડીઓમા રહેતા હતા. **આ મંદીરમા ચીમનકાકા જેઓને તેઓ દાદા કહેતા હતા તથા માતાજી તથા તેમંના**

**કોન્ટ્રાકટર મોહનભાઈ વાઘાજી તથા કરમણ નામનો છોકરો જે છુટક કામ કરતો હતો તેઓ મંદીરમા રહેતા હતા.** તે પાંચ જણાંનુ જમવાનુ માતાજી બનાવતા હતા અને તેઓ ત્યા જમતા હતા અને તેઓ મંદીરના કામકાજની દેખરેખ રાખતા હતા. પોતે મંદીરમા સવારના ૮ થી ૧૨ અને સાંજના ૨ થી ૬ વાગ્યા સુધી મજુરી કામ કરતા હતા. ત્યારબાદ મંદીરના પાછળ નવીન ઓરડીઓ બનાવેલ હતી તે પૈકીની બોર પાસેની જુની ઓરડીઓ ત્રણ હોઈ તેમા રહેતા હતા. બનાવ બને ૨૦ વર્ષ જેટલો સમય થયેલ છે. તે દિવસે સવારે તેઓ મજુરી કામ કરવા આવતા મંદીરના બહાર ના દરવાજે તાળુ મારેલુ હતુ. પછી તેઓ રૂમમા ગયા અને આખો દિવસ રજા રાખેલી. ત્યારબાદ ૧૧ થી ૧૨ વાગે કોઈ માણસો આવવા લાગેલા. અને ભેગા થઈ ગયેલા અને પોલીસ પણ આવી ગયેલી અને પોલીસવાળા અને ગામવાળાઓએ મળીને તાળા તોડેલા અને ગામવાળા અને પોલીસવાળા મંદીરની અંદર ગયેલા અને પોતે મંદીરની બહાર બેઠેલા. તેઓને પછી જાણવા મળેલ કે અંદર આ બનાવ બનેલ કે બનાવમા ખુન થયેલુ. તેને ચીમનકાકાની લાશની ખબર પડેલી. કોણે અને કયા હથિયારથી મારેલ તે બાબતની ખબર પડેલ નહી. ત્યા ચોકીદાર તથા સફાઈવાળા રહેતા હતા, તેના નામ સરનામા ખબર નથી અને ઓળખતા નથી. પોલીસે તેમની પુછપરછ કરેલી. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા જે મંજુર કરતાં ઉલટતપાસમાં તેઓને પુછતાં તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી.

**આમ આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મહત્વની રીતે સમર્થન કરતા નથી. પરંતુ તેઓ મંદીરની બહાર રહેતા હોવાનું અને બનાવના દિવસે પોલીસ આવેલ હોવાની હકીકતને સમર્થન કરે છે. તથાં મદીરમાં ચોકીદાર અને સફાઇવાળા તેમજ ગુજરનાર ચારેય રહેતા હોવાની હકીકતને સમર્થન કરે છે.**

**<u>આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ તેના પંચ સાહેદો</u>**

**(૪૬)** આરોપી નં.૧ નાએ ગુનાવાળી જગ્યા બતાવેલ તેના પંચ સાહેદને ફરિયાદપક્ષે **આંક-૭૪ થી મલેક મુમદભાઇ જહાંગીરભાઇ,** (p.w.19)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૮/૦૮/૨૦ના રોજ એક લખેલા કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતાં સહી કરેલ જે તેઓ ઓળખી બતાવી આંક-૭૫ થી પંચનામું રજુ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા જે મંજુર કરતાં ફરી ઉલટતપાસમાં તેઓને પુછતાં તેઓ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરતા નથી. પોલીસ તપાસ દરમ્યાન આરોપી નં.૧ યાદવ ગોવિંદસિંહ નાએ બનાવવાળી જગ્યા બતાવેલ તે અંગે પંચનામું કરેલ તે પંચનામાના આ સાહેદ છે પરંતુ તે સમર્થન કરતા નથી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,તેણે સહી કરેલ તે વખતે બીજા કોઇએ સહી કરેલ નહી.

આ પંચનામાના બીજા પંચ સાહેદ અમરતભાઇ પમાભાઇ મકવાણાને ફરિયાદપક્ષે (p.w-22)ને તપાસેલ છે જેઓ આંક-૭૫ વાળા પંચનામા હકીકતને સમર્થન કરતા નથી. તેથી તેને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ.

**(૪૭)** <u>આરોપી નં.૨ નાએ ગુનાવાળી જગ્યા બતાવેલ તે</u>ના પંચ સાહેદને ફરિયાદપક્ષે **આંક-૯૭ થી ઠાકોર દિનેશજી સોમાજી,** (p.w.26)ને તપાસેલ

છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯/૦૬/૨૧ના રોજ તેઓ દાણા માર્કેટથી બપોરે ઘરે જતા હતા ત્યારે પોલીસે બોલાવેલ અને પંચમાં રહેવા કહેતાં તેઓ ગયેલા. પંચનામું કઇ બાબતનું હતું તેઓ જાણતા નથી. આંક–૯૮ના પંચનામામાં પંચ નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા જે મંજુર કરતાં ઉલટતપાસના પ્રશ્નો તેઓને પુછતાં તેઓએ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરેલ નથી.

આ પંચનામાના બીજા પંચ સાહેદને ફરિયાદપક્ષે **આંક–૯૯ થી પટેલ બળદેવભાઇ સોમાભાઇ,** (p.w.27)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯/૦૬/૨૧ના રોજ તેઓ કડી પોલીસ સ્ટેશન સામે ચા ની લારી ઉપર બેઠેલ હતા ત્યારે પોલીસે પંચમાં રહેવા કહેતાં તેઓ ગયેલા. આંક–૯૮ ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા જે મંજુર કરતાં ઉલટતપાસના પ્રશ્નો તેઓને પુછતાં તેઓએ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરેલ નથી.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે,તેણે તૈયાર લખેલ કાગળમાં સહી કરેલ તે સિવાય તેઓ કંઇ જાણતા નથી.

**આમ બંને આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ તેના પંચનામાના પંચ સાહેદો સમર્થન કરતા નથી. પરંતુ આ બંને ગુનાવાળી જગ્યાના પંચનામા એટલે કે આંક–૯૮ તથા આંક–૭૫ વાળા આરોપી પકડાયા બાદ તા.૧૮/૦૮/૨૦ તથા તા.૨૯/૦૬/૨૧ કરવામાં આવેલ છે પરંતુ મુળ**

**બનાવ બન્યા બાદ પોલીસ દ્વારા ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક-૭૭ ની વિગતે તા.૪/૪/૨૦૦૪ના થઇ ગયેલ હતું એટલે કે તે વખતે પોલીસને જાણ થઈ ગયેલ હતી કે બનાવ કયાં બનેલ છે. આ સંજોગોમાં આરોપીઓએ બતાવેલ ગુનાવાળી જગ્યના પંચનામા ત્યારબાદ કરવામાં આવેલ તેનું કોઇ મહત્વ રહેતું નથી.**

## <u>પોલીસ સાહેદો</u>

(૪૮) ફરિયાદપક્ષે **આંક-૧૦૨ થી રાહુલ કલ્યાણસિંહ રાજપુત,** (p.w.28)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૭/૦૮/૨૦૨૦ ના રોજ તેઓ એ.ટી.એસ., અમદાવાદ ખાતે પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ પર હાજર હતા દરમ્યાન સાથેના પોલીસ ઇન્સપેકટર શ્રી યાદવ સાહેબનાઓને બાતમી હકીકત મળેલ કે, કડી પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૧૩/૨૦૦૪, ઈ.પી.કો. કલમ-૩૦૨, ૩૯૭ અને ૩૪ મુજબના કામના નાસતા ફરતા આરોપી નામે ગોવિંદસિંહ નંદરામ યાદવનાઓ નવી દીલ્હી ખાતેના વસંતકુંજ, રૂચિવિહાર, રંગપુરી પહાડી વિસ્તારમાં હોવાની હકીકત તેઓને આપતાં તેમના ઉપરી અધિકારીશ્રીઓની સાથે ચર્ચા કરી તેઓના હુકમ મુજબ તેઓ તથા તેમના સાથે પો.સ.ઈ.શ્રી એમ.એસ.ત્રિવેદી તેમજ પો.સ.ઈ.શ્રી એસ.એમ.સોની તેમજ પો.સ.ઈ.શ્રી વી.બી. વણઝારા નાઓ સાથે સરકારી ગાડીમાં તા.૦૮/૦૮/૨૦૨૦ ના રોજ દીલ્હી ખાતે મળેલ બાતમી વાળી જગ્યાએ નાસતા ફરતા આરોપીની શોધ તપાસ કરતાં મકાન નં .૨૮૦, વસંતકુંજ, રૂચિ વિહાર, રંગપુરી પહાડી, નવી દીલ્હી ખાતેથી સદર બાતમી વાળા ઈસમ મળી આવતાં તેઓનું નામ ઠામ પુછતાં તેઓએ પોતાનું નામ ગોવિંદસિંહ નંદરામ યાદવ હોવાનું જણાવેલ અને પોતે મુળ ઉત્તરપ્રદેશના હોવાનું જણાવેલ. આ ઈસમનાઓને કડી પો.સ્ટે.ના ગુ.ર.નંબર <u>૧૧</u>

<u>૩/૨૦૦૪</u> બાબતે પુછતાં તેઓ ગુનાવાળી બાબતને લઈને યોગ્ય હકીકત ન જણાવતાં અમદાવાદ ખાતે આવેલ એ.ટી.એસ. કચેરીએ લાવી પુછપરછ કરતાં ગુનો કર્યા બાબતની હકીકત જણાવતા અને પોતે સદર ગુનામાં નાસતા હોવાની કબુલાત કરતા તા.૧૩/૦૮/૨૦૨૦ના રોજ સદર કામના આરોપી નાઓને સી.આર.પી.સી.ની કલમ–૪૧(૧)(બી) મુજબ અટક કરી જરૂરી કાર્યવાહી કરી સદર ગુનો કડી પો.સ્ટે.નો હોઈ જેથી પી.એસ.ઓ.શ્રી મારફતે ટેલિફોન વર્ધીથી આરોપી અટક કર્યા બાબતની જાણ કરેલ તેમજ તેઓની કચેરીના પી.એસ.ઓ.શ્રીને પણ સ્ટેશન ડાયરીમાં આ બાબતે નોંધ કરવા રીપોર્ટ કરેલ.સદર કામે આંક–૧૦૩ થી ચાર્જ અમલદારશ્રી, એ.ટી.એસ. પો.સ્ટે. ગુજરાત રાજય, અમદાવાદનાઓને સદર હકીકતની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવા કરેલ રીપોર્ટ છે જેમાં તેઓએ કરેલ સહી ઓળખી બતાવેલ છે. વધુમાં આંક–૧૦૪ થી ટેલિફોન વર્ધી જે કડી પો.સ્ટે.નાઓને સદર આરોપી ગોવિંદસિંહને અટક કરેલ તે અંગે લખાવેલ ટેલિફોન વર્ધી છે તેમ જણાવી આરોપી ગોવિંદસિંહને તેઓએં અટક કરેલ હોઈ કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, શ્રી જાધવે માહીતી આધારે કોઇ કાર્યવાહી કરેલ નથી. શ્રી જાધવે આ વાતની હકીકતની હકીકતની જાણ કરતાં તેણે તેના ઉપરી અધીકારીને મૌખિક જાણ કરેલ. તે અંગે લખાણ કરેલ નહી. સાહેદ જણાવે છે કે મૌખિક હુકમ આધારે કાર્યવાહી કરેલી. દીલ્હી જવા માટે અને આરોપીને પકડવા માટે લેખિત હુકમ મળેલ નહી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેઓ દીલ્હી ગયા ત્યારે અગાઉથી દીલ્હી પોલીસને કોઇ જાણ કરેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, આરોપીને દીલ્હી ખાતે પકડેલ તેનું એરેસ્ટ પંચનામું સ્થળ પર કરેલ નથી.

**આમ આ સાહેદે બનાવ બાદ બાતમીના આધારે આરોપી ન.૧ ને દીલ્હીથી લાવી આ કામના તપાસ કરનાર અધીકારીને સોંપેલ હોવાની હકીકતને સમર્થન કરે છે.**

## <u>પોલીસ સ્ટેશન ઓફીસર</u>

(૪૯) ફરિયાદપક્ષે **આંક–૧૦૭ થી જીવણલાલ ભીખાભાઇ પરમાર,** (p.w.30)ને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૩/૦૪/૨૦૦૪ ના રોજ તેઓ કડી પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતા દરમ્યાન ફરિયાદી સુધાબેન સુનિલકુમાર પટેલનાઓનીપો.સ.ઈ.શ્રી નાઓના રૂબરૂની ફરિયાદ તેઓએ લખી લઈ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા તેઓને રીપોર્ટ કરતાં તેઓએ તા.૦૩/૦૪/૨૦૦૪ ના રોજ કલાક ૨૩:૩૦ વાગે કડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૩/૨૦૦૪, ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧ મુજબનો ગુનો સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરી પો.ઈ.શ્રી, કડી પો.સ્ટે.નાઓને તપાસ કરવા સારૂ ડેપ્યુટ હુકમ કરેલ તેમજ લાગતા વળગતા અધિકારીઓને મેસેજ કરેલ.આંક–૧૦૮ થી ડેપ્યુટ હુકમ, આંક–૧૦૯ થી ગુનો રજી. કરવા સારું કરેલ રિપોર્ટ, આંક–૧૧૦ થી ગુના અંગેનો સ્પેશ્યલ રિપોર્ટ રજુ કરેલ છે.

**આ સાહેદે તેને મળેલ લેખિત ફરિયાદ આધારે સ્ટેશન ડાયરીમાં ગુનાની નોંધ કરી તપાસ અંગે ડેપ્યુટ હુકમ આપેલ છે.**

## <u>તપાસ કરનાર અધીકારી</u>

આ કામના એક તપાસ કરનાર અધીકારી કે.વી. સગર અવસાન પામેલ હોય તેને ફરિયાદપક્ષે તપાસી શકેલ નહી.

(૫૦) ફરિયાદપક્ષે **આંક–૧૩૫ થી પટેલ અરવિંદભાઇ મનુભાઇ,** (p.w.35)ને તપાસેલ છે. <u>જેઓ આ કામના એક તપાસ કરનાર છે.</u> તેઓ

પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૪/૪/૨૦૦૪ ના રોજ તે મહેસાણા જીલ્લા એલસીબી પીઆઈ તરીકે ફરજ બજાવતા હતા. કડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૩/૨૦૦૪, ઈપીકો કલમ ૩૦૨,૨૦૧,૩૯૭, ૩૪ મુજબના ગુનાની તપાસ પોઈશ્રી કે.વી.સગરનાઓ કરતા હતા. પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા તરફથી સુચના મળતા તેઓએ સદર ગુનાની તપાસ સં ભાળી લીધેલ. કેસ કાગળોથી વાકેફ થઈ સૌપ્રથમ ગુનાવાળી જગ્યાએ ગયેલા અને ફરીયાદીએ ગુનાવાળી જગ્યા બતાવેલ. અને ત્યાં સાયન્ટીફીક ઓફીસરશ્રી મોદીની હાજરીમા પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરેલ. ગુનાવાળી જગ્યાએથી જુદાજુદા નમુના એફ.એસ.એલ અધિકારીની સુચના મુજબ પંચનામાની વિગેત સીલબંધ કબજે લીધેલ અને ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી તરફ પૃથ્થકરણ સારૂ મોકલી આપેલ. આ ગુનાની તપાસ શરૂ કરી ત્યારે જુદાજુદા શકમંદોના નીવેદન નોધેલ. તેઓના ઘરોની ઝડતી તપાસના પંચનામા કરેલ. તેમજ લાગતાવળગતા સાહેદોના નીવેદન લીધેલા. તેમજ આ કામે મરણ જનાર ચાર ઈસમોના પીએમ નોટ આવતા જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આ કામે શકમંદ આરોપીઓના સ્કેચ બનાવરાવેલ જે સ્કેચ આવતા તપાસના કામે સામેલ રાખેલ. જે અલગ અલગ વર્તમાનપત્રોમા પ્રસિધ્ધ પણ કરાવેલ. બદલી થતા તેણે કેસ કાગળો કડી પો.સ્ટે.મા સુપરત કરેલ. આંક-૮૪ ની ફરીયાદમાં પોઈશ્રી કે.વી.સગરની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક-૨૨ થી મરણ જનાર શર્મીષ્ઠાબેન ઉર્ફે માતાજીની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ તથા આંક ૧૭ જે મરણ જનાર પટેલ ચીમનભાઈની લાશનુ ઈન્કવેસ્ટ પં ચનામુ તથા આંક ૧૯ મરણ જનાર રાવળીયા કરમણભાઈની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ તથા આંક ૨૦

જે મરણજનાર લુહાર મોહનભાઈની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ જોઇ તેમાં પંચોની સહીઓ તેમજ રૂબરૂ તરીકે પોઈશ્રી કે.વી.સગરની સહીઓ ઓળખી બતાવેલ છે. આંક–૭૭ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બે પંચો ની હાજરી તથા એફએસએલ અધિકારીશ્રી મોદીની હાજરીમા વિગતવાર લખી લઈ નીચે પંચોની સહી લઈ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૩૬ થી ૧૩૮ વાળા લુંટમા ગયેલ મુદ્દામાલ અંગે શકદારના મકાનનો જડતી અંગેના પંચનામા પંચોના લખાવ્યા મુજબ લખી લઈ નીચે પંચોની સહી કરાવી રૂબરૂ તરીકે પોતાની કરેલ સહીઓ ઓળખી બતાવી રજુ છે. આંક–૫૧ થી મરણ જનારની લાશ ઉપરના કપડા જે મેડીકલ ઓફીસરશ્રીએ રજુ કરતા કબજે કરેલાનુ પંચનામુ તેમા પીએસઆઈશ્રી ઘાસુરાની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૩૯ અને ૧૪૦ થી એકજીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કડી નાઓને લાશનુ ઈન્કવેસ્ટ ભરવા સારૂ કરેલ રીપોર્ટ જેમા પોઈશ્રી સગરની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૪૧ અને ૧૪૨ થી પોલીસ અધિક્ષક મહેસાણાનાઓએ મેનેજરશ્રી ભારત દુરસંચાર નીગમને મોબાઈલની કોલ ડીટેલ મેળવવાનો રીપોર્ટ તથા મહાનીર્દેશક ઈન્ટે.ગુજરાત રાજય ગાંધીનગરને કરેલ રીપોર્ટ છે જેમા પોલીસ અધિક્ષકશ્રી એચ.કે.પટેલ સાહેબની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૪૩ થી પોઈશ્રી સગરનાઓએ કરેલ કોલ ફોર્મમા તેઓની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૪૪ થી આરોપીઓની તપાસમા રહેવા કરેલ રીપોર્ટમા પોતે કરેલ સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૪૫ થી લાશ કોલ્ડરૂમમા મુકવા સારૂ પોઈશ્રી સગરનાએ કરેલ રીપોર્ટમા તેઓ એ કરેલ સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૪૬ થી લાશનુ પીએમ થયા બાદ

તેના ઉપરના કપડા કબજે લીધેલ જે સંભાળી લેવા સારૂ કરેલ રીપોટમા પીઆઈશ્રી ઘાસુરાની સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૪૭ થી એસપીશ્રી મહેસાણાનાઓએ એસપીશ્રી મધ્યપ્રદેશને આરોપીઓની તપાસમા રહેવા કરેલ રીપોર્ટમા તેઓની સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૪૮ થી ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા સારૂ મામલતદારશ્રી કડી ને કરેલ રીપોર્ટમા તેઓએ કરેલ સહી ઓળખી બતાવી રજુ છે. આંક–૧૪૯ થી જે.એમ.એફ.સી કોર્ટ કડી નાઓએ આપેલ સીઆરપીસી કલમ ૭૦ મુજબનુ વોરંટ છે જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે રજુ છે. આંક–૧૫૦ થી પોલીસ અધિક્ષકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરનાઓએ આરોપીની તપાસ સારૂ આપેલ મંજુરીપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે રજુ છે. આંક–૧૫૧ થી આરોપીઓની તપાસમા એમ.પી. તથા યુ.પી.મા જવા સારૂ મંજુરી મેળવવા અંગેનો રીપોટમા પોતાની કરેલ સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૫૨ થી મુદ્દામાલ કબજે લઈ પરીક્ષણ સારૂ એફએસએલમા મોકલી આપેલ તે અંગેનુ મુદ્દામાલ રવાનગી પત્રકેમા પોતે કરેલ સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૫૩ થી ૧૫૪ વાળા એફએસએલ અમદાવાદ મુદ્દામાલ મળ્યા બદલની પહોચો જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ રજુ છે. અને એવું જણાવેલ છે કે તેમની તપાસ દરમ્યાન સાહેદ રઈબેન ઈશ્વરભાઈ પટેલનાઓનુ નીવેદન લીધેલ જેમા એવી હકિકત લખાવેલ છે કે , '' બનાવની ફરીયાદ સુધાબેને આપેલ અને આશ્રમમા તપાસ કરતા નીચે મુજબની વસ્તુઓ જણાઈ આવેલ નહી (૧) રુદ્રાશની માળા સોનાની મઢલી બે તોલાની (૨) સોનાની વીંટી નંગ ૩, રીટલ નંગવાળી ૩ તોલાની (૪) માતાજીના ગળામા પહેરવાનો હાર સોનાનો ગીલેટવાળો (૫) આહુજા કંપનીનુ એમ્પ્લીફાયર (૬) સોની કંપનીનુ સીડી પ્લેયર (૭) ટેપરેકર્ડ (૮) એક નાનુ

ટેપરેકર્ડર ચાઈના કંપનીનુ (૯) ડીજીટલ કેમેરો (૧૦) લેપટોપ કોમ્પ્યુટર વિગેરે કુલ મળી રૂા. ૧,૬૯૭૫૦/-ની લઈ ગયેલાનુ જાણેલ ''. તેમની તપાસ દરમ્યાન સાહેદ ચૌધરી દુર્ગારામ ખીમારામનાઓનુ નીવેદન લીધેલ જેમા એવી હકિકત લખાવેલ છે કે, ''ગઈ કાલ તા.૩/૪/૨૦૦૪ ના રોજ સવારના આઠ વાગ્યે પથ્થર કોતરણીના કામ અર્થે મજુરી ઉપર આવેલ અને બપોરના બાર વાગે જમવા ગયેલા અને જમીને ર વાગે પરત આવેલા. તે પછી થોડીવારે અમારી સાથે કામ કરતા મોટારામ પાણીની ચકલીએ પાણી પીવા જતા અને તેણે ચકલીની નજીકમા લોહીના ઘાબા જોતા અમારી પાસે આવી વાત કરેલ કે પાણીની ચકલી નજીક લોહીનો ઘાબો પડેલ છે. તેમ કહેતા પથ્થર કોતરણીનુ કામ કરી પાછળના બીજા દરવાજે થઈ બોર ની ઓરડી ઉપર ગયેલા અને અમારી સાથેના મોટારામે લીબુંડીના ખેતરે રહેતા રાવળ આત્મારામ જામાભાઈ ને વાત કરતા તેઓ તથા અમારા માણસો ઉંટવા ગામમા જઈ પટેલ કનુભાઈ કેશવલાલને વાત કરતા તેમણે ગામમા બીજા માણસોને કરતા ઘણા માણસો મંદીરે આવેલા અને રાતના ૯ થી ૧૦ વાગ્યાની વચ્ચે પોલીસ આવી ગયેલી. તે વખતે અમોને જાણવા મળેલ કે આ મંદીરના ટ્રસ્ટી ચીમનભાઈ પટેલને કોઈએ મારી નાખેલ છે. તેની લાશ પડી છે. તે વાત જાણેલી.ત્યારબાદ રાતના મોડેથી માતાજીની લાશ ઓરડી પાછળના બાથરૂમ માંથી મળી આવેલ. તેમને ધારીયાના ઘા મારેલાનુ જાણેલ. તેમજ તેમના ગામના બાજુના તેઓને કામ ઉપર લાવેલ મોહનભાઈ લુહાર તથા બગીચાનુ કામ કરતા કરમણભાઈ પટેલની લાશ મળી આવેલાનુ જાણેલ અને આ મંદીરમા ચોકીદારનુ કામ મહેન્દ્રભાઈ તથા તેમની પત્ની તે જેઓ મં દીર તથા રૂમોની અંદર પોતુ કામ કરતા હતા. તેઓ સવારથી જતા રહેલાનુ જાણવા મળેલ. આ મંદીરના ટ્રસ્ટી ચીમનભાઈ પટેલ તથા માતાજી તથા

મોહનભાઈ લુહાર તથા કરમણભાઈ પટેલ ને કોણે કયા હથિયારથી મારેલ હશે તે અંગે કંઈ જાણતો નથી. આ ચારેય ઈસમોને કોણે કયા કારણોસર ધારદાર હથિયાર તેમનું મોત નીપજાવેલ હશે તે અંગે પોતે જાણતો નથી. મહેન્દ્રભાઈ તથા તેમની પત્ની કયાના વતની હતા તે પણ પોતે જાણતો નથી''. તેમની તપાસ દરમ્યાન સાહેદ ભલારામ નાથાજી ગરાસીયાનાઓનુ નીવેદન લીધેલ જેમા એવી હકિકત લખાવેલ છે કે, '' ગઈ કાલ તા.૩/૪/૨૦૦૪ ના રોજ બપોર સુધી કામ કરેલ અને બપોર પછી રોટી ખાવા છુટેલા.અને બપોરે ૨ વાગે દાળરોટી ખાધા પછી અમો પથ્થરકામ કરવા સારૂ આવેલા. તે વખતે આંટારામ રાજાજી મંદીરની ઉતરદિશામા આવેલા પાણીની ચકલીએ પાણીપીવા સારૂ ગયેલો. અને તેણે ચકલીની નજીકમા લોહીના ધાબા જોઈ દોડતો મંદરીની પાછળ અમો કામ કરતા હતા ત્યા આંટારામ રાજાજી આવેલો અને ઉપર મુજબની લોહીના દાગની વાત કરતા અમો બધા કામ કરવાવાળા ઉંટવા ગામે ગયેલા. અને ઉંટવા ગામમા રાવળ આત્મારામને મંદીરમા લોહીના દાગ અને ધબાવાળી વાત કરેલ નહી પરંતુ મં દીરના પુજારી તેમજ માતાજી અને કરમણભાઈ તેમજ તેમના કોન્ટ્રાકટર મોહનલાલ અને મંદીરના ચોકીદાર મહેન્દ્રસિંહ જે મંદરીના મખ્ય દરવાજે જે ઉ ટવાગામ તરફનો આવેલ છે તે દરવાજાની બાજુમા મંદીરની જગ્યા આવેલ ઉપરની ધાબાવાળી ઓરડીમા તેની પત્ની સાથે રહેતો હતો, જે લોકો પણ દેખાયેલ નહી. આ લોકોને તેઓ તા.૬/૩/૨૦૦૪ ના રોજ મંદીરના પથ્થરકામ કરવાના લીધે ઓળખીએ છીએ. આ તમામ માણસોની હાજરી ના હોવાથી તેઓ ફરીથી પાછા ઉંટવા ગામે ગયેલા અને રાવળ આત્મારામને મળીને તેઓએ વાત કરેલ કે મંદીરમા કોઈજ દેખાતુ નથી. અને તેમને મશીનનુ કામ છે. તેવી વાત કરતા તેમને આત્મારામભાઈએ જણાવેલ કે તમો ચીંતા

કરશો નહી. ચિમનકાકા અને મંદીરના માણસો કયાંક ગયા હશે તો આવી જશે. પછી આજુબાજુ માંથી લોકો ભેગા થયેલા અને પોલીસ પણ આવી ગયેલી. તે પછી સૌથી પહેલા મંદીરના વહીવટકર્તા ચિમનકાકાની લાશ એક રૂમ માંથી મળી આવેલી. તે પછી બીજી લાશ માતાજીની બાથરૂમ માંથી મળી આવેલી. અને ત્રીજી બે લાશો મંદીરની સામેના ઉતર દિશાના પહેલા રૂમ માંથી મળી આવેલી. પરંતુ મંદીર મા ચોકી કરતા મહેન્દ્રસિંહ કે તેની પત્ની મળી આવેલ નહી. ત્યારબાદ પોસ્ટમર્ટમ સારૂ ચિમનકાકાની લાશ પોલીસ સીવીલમા લઈ ગયેલી. ત્યારબાદ માતાજીની લાશ પોસ્ટ મર્ટમ સારૂ લઈ ગયેલા. અને ત્યારબાદ મોહનભાઈ કોન્ટ્રાકટરની લાશ પોસ્ટ મર્ટમ સારૂ લઈ ગયેલા અને છેલ્લે કરમણભાઈની લાશ પોસ્ટ મર્ટમ સારૂ લઈ ગયેલા. કોન્ટ્રાકટર મોહનભાઈની લાશ તેઓ ઓળખતા હતા. તેમનુ ગામ પીંડવાડા , તા.શીરોહીવાળા, હાલ રહે. ઉંટવા ભૈરવ ટેકરી મુકામે રહેતા હતા. આ બનાવ વખતે તેઓ હાજર ના હતા પરંતુ આ મંદીરમા રહેતા ચોકીદાર મહેન્દ્રભાઈ તથા તેની પત્ની કયાંક જતા રહેલ છે.અને વાતોવાતથી અમોએ જાણેલ કે આ ચારેય જણાંના ખુન ચોકીદારે કરેલ છે.'' તેમની તપાસ દરમ્યાન સાહેદ મંગલસિંહ ચીમનસિંહ રાજપુતનાઓનુ નીવેદન લીધેલ જેમા એવી હકિકત લખાવેલ છે કે, '' તા.૨/૪/૨૦૦૪ ના રોજ દરરોજના નીયમ મુજબ તેઓ તમામ માણસો ૮ વાગ્યે તેઓના કામ ઉપર લાગેલા દરમ્યાન આશરે પોણા બાર વાગ્યાના સુમારે મોહનભાઈ અમારી પાસે આવેલા અને તેમને કહેલ કે તમો તમારુ કામ ચાલુ રાખજો હુ અને દાદા અમદાવાદ ખાતે કામ અર્થે જઈએ છીએ. સાંજના પાછા આવીશુ તેમ કહી અમદાવાદ ગયેલા અને અમો બપોર પછી અમારા કામ ઉપર હાજર હતા દરમ્યાન સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે મોહનભાઈ તથા દાદા તેઓની ગાડી લઈ મંદીરે પરત

આવેલા અને અમોને મળેલા ત્યારબાદ ૬ વાગ્યે તેઓ તેમનું કામ બંધ કરી તેમની ઓરડીએ ગયેલા અને બીજા દિવસે સવારે ૮ વાગ્યે અમો કામ ઉપર આવાત મંદીરના પુજારણ માતાજી તેઓના કોન્ટ્રાકટર મોહનભાઈ તથા દાદા તથા કરમણભાઈ જે મંદીરમા સફાઈ કામકાજ કરતા હતા તે તથા છેલ્લા ૨૦ દિવસથી મંદીરમા એક ભાઈ તથા તેની પત્ની રહેવા આવેલ તે તમામ માણસો જણાયેલા નહી. જેથી તેઓ પરત તેમની ઓરડીએ ગયેલા અને બપોરે જમી પાછા ૨ વાગ્યાના સુમારે  મંદીરે ગયેલા. તો પણ ઉપરોત માણસો પૈકી કોઈ જણાયેલ નહી. અને મંદીર, ઓફીસ, તમામ રૂમો તથા મુખ્ય દરવાજાઓને તાળા મારેલ જણાયેલા. તે વખતે તેમની સાથે મજુરી કામ કરતા મોટારામ પાણી પીવા ચકલીએ જતા તે ચકલીએ જઈ તેમની પાસે આવેલો અને તેમને કહેલ કે ચકલીએ લોહીના છાંટા પડેલ છે જેથી અમો તમામ પાછા તેમની ઓરડીએ ગયેલા અને તેમની ઓરડીની બાજુમા લીબુંડીના ખેતરમા રહેતા એક કાકાને તેમણે તાળા બંધ હોવા બાબતે તથા કોઈ દેખાતુ નથી  તથા લોહીના ટીંપા પડેલા જણાયેલ છે તે વાત કરેલી. ત્યારબાદ તેમની ઓરડીએ હાજર હતા દરમ્યાન ૬ વાગ્યાના સુમારે  લીબુંડીઓમા રહેતા કાકાનો દિકરો જેના નામની તેમને ખબર નથી. તે તેમની ઓરડી ઉપર આવતા તેઓએ તેને પણ ઉપરની વાત કરતા તે સમાચાર આપવા ગામમા ગયેલો અને થોડીવારમા   ઉંટવા ગામના ઘણા માણસો મંદીર આગળ રોડ ઉપર ભેગા થયેલા અને  મંદીરના તાંળા બંધ છે કોઈ માણસ દેખાતુ નથી તે બાબતે ટોળા પૈકીના કોઈએ પોલીસને જાણ કરેલી અને થોડવાર પછી પોલીસ આવેલી અને પોલીસ તથા ગામના માણસોએ મંદીરમા તપાસ કરતા મં દીરના સંચાલક દાદની લાશ ઓફીસની બાજુના રૂમ માંથી મળી આવેલ અને દાદાને કોઈએ ગરદન ઉપર તીક્ષ્ણ હથિયારના ઘા મારી મારી નાખેલાનુ

જાણેલુ અને તે બાબતે દાદાના દિકરાની વહુએ પોલીસમા ફરીયાદ આપેલી અને બીજા માણસો નહી જણાતા ત્યા મંદીરના રૂમો , જાજરૂ, બાથરૂમને તાંળા મારેલ હોઈ પોલીસ તથા ગામના લોકોએ સાથે રહી તાળા તોડી તપાસ કરતા મંદીરના પુંજારણ માતાજીની લાશ ઓફીસની પાછળ આવેલ જાજરૂ માંથી મળી આવેલ તથા અમારા કોન્ટ્રાકટર મોહનભાઈ લુહાર તથા કરમણભાઈ બંનેની લાશ રસોડાની બાજુમા આવેલ પ્રથમ રૂમ માંથી ગોદડા માંથી સંતાડેલ મળી આવેલ તેઓ બંનેને પણ ગરદન ઉપર તીક્ષ્ણ હથિયારથી ઘા મારી મારી નાખેલ હતા અને ૨૦ દિવસ અગાઉ જે પતી–પત્ની રહેવા આવેલ જેમા પુરુષને દાદા જયારે બોલાવતા ત્યારે મહેન્દ્ર કહેતા તથા તેની પત્નીને રાજકુમારના નામથી બોલાવાતા તે બંને જણાયેલા નહી કે મળી આવેલા નહી. આ મહેન્દ્ર આશરે ૩૫ વર્ષની ઉંમરનો હતો. તેની પત્ની ૩૦ વર્ષની હતી. તેઓને કોઈ બાળકો ના હતા. અને આ મંદીરના સંચાલક દાદા તથા માતાજી તથા અમારા કોન્ટ્રાકટર મોહનભાઈ તથા કરમણભાઈને કયા કારણસોર તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોત નીપજાવેલ તે બાબતે મને કોઈના ઉપર શક ના હતો.''

બચાવપક્ષે આરોપીઓના તરીકે વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેમની પાસે તપાસ હતી ત્યારે આરોપીની ચોકકસ લીંક કે ઓળખ મળેલ નહી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મંદીર ટ્રસ્ટનું હતુ. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, સગર સાહેબે જે કંઇ તપાસ કરેલ તેની તેમને જાત માહીતી નથી. સાહેદ જણાવે છે કે રેકર્ડ આધારિત છે.

**આ સાહેદનો પુરાવો જોઈએ તો ઉલટપાસમાં એવું જણાવેલ કે, તેની પાસે તપાસ હતી ત્યારે આરોપીની ચોકકસ લીન્ક કે ઓળખ મળેલ નહી. આ જુબાનીના આધારે બચાવપક્ષે એવી રજુઆત થયેલ છેકે આરોપી નું ચોકકસ**

**ઓળખ મળેલ નથી અને તેથી ખોટી વ્યકતિને આ ગુનામાં અટક કરવામાં આવેલ છે અને એવી પણ રજુઆત છે કે આરોપી નં.૧ મહેન્દ્રસિંહ હોવાનો કોઇ પુરાવો નથી. પરંતુ સમગ્ર પુરાવો જોઇએ તો હાલના આરોપી નં.૧ ને જ મહેન્દ્ર સિંહ તરીકે પોતાની જાતને ઓળખાવી આશ્રમ એટલે કે આરોપી નં.૨ સાથે રહેતા સાહેદોએ જોયેલ છે. આ સંજોગોમાં તપાસ દરમ્યાન ઓળખ કે લીંક મળેલ નથી. તેનો અર્થ એવો થાય કે તેની તપાસ દરમ્યાન આરોપી મળી આવેલ નથી. આરોપીનું નામ શું હતું તે સબંધે આંક–૮૪ની ફરિયાદમાં ફરિયાદ દાખલ થઇ ત્યારે જ જાહેર થયેલ છે. ફરિયાદી તથા અન્ય સાહેદોએ તે જે તપાસ આરોપીઓની ધરપકડ પહેલા થઇ તેમાં આરોપીઓના નામ જણાવેલ છે.**

(૫૧) ફરિયાદપક્ષે **આંક–૧૬૦ થી દિગ્વીજયસિંહ દેવીસિંહ શોઢા,** (p.w.36)ને તપાસેલ છે. જેઓ આ કામના બીજા તપાસ કરનાર છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ઓગષ્ટ–૨૦૨૦મા કડી પો.સ્ટે.મા પીઆઈ તરીકે ફરજ બજાવતા હતા. દરમ્યાન આતંકવાદ વિરોધીદળની કચેરી દવારા કડી પો.સ્ટે.મા વર્ષ ૨૦૦૪મા નોંધાયેલ ચાર વ્યકિતઓના ખુનના ગુનામા આરોપીને એ.ટી.એસ દવારા અટક કરવામા આવેલ હતા. તેનો કબજો સંભાળી લેવા કડી પો.સ્ટે.મા જાણ કરવામા આવેલી. તે ગુનામા આરોપીની કાયદેસરની કાર્યવાહી કરવા તેનો કબજો મેળવવા કડી પો.સ્ટેના પી.એસ.આઈશ્રી રાતડાને એટીએસ કચેરી અમદાવાદ ખાતેથી આરોપીનો કબજો મેળવી તેને સોપવા યાદી આપેલી. જે આધારે પીએસઆઈશ્રી રાતડાએ આરોપીનો કબજો એટીએસ અમદાવાદ ખાતેથી સંભાળેલ. કડી પો.સ્ટે લાવેલ તથા આરોપીને કડી પો.સ્ટેમા નોધાયેલ ગુનામા ધરપકડ કરવાની હોઈ તેનુ શરીરસ્થીતીનુ બે પંચો રૂબરૂ

પંચનામુ કરવામા આવેલ. આરોપીની ઉપરોકત ગુનામા ધરપકડ કરવામા આવેલ તેમજ તે અંગેની નોંધ કરવા પીએસઓને રીપોર્ટ કરવામા આવેલ. આરોપી ગુનાવાળી જગ્યા સામે ચાલીને બતાવવા માગતો હોઈ આરોપી તથા પંચો રૂબરૂ પંચનામુ કરી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે જઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવામા આવેલ. ઉપરોકત ગુનાની તપાસના કામે અગાઉ સાહેદોએ આરોપીને જોયેલ હોવાથી સાહેદો રૂબરૂ આરોપીની ઓળખ પરેડ અંગેની કાર્યવાહી કરવા સારૂ એકજી.મેજી.શ્રી, કડીનાઓને રીપોર્ટ કરવામા આવેલ. ઓળખ પરેડમા હાજર રહેવા સારૂ આરોપીને ઓળખતા હોય તે સાહેદોને જાણ કરવામા આવેલ. ઓળખ પરેડ પુર્ણ થયે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લેવામા આવેલ. સદર ગુનાની તપાસ પુર્ણ થતા આરોપીની વિરુધ્ધ ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે તેમ જણાવી ઓળખી બતાવેલ છે. આરોપી મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવિંદસિંહ નામ હતુ. આંક–૩૩ થી આરોપીની શરીરસ્થીતીનુ પંચનામુ રજુ છે. આંક–૭૫ થી પુરાવા અધીનીયમની કલમ ૨૭ મુજબ આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવેલ તે જગ્યાનુ પંચનામુ તથા આંક–૪૭ વાળુ આરોપીની ઓળખ પરેડ અંગેનુ પંચનામુ બતાવતાં જેમાં પંચોની તથા પોતે કરેલ સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૬૧ થી આરોપીની તપાસમા રહેવા સારૂ ના.પો.અ.શ્રી ગાંધીનગરનો રીપોર્ટ રજુ કરેલ છે. આંક–૧૬૨ જયુડી.મેજી.ફ.ક શ્રી કડીનાઓનુ સીઆરપીસી કલમ ૮૨ મુજબ જાહેરનામુ રજુ કરેલ છે. આંક–૧૬૩ થી પીઆઈશ્રી એલ.સી.બી મહેસાણા નાઓએ સીઆરપીસી કલમ ૧૭૩ મુજબ **એ** સમરી ભરવા કરેલ રીપોર્ટ રજુ કરેલ છે. આંક–૧૬૪ **થી** આરોપીને એટીએસ દવારા પકડેલ

હોય તેની પાસેથી કબજો મેળવી રજુ કરવા પીએસઆઈશ્રી એસ.ડી.રાતડાને કરેલ હુકમમા કરેલ સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૬૫ થી આરોપીને આ ગુનાના કામે અટક કર્યા અંગે સ્ટે.ડામા નોંધ કરવા પીએસઓ કડીને કરેલ રીપોટમા કરેલ પોતાની સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૬૬ થી આરોપી ગોવિંદસિંહને ઓળખ પરેડ કરાવવા મામલતદારશ્રી કડીને તેઓએ કરેલ વિનંતી રીપોર્ટમાં સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૬૭ થી ૧૬૯ વાળા આરોપીની ઓળખ પરેડ અંગે સાહેદ ભુપેન્દ્ર પવીણભાઈ, અબુજી જેહુજી તથા દિલીપ ઈશ્વરભાઈને મામલતદાર કચેરી હાજર રહેવા કરેલ નોટીસમા કરેલ સહી ઓળખી બતાવેલ છે. આંક–૧૭૦ થી એફએસએલ અમદાવાદ દવારા પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો ફોરવડીંગ લેટર છે જે તેમની કચેરીમા મળેલ જે રજુ કરેલ છે. તથા ૧૭૧ થી ફોરવડીંગ પત્ર સાથે પૃથ્થકરણ અહેવાલ મળેલ જે રજુ કરેલ છે.. આંક–૧૭૨ થી એફએસએલ સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ જે ફોરવડીંગ પત્ર સાથે મળેલ જે રજુ કરેલ છે. તેઓની તપાસ દરમ્યાન સાહેદ શંકુતલાબેન વા/ઓ દિલીપભાઈ ઈશ્વરભાઈ પટેલ, દીલીપભાઈ ઈશ્વરભાઈ પટેલ,ભુપેન્દ્રભાઈ પ્રવીણચંદ્ર જોષી,અંબુજી ચેહુજી સોઢા,ભીખાભાઈ બાબુભાઈ પટેલ,આત્મારામ પુંજીરામ પટેલનાઓના નીવેદન લીધેલ જે તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ તેમ જણાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, આરોપીની ધરપકડ થયેલ છે તેવું એટીએસ દ્રારા તેઓને જાણવા મળેલ. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે **તપાસ શરુ થઇ**

**ત્યારે અગાઉ થયેલ તપાસના કાગળો જોયેલા, તેમાં ગોવિદસિંહ આરોપી હતો તેવો ઉલ્લેખ નથી.** એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, આરોપીનું નામ મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવિંદ સિંહ હોવા અંગેનો કોઇ પુરાવો આગળની તપાસમાં મળેલ નથી, **આરોપીનું નામ મહેન્દ્રસિંહ છે તેવું જણાઇ આવે તેવો કોઇ પુરાવો આધારકાર્ડ, ચુંટણીકાર્ડ કે પાનકાર્ડ મેળવેલ નથી.** એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે આરોપીને બનાવવાળી જગ્યાએ તા.૮/૮/૨૦ના રોજ લઇ ગયેલ હતા. તથા તા.૧૯/૦૮/૨૦ના રોજ એકઝી. મેજી.શ્રીને ઓળખ પરેડ માટે રિપોર્ટ કરેલ.

(૫૨) ફરિયાદપક્ષે **આંક-૧૭૫ થી ધર્મિષ્ઠા ભુપતભારથી ગોસ્વામી,** (p.w.37)ને તપાસેલ છે. <u>જેઓ આ કામના ત્રીજા તપાસ કરનાર છે.</u> તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬/૬/૨૦૨૧ ના રોજ પીઆઈ તરીકે કડી પો.સ્ટેમા ફરજ બજાવતા હતા. તે દરમ્યાન અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આરોપી રાજકુમારી ઉર્ફે ડીસ્કો ઉર્ફો સરોજ વા/ઓ ગોવિંદસિંહ રહે.ન્યુદિલ્હીવાળીને દિલ્હીથી હસ્તગત કરી અમદાવાદ ડીસીબી પો.સ્ટે.સીઆરપીસીની કલમ ૪૧ (૧)(આઈ) મુજબની વર્ધી મળતા ફરજ ઉપરના પીએસઓએ સદર વર્ધી અંગેની તેઓને જાણ કરતા , જરૂરી જાપ્તા સાથે ડીસીબી પો.સ્ટેથી સદર આરોપીનો કબજો મેળવવા તજવીજ કરેલી. આરોપી બાઈને ચાર્જશીટમા લાલશાહીથી લખીને નાસતા ફરતા બતાવેલ હોય જે કાગળ મેળવી લીધેલ અને તેનાથી વાકેફ થઈ આગળની તપાસ સંભાળી લીધેલ. આરોપીને અટક કરી અટકની નોંધ સ્ટે.ડામા કરવા રીપોર્ટ કરેલ. ઓળખની ઓળખવીધી સારૂ સાહેદોને નોટીસ આપેલ. આરોપીનુ શરીરસ્થીતીનુ પંચનામુ બે પંચોની હાજરીમા કરી લીધેલ. બાદ આરોપી બાઈ ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોઈ બે પંચો બોલાવી પં

ચોની હાજરીમા ગુનાવાળી જગ્યા બતાવતા  પંચનામુ લખી લઈ પંચોની સહી લઈ રૂબરૂ તરીકે પોતે કરેલ સહી ઓળખી બતાવી, આરોપી બાઈ વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલુ. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. આંક–૧૭૬ થી સીઆરપીસીની કલમ ૪૧(૧)આઈ મુજબ આરોપીની પંચો રૂબરૂ અટક કરી દફતરી નોંધ કરવા ડીસીબી પીએસઓ નાઓને કરેલ રીપોર્ટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ છે. આંક–૧૭૭ થી કડી પો.સ્ટે. ટેલીફોન આવક વર્ધી નં.૨૫૫/૨૧ નો ઉતારોમા પીએસઓની ઓળખી બતાવેલ છે. આંક–૧૭૮ થી  આરોપીની અટકની નોંધ સ્ટે.ડામા કરવા સારૂ કરેલ રીપોર્ટમા પોતે કરેલ સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૭૯ થી મામલતદારશ્રી કડીનાઓને આરોપીની ઓળખ પરેડ કરાવવા સારૂ તારીખ અને સમય જણાવવા સારૂ કરેલ રીપોટમા પોતે કરેલ સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૮૦ થી સાહેદ પટેલ શકુંતલાબેન દિલીપભાઈનાઓને આરોપીની ઓળખ સારૂ મામલતદાર કચેરીએ હાજર રહેવા આપેલ નોટીસમા કરેલ સહી છે ઓળખી બતાવેલ છે. આંક–૧૮૧ થી સાહેદ પટેલ દિલીપભાઈ ઈશ્વરભાઈ નાઓને આરોપીની ઓળખ સારૂ મામલતદાર કચેરીએ હાજર રહેવા આપેલ નોટીસમા કરેલ સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૧૮૨ થી સાહેદ જોષી ભુપેન્દ્રભાઈ પ્રવીણભાઈનાઓને આરોપીની ઓળખ સારૂ મામલતદાર કચેરીએ હાજર રહેવા આપેલ નોટીસમા કરેલ સહી ઓળખી બતાવી રજુ કરેલ છે.આંક–૯૬ થી આરોપી બાઈ રાજકુમારી ગોવિંદસિંહ યાદવની અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમા થયેલ શરીરસ્થીતીનુ  પંચનામુ જે મેળવી

તપાસના કામે સામેલ રાખેલ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.આંક–૯૮ થી આરોપી બાઈ રાજકુમારી ગોવિંદસિંહ યાદવનાઓએ પોલીસ કસ્ટડીમા હતા તે વખતે પંચોની રૂબરૂમા બતાવેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામામાં કરેલ સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. આંક–૯૩ થી આરોપીની ઓળખ પરેડ અંગેનુ પંચનામુ છે જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ છે. આંક–૮૯ થી આરોપી બાઈ રાજકુમારી ગોવિંદસિંહ યાદવનુ શરીરસ્થીતીનુ પંચનામુ છે જે બે પંચોની હાજરીમા પંચોના લખાવ્યા મુજબ લખી લઈ રૂબરૂ તરીકે કરેલ સહી કરેલ જે ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં પુછતાં તે વાત ખરી હોવાનું જણાવેલ છે કે, આરોપીને અમદાવાદ કાઈમ બ્રાન્ચ પકડેલ છે તેવી માહીતી મળી ત્યારે તે અગાઉ થયેલ તપાસની હકીકતથી માહીતગાર થયેલ હતી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે શકુંતલાબેન દિલીપભાઈ પટેલ દિલીપભાઈ ઈશ્વરભાઈ પટેલ અને ભુપેન્દ્રભાઈ પ્રવીણભાઈ જોષીનાઓને ઓળખ પરેડ માટે બોલાવેલા, તેઓના નીવેદન અગાઉની ૨૦૦૪ ની તપાસમા ના હતા. સાહેદ જાણાવે છે કે ૨૦૨૦ ની સોઢા સાહેબની તપાસમા હતા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે ઓળખ પરેડ કરાવ્યા બાદ તેમણે આ ત્રણ સાહેદોના નીવેદન લીધેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે ૨૦૦૪ ની તપાસમાં આરોપી બાઈનું કોઈ વર્ણન ના હતું. સાહેદ જણાવે છે કે ફરીયાદમા નામ હતું. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે આ આરોપી રાજકુમારીનું રહેવાનું એડ્રેસ મધ્યપ્રદેશનું જાહેર થયેલા ૨૦૦૪ મા બનાવા બન્યો તે પહેલા આરોપી રાજકુમારી મધ્ય પ્રદેશ રહેતા હતા કે કેમ તે અંગે તેણીએ તપાસ કરેલ નહી. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે તેમની પાસે તપાસમા એ હકિકત ખુલેલી કે આરોપી રાજકુમારીને દિલ્હીથી પકડીને લાવેલા, આરોપી રાજકુમારી દિલ્હીમા જણાવેલ સરનામે

કેટલા વખતથી રહેતા હતા તે અંગે કોઈ તપાસ કરેલ નથી. આરોપી રાજકુમારીને દિલ્હીથી પીએસઆઈ ગુર્જર લાવેલ હતા. આરોપીનુ શરૂઆતનુ શરીરસ્થીતીનુ પંચનામું પીએસઆઈ ગુર્જરે કરેલુ.

આમ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ત્રણેય તપાસ કરનાર અધીકારીઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે.

**(૫૩) નામદાર સુપ્રિમ કોર્ટે ક્રિષ્ના મોચી વિ.સ્ટેટ ઓફ બિહાર, ૨૦૦૨(૬) એસ.સી.સી.૮૧, ના ચુકાદામાં પુરાવાના મુલ્યાંકન અંગે નીચે મુજબ ઠરાવેલ છે. જે હાલના કેસમાં લાગુ પડે છે.**

**75**. It is matter of common experience that in recent times there has been sharp decline of ethical values in public life even in developed countries much less developing one, like ours, where the ratio of decline is higher. Even in ordinary cases, witnesses are not inclined to depose or their evidence is not found to be credible by Courts for manifold reasons. One of the reasons may be that they do not have courage to depose against an accused because of threats to their life, moreso when the offenders are habitual criminals or high -ups in the Government or close to powers, which may be political, economic or other powers including muscle power. A witness may not stand the test of cross- examination which may be sometime because he is a bucolic person and is not able to understand the question put to him by the skillful cross-examiner and at times under the stress of cross-examination, certain answers are snatched from him. When a rustic or illiterate witness faces as astute lawyer, there is found to be imbalance and, therefore, minor discrepancies have to be ignored. These days it is not difficult to gain over a witness by money power or giving him any other allurence or giving out threats to his life and/or property at the

instance of persons, in/or close to powers and muscle men or their associates. Such instances are also not uncommon where a witness is not inclined to depose because in the prevailing social structure he wants to remain indifferent. It is most unfortunate that expert witnesses and the investigating agencies and other agencies which have an important role to play are also not immune from decline of values in public life. Their evidence sometimes becomes doubtful because they do not act sincerely, take everything in a casual manner and are not able to devote proper attention and time.

**76**. Thus, in a criminal trial a prosecutor is faced with so many odds. The Court while appreciating the evidence should not lose sight of these realities of life and cannot afford to take an unrealistic approach by sitting in ivory tower. I find that in recent times the tendency to acquit an accused easily is galloping fast. It is very easy to pass an order of acquittal on the basis of minor points raised in the case by a short Judgement so as to achieve the yardstick of disposal. Some discrepancy is bound to be there in each and every case which should not weigh with the Court so long it does not materially affect the prosecution case. In case discrepancies pointed out are in the realm of pebbles, Court should tread upon, it but if the same are boulders, Court should not make an attempt to jump over the same. These days when crime is looming large and humanity is suffering and society is so much affected thereby, duties and responsibilities of the courts have become much more. Now the maxim "let hundred guilty persons be acquitted, but not a single innocent be convicted" is, in practice, changing world over and Courts have been compelled to accept that "society suffers by wrong convictions and it equally suffers by wrong

acquittals". I find this Court in recent times has conscientiously taken notice of these facts from time to time. In the case Inder Singh and another V/s. State (Delhi Administration), Krishna Iyer, J. laid down that "Proof beyond reasonable doubt is a guideline, not a fetish and guilty man cannot get away with it because truth suffers some infirmity when projected through human processes". In the case of State of Uttar Pradesh V/s. Anil Singh, it was held that a Judge does not preside over a criminal trial merely to see that no innocent man is punished. A Judge also presides to see that a guilty man does not escape. One is as important as the other. Both are public duties which the Judge has to perform. In the case of State of West Bengal V/s. Orilal Jaiswal and another (1994) 1 Supreme Court Cases 73, it was held that justice cannot be made sterile on the plea that it is better to let hundred guilty escape than punish an innocent. Letting guilty escape is not doing justice, according to law. In the case of Mohan Singh and anr. V/s. State of M.P. (1999) 1 Supreme Court Reports 276, it was held that the Courts have been removing chaff from the grain. It has to disperse the suspicious cloud an d dust out the smear of dust as all these things clog the very truth. So long chaff, cloud and dust remains, the criminals are clothed with this protective layer to receive the benefit of doubt. So it is a solemn duty of the Courts, not to merely conclude and leave the case the moment suspicions are created. It is onerous duty of the Court, within permissible limit to find out the truth. It means, on one hand to innocent man should be punished but on the other hand to see no person committing an offence should get scott free. If in spite of such effort suspicion is not dissolved, it remains writ at large, benefit of doubt has to be credited to the accused.

(૫૪) આ ઉપરાંત ક્રીમીનલ ટ્રાયલમાં પુરાવાના મુલ્યાંકન અંગે નામ.સુપ્રિમકોર્ટના State Of Madhya Pradesh Versus Balveer Singh, 2025-SCC-8-545ના તારણો ધ્યાને લેવા જરુરી છે.

41. In State of U.P. vs. Satish reported in (2005) 3 SCC 114 this Court held that before the delay in examination of any particular witness can be taken into consideration to impeach their credibility, the IO must be first asked by the accused to explain the delay by putting a question in this regard. The relevant observation reads as under: -

"20. It is to be noted that the explanation when offered by the IO on being questioned on the aspect of delayed examination by the accused has to be tested by the court on the touchstone of credibility. If the explanation is plausible then no adverse inference can be drawn. On the other hand, if the explanation is found to be implausible, certainly the court can consider it to be one of the factors to affect credibility of the witnesses who were examined belatedly. It may not have any effect on the credibility of the prosecution's evidence tendered by the other witnesses."

55. Irrespective of whether the testimony of a witness is tutored or not, the same, generally may be classified into three categories: -

(i) wholly reliable;
(ii) wholly unreliable;
(iii) neither wholly reliable nor wholly unreliable.

In the first category of proof, the court should have no difficulty in coming to its conclusion either way - it may convict or may acquit on the testimony of a single witness. If it is found to be beyond approach or suspicion of interestedness, incompetence or subordination. In the second category, the court equally has no difficulty in coming to its conclusion. It is in the third category of cases, that the court has to be circumspect and has to look for corroboration in material particulars by reliable testimony, direct or circumstantial. There is another danger in insisting on plurality of witnesses. Irrespective of the quality of the oral evidence of a single

witness, if courts were to insist on plurality of witnesses in proof of any fact, they will be indirectly encouraging subordination of witnesses. Situations may arise and do arise where only a single person is available to give evidence in support of a disputed fact. The court naturally has to weigh carefully such a testimony and if it is satisfied that the evidence is reliable and free from all taints,which tend to render oral testimony open to suspicion, it becomes its duty to act upon such testimony. The law reports contain many precedents where the court had to depend and act upon the testimony of a single witness in support of the prosecution. [See: **Ramratan and others vs. State of Rajasthan reported in AIR 1962 SC 424 ; Guli Chand and others vs. State of Rajasthan reported in AIR1974 SC 276 ; Badri vs. State of Rajasthan reported in AIR 1976 SC 560** ]

56. The appreciation of testimony of a witness is a hard task. There is no fixed or straight jacket formula for appreciation of the ocular evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under: -

**a.** While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief.

**b.** If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the Trial Court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.

**c.** When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the court is justified in jettisoning his evidence.

**d.** Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.

**e.** Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

**f.** By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

**g.** Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

**h.** The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

**i.** By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

**j.** In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.

**k.** Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

**l.** A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The subconscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

**m.** A former statement though seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness.

**n.** The evidence of an interested and/or related witnesses should not be examined with a coloured vision simply because of their relationship with the deceased. Though it is not a rule of law, it is a rule of prudence that their evidence ought to be examined with greater care and caution to ensure that it does not suffer from any infirmity. The court must satisfy itself that the evidence of the interested witness has a ring of truth. Only if there are no contradictions and the testimony of the related/interested witness is found to be credible, consistent and reasonable, can it be relied upon even without any corroboration. At the end of the day, each case must be examined on its own facts. There cannot be any sweeping generalisation.
[See **Bharwada Bhoginbhai Hirjibhai vs. State of Gujarat reported in AIR 1983 SC 753; Leela Ram vs. State of Haryana reported in AIR 1999 SC 3717; Tahsildar Singh vs. State of UP reported in AIR 1959 SC 1012** ]

(૫૫) <u>આરોપી તર્ફે શંકાનો લાભ આરોપીને મળવો</u> જોઇએ તેવી રજુઆત છે. પરંતુ કોર્ટે નિર્દોષને સજા ન થાય તે સાથે દોષિત છટકી ન જાય તે પણ જોવાનું છે. આરોપીને શંકાનો લાભ મળી શકે પણ જો તે વ્યાજબી શંકા કેસના સંજોગો જોતાં બનાવ બન્યા સબંધે હોય તો. માત્ર કાલ્પનીક,નજીવી બાબત કે સંભવિત શંકાને વ્યાજબી શંકા ન ગણી શકાય, તે કારણો કોમનસેન્સ આધારિત હોવી જોઇએ. જયારે સાહેદના પુરાવામાં ખુબજ વિસંગતતા તેની ભરોસાપાત્રતા અંગે જણાય ત્યારે જ તેના પુરાવાને નહી માનવો ન્યાયી છે. નામદાર સુપ્રિમકોર્ટના **સ્ટેટ ઓફ એમ.પી. વિ. બલવિરસિંગ,** ૨૦૨૫(૮) એસ.સી.સી. ૫૪૫ ના ચુકાદાના પેરા-૯૦ ધ્યાને લેતાં

90. This appeal reminds us of Justice V. R. Krishna Iyer's observations in Dharm Das Wadhwani vs. State of U.P. reported in (1974) 4 SCC 267 : **" The rule of benefit of reasonable doubt does not imply a frail willow bending to every whiff of hesitancy. Judges are made of sterner stuff and must take a practical view of legitimate inferences owing from evidence, circumstantial or direct."** The role of courts in such circumstances assumes greater importance and it is expected of the courts to deal with like one on hand, cases in a more realistic manner and not allow the criminals to go scot-free on account of procedural technicalities, perfunctory investigation or insignicant lacunas in the evidence as otherwise serious crimes would go unpunished. The courts are expected to be sensitive in cases involving crime against women. આ ઉપરાંત નામ.સુપ્રીમ કોર્ટે **Goverdhan vs The State Of Chhattisgarh,** 2025(3) SCC 378 માં ઠરાવેલ છે કે,

26. The requirement of law in criminal trials is not to prove the case beyond all doubt but beyond reasonable doubt and such doubt cannot be imaginary, fanciful, trivial or merely a possible doubt but a fair doubt based on reason and common sense. Hence, in the present case, if the allegations against the appellants are held proved beyond reasonable doubt, certainly conviction cannot be said to be illegal.

(૫૬) આ કામે <u>સાહેદોની જુબાનીમાં કોઇ મોટો વિરોધાભાષ આવેલ નથી.</u>

<u>તેમ છતાં</u> જ્યારે લાંબા સમય બાદ સાહેદને તપાસવામાં આવે ત્યારે અમુક અંશે વિરોધાભાષ આવવો સ્વાભાવિક છે, ફરિયાદપક્ષના સાહેદના નિવેદનમાં થોડો તફાવત હોઈ શકે છે તેનાથી ફરિયાદપક્ષનો કેસ નબળો પડી જતો નથી. સામાન્ય વિરોધાભાષ ફરિયાદપક્ષના પુરાવામાં હોય તે સ્વભાવિક છે તે સાહેદની વિસ્વાસપાત્રતાને સમર્થન કરે છે. હાલના કેસમાં સાહેદોની જુબાની બનાવના આશરે ૨૦ વર્ષ બાદ થયેલ છે અને બનાવ બાદ આરોપીઓ ફરાર થઈ ગયેલા હતા અને ૧૫-૧૬ વર્ષ બાદ મળી આવ્યા બાદ ટ્રાયલ શરુ થયેલ છે. આરોપીનું બનાવ બાદ ફરાર થઈ જવું પુરાવાના કાયદાની કલમ-૮ અન્વયે સુસંગત છે તેવું નામ.સુપ્રિમકોર્ટે NCT Delhi વિ. Shiv Charan (2020)2, SCC 290ના ચુકાદામાં ઠરાવેલ છે. નામદાર સુપ્રિમકોર્ટે **વિનોદકુમાર વિ. સ્ટેટ ઓફ હરિયાણા**ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે સાહેદના પુરાવામાં ખુબજ વિસંગતતા તેની ભરોસાપાત્રતા અંગે જણાય ત્યારે જ તેના પુરાવાને નહી માનવો ન્યાયી છે. માણસ ખોટું બોલે પરંતુ સંજોગો નહી. એક માં ખોટું તમામમાં ખોટું તે નિયમ ભારતમાં લાગુ પડતો નથી. આ કામે રેકર્ડ ઉપરના પુરાવા મુજબ કોઈ મહત્વના અને બનાવના મુળ સુધી જતાં હોય તેવા વિરોધાભાસ જણાતા નથી. માયનોર વિરોધાભાસ આવવો સ્વાભાવિક છે અને જીણીજીણી તમામ હકીકત નિવેદનમાં લખાવવી જરૂરી હોવાનું દરેક સાહેદ માનતા ન પણ હોય. (Evidence if otherwise creditworthy can not be discarded merely because it was not available in statement of witness under Section-161 of Cri.Pro.Code, AIR 2003 SC 282 Alamgir Vs. State NCT Delhi)

**(૫૭)** આરોપી તર્ફે એવી રજુઆત છે કે, આરોપીની ઓળખ પરેડમાં ઓળખી બતાવનાર સાક્ષીઓ પૈકી અમુકના નિવેદન બનાવ બાદ ૨૦૦૪ માં તપાસ શરુ થયેલ ત્યારે લીધેલ ન હતા અને ૨૦૨૦માં પકડાયા બાદ લીધેલ છે. તેમજ અમુક હકીકત સાહેદોએ નિવેદનમાં જણાવેલ નથી. પરંતુ ઓળખ પરેડમાં ઓળખનાર તમામ સાહેદોન નિવેદન ૨૦૨૦ માં અને ત્યારબાદ

લેવાયેલ નથી. ઘણા સાહેદોના નિવેદનો વર્ષ ૨૦૦૪માં લવામાં આવેલ છે અને તેઓએ પણ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. બનાવના મહત્વના સાક્ષીઓ પૈકી સાહેદ પટેલ સુધાબેન ધર્મેન્દ્રભાઇ (p.w–21) ના આરોપીઓને બનાવ સમયથી જ ઓળખતા હોવાનું ફરિયાદમાં જાહેર કરેલ છે અને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે એજ રીતે બનાવ બાદ આરોપીઓને જતા જોનાર સાહેદ પટેલ સુરેશભાઇ નટવરલાલ નાએ આરોપી નં.૨ ને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. તેજ રીતે આરોપી નં. ૧ નાએ જેની પાસેથી ધારીયું ખરીદેલ તે સાહેદ લુહાર હસમુખભાઇ રતિલાલ નાએ પણ આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. તેજ રીતે સાહેદ પટેલ નરોત્તમભાઇ પારેખદાસ (p.w–15) નાએ પણ આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવી બનાવ અરસામાં મંદીરે જતા હોય જોયેલ હતા.આ સંજોગોમાં નામદાર સુપ્રિમકોર્ટના Bodh Raj @ Bodha and ors. Vs. State of J.K.,AIR 2002 SC 3164 ચુકાદામાં ઠરાવેલ છે તે લાગુ પડે છે. It cannot be laid down as a rule of universal application that if there is any delay in examination of a particular witness, the prosecution version becomes suspect. It would depend upon several factors. If the explanation offered for the delayed examination, is plausible and acceptable, prosecution case cannot be doubted. નામદાર સુપ્રિમકોર્ટે, Alamgir Vs. State NCT Delhi, AIR 2003 SC 282 માં ઠરાવેલ છે કે Evidence if otherwise creditworthy cannot be discarded merely because it was not available in statement of witness under Section-161 of Cri.Pro.Code.

(૫૮) આરોપી તર્ફે <u>તપાસમાં રહેલ ખામી</u> તરફ નિર્દેશ કરી એવું જણાવવામાં આવેલ છે કે, તેના કારણે શંકા ઉપસ્થીત થાય છે. પરંતુ તપાસ કરનાર અધીકારી દ્બારા બચાવપક્ષે લેવામાં આવનાર શક્ય તમામ બચાવોનું અનુમાન કરી તમામ એન્ગલથી તપાસ કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી.

તપાસ કરનાર દ્વારા રહેલ તમામ ખામી ફરિયાદપક્ષના વિરુધ્ધ ગણી શકાય નહી અને આવી જો નાની ખામી રહેલ હોય અને તેને આરોપીની તરફેણમાં ગણવામાં આવે તો આરોપીને પ્રિમીયમ આપ્યુ ગણાય. શું પોલીસ દ્વારા ગંભીર ગુનાવાળા કેસમા તપાસ દરમિયાન જાણતા કે અજાણતા બેદરકારી કે ખામી રાખેલ હોય તો તેનો લાભ આરોપીને મળી શકે? તેનો જવાબ સ્પષ્ટ 'ના' છે કારણ કે તપાસ કરનાર અધિકારીએ તપાસમાં બેદરકારી રાખેલ હોય કે ભૂલો કરેલ હોય તેમ છતાં ટ્રાયલ દરમ્યાન જે પુરાવા આવેલ હોય અને તે આધારે જે હકીકતો પુરવાર અને પ્રસ્થાપિત થતી હોય તે આધારે ગુનો (આક્ષેપ) પુરવાર થાય છે કે કેમ તે જોવાની જવાબદારી કોર્ટની છે. આ સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટનો Edakkandi Dineshan @ P. Dineshan & Ors. Vs. State Of Kerela, ક્રિમિનલ અપીલ નંબર ૧૧૮/૨૦૧૩ના કામે તારીખ ૧૬/૧/ ૨૦૨૫ ના રોજ જે તાજેતરનો ચુકાદો આવેલ છે તે જોવામાં આવે તો તે ચુકાદાના પેરા નં.૧૦, ૧૮, ૧૯, ૨૧ અત્રે નોંધવા જરૂરી છે તે નીચ મુજબ છે.

10. Crime creates a sense of societal fear and it affects adversely the societal conscience. It is inequitable and unjust if such a situation is allowed to perpetuate and continue in the society. In every civilized society, the purpose of criminal administrative system is to protect individual dignity and to restore societal stability and order and to create faith and cohesion in the society.The courts in the discharge of their duties are tasked with balancing of interests of the accused on one hand and the state/society on the other.

18. Either a partial, untrue version of one of the witnesses or an exaggerated version of a witness may not be a sole reason

to discard the entire prosecution case which is otherwise supported by clinching evidence such as truthful version of the witnesses, medical evidence, recovery of the weapons etc. At this stage, it may not be out of place to refer to the principle called as 'falsus in uno, falsus in omnibus'.

19. It is a settled position that 'falsus in uno, falsus in omnibus' (false in one thing, false in everything) that the above principle is foreign to our criminal law jurisprudence. This aspect has been considered by this Court in a plethora of judgements. In the case of Ram Vijay Singh vs State of UP, aThree Judge bench of this Hon'ble Court had held that:

"..(20) We do not find any merit in the arguments raised by the learned counsel for the Appellant. A part statement of a witness can be believed even though some part of the statement may not be relied upon by the Court. The maxim falsus in uno, falsus in omnibus is not the rile applied by the courts in India. This Court recently in a judgement IIangovan vs State of T.N. held that Indian Courts have always been reluctant to apply the principle as it is only a rile of caution. It was held as under: (SCC Pg 536, Para 11)"

"..(11) The Counsel for the Appellant lastly argued that once the witnesses had been disbelieved with respect to the coaccused, their testimonies with respect to the present accused must also be discarded. The Counsel is, in effect, relying on the legal maxim "falsus in uno, falsus in omnibus", which Indian Courts have always been reluctant to apply. A three Judge bench of this Court, as far back as in 1957, in Nisar Ali v. State of UP, held on this point as follows (AIR p

368, Para 9-10)

"(9) This maxim has not received general acceptance in different jurisdictions in India nor has this maxim come to occupy the status of a rule of law. It is merely a rule of Caution. All that it amounts to is that in such cases the testimony may be disregarded and not that it must be disregarded.

(10) The Doctrine merely involves the question of weight of evidence which a Court may apply in a given set of circumstances, but it is not what may be called "a mandatory rule of Evidence"

(21) Therefore, merely because a prosecution witness was not believed in respect of another accused, the testimony if the said witness cannot be disregarded qua the present Appellant. Still, further it is not necessary for the prosecution to examine all the witnesses who might have witnessed the occurrence. It is the quality if evidence which is relevant in criminal trial and not the quantity."

Hence, as can be seen from above, it has being a consistent stand of this Hon'ble Court that the principle 'falsus in uno, falsus in omnibus' is not a rule of evidence and if the court inspires confidence from the rest of the testimony of such a witness, it can very well rely on such a part of the testimony and base a conviction upon it.

21. One more thrust of argument from the appellants was that the prosecution has not conducted the investigation in a fair and impartial manner as they have tried to rope in innocent persons who were not present at the spot. There

was an attempt to rope in one Ashraf and there was a consistency in the statements of the eyewitnesses that they had seen Ashraf when the crime was taking place. Admittedly, there is a rivalry between the two groups so the possibility of exaggeration cannot be ruled out. When the fact that Ashraf was not at all present during the crime and that he was present in the hospital came to light of the prosecution, they had moved a report and sought deletion of his name.

22. A cumulative reading of the entire evidence on record suggests that the investigation has not taken place in a proper and disciplined manner. There are various areas where a proper investigation could have strengthened its case. In the case of Paras Yadav & ors. vs. State of Bihar, the Apex Court observed as under:

“Para 8 - ..the lapse on the part of the Investigating Officer should not be taken in favour of the accused, may be that such lapse is committed designedly or because of negligence. Hence, the prosecution evidence is required to be examined de hors such omissions to find out whether the said evidence is reliable or not. For this purpose, it would be worthwhile to quote the following observations of this Court from the case of Ram Bihari Yadav v.State of Bihar and others, J.T. (1998) 3 SC 290.

"In such cases, the story of the prosecution will have to be examined de hors such omissions and contaminated conduct of the officials otherwise the mischief which was deliberately done would be perpetuated and justice would be

denied to the complainant party and this would obviously shake the confidence of the people not merely in the law enforcing agency but also in the administration of justice."

Hence, the principle of law is crystal clear that on the account of defective investigation the benefit will not inure to

the accused persons on that ground alone. It is well within the domain of the courts to consider the rest of the evidence which the prosecution has gathered such as statement of the eyewitnesses,medical report etc. It has been a consistent stand of this court that the accused cannot claim acquittal on the ground of faulty investigation done by the prosecuting agency..... આમ ઉપરોક્ત ચુકાદો જોવામાં આવે તો તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે ડિફેક્ટીવ ઇન્વેસ્ટિગેશનનો લાભ આરોપીને મળી શકે નહીં અને કોર્ટે રજૂ થયેલ તમામ પુરાવા જોઈને ચકાસીને કેસનો ન્યાય નિર્ણય કરવાનો હોય છે અને તપાસ કરનાર અધિકારીએ માત્ર ફોલ્ટી તપાસ કરેલ હોય તે માત્ર કારણસર આરોપીને નિર્દોષ છોડી શકાય નહીં. એ કાયદાથી પ્રસ્થાપિત થઇ ચુકેલ છે કે, ફરી ગયેલ સાહેદનો પુરાવો આઉટરાઇટ રીજેકટ ન થાય, અન્ય સમર્થનકારી પુરાવા અન્વયે બંને પક્ષ તેના ઉપર આધાર રાખી શકે છે.

(૫૯) ફરિયાદપપક્ષે તપાસેલ મોટાભાગના સાક્ષીઓ ગુજરનારના સબંધી કે હીત ધરાવનાર હોવા માત્રથી તેના પુરાવાને ત્યાગી શકાય નહી. આવા પુરાવાને વધુ કાળજીથી મુલ્યાંકન કરવાનું રહે છે. જો તે ભરોસાપાત્ર હોય તો દોષિત ઠરાવવાનો આધાર બની શકે છે. નામદાર ગુજરાત હાઇકોર્ટે મહેન્દ્ર ઉર્ફે માલીયો બચુભાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧) જી.એલ.આર.૩૩૯ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

13.1.1 Learned advocate for the appellant was at loss to point out any

reason as to why the depositions of those eye-witnesses can not be believed or should be denied credence. Simply because Sarojben is the sister of the deceased, Ganeshbhai Mafaji is the brother of the deceased and Maheshbhai and Mukeshbhai are the friends of the deceased, their depositions can not be discarded. Cogent, justiable and legally sustainable reasons are necessary to discard evidence of such relative or friend witness. All that, prudence requires is that the evidence of such witnesses should be given a close scrutiny. A reference can be had from the decision rendered by the Apex Court in case of BANTI ALIAS GUDDU V/s.STATE OF M.P. 2004 SCC(CRI.) 294, where, their Lordships have held that merely because the witness is a relative of the deceased and the other one was known to him, that per se cannot be a ground to discard their evidence and that it would be necessary to scrutinize the evidence carefully.

(૬૦) આ કામે આરોપી સામેના તહોમત મુજબ ગુજરનાર ચિમનલાલ સાથે આરોપીએ પગાર બાબતે ઝઘડો કર્યાના બે દિવસ પછી બનાવ બનેલ છે તેમજ બનાવ બાદ સોના–ચાંદીના દાગીના, એમ્પ્લીફાયર, સી.ડી. પ્લેયર, કેમેરો, લેપટોપ જેવી વસ્તુઓની લુંટ થયેલ છે, આ સંજોગોમાં બેમાંથી કોઇપણ મોટીવ આરોપીઓનો હોઇ શકે છે. ગુનો કરવાનો હેતુ આરોપીઓના મનમાં ઉતપન્ન થયેલ અથવા રહેલ બાબત છે અને તે અંગે સામાન્ય રીતે સ્પષ્ટ પુરાવો દરેક કેસમાં મળી શકતો નથી. આરોપીને જેની સાથે પગાર અંગે તકરાર થયેલ તે ચિમનલાલનુ ખૂન થયેલ છે તેમજ તેમની સાથે મંદીરમાં રહેનાર અન્ય ત્રણ વ્યકતિઓના પણ ખૂન થયેલ છે. આ સંજોગોમાં મંદીરે રહેનાર વ્યકિતઓએ તકરાર જોયેલ હોય અને તેવી ચારેય વ્યકતિ મૃત્યુ પામેલ છે જયારે અન્ય બે વ્યકતિ આરોપી છે. તેથી બનાવમાં હેતુનો પુરાવો રેકર્ડ ઉપર ન આવે તે સ્વભાવિક છે, બનાવ બાદ બીજા દિવસે સવારથી બંને આરોપીઓ ત્યાં ન હતા અને ત્યારપછી ૧૫ વર્ષ બાદ પકડાયેલ છે. જે

બાબતે આરોપીની વર્તણૂંક ધ્યાને લેવી જરુરી છે તેમજ તે હકીકત પણ પુરવાર થયેલ છે, ગુજરનારના સોના–ચાંદીના દાગીના તેમજ એમ્પ્લીફાયર, સી.ડી. પ્લેયર,કેમેરો, લેપટોપ વિગેરે ત્યાંથી ગુમ થયેલ હતું એટલે કે તેની લુંટ થયેલ. આ સંજોગોમાં તે પણ ઈરાદો હોઈ શકે. કેસનો <u>મોટીવ ફરિયાદ</u> મુજબ પુરવાર થતો નથી એવી આરોપી તર્ફે રજુઆત થયેલ છે, પરંતુ જયારે ફેકટસ કલીયર હોય અને સંજોગોની સાંકળ જોડાતી હોય ત્યારે મોટીવ નીશંકપણે પુરવાર થવો જરૂરી નથી એટલે કે જો આરોપીને ગુના સાથે સાંકળતો અન્ય પુરતો પુરાવો હોય. નામ.સુપ્રિમકોર્ટે **સુભાષ અગ્રવાલ વિ. સ્ટેટ ઓફ એન.સી.ટી. દીલ્હી, (૨૦૨૫),૮, એસ.સી.સી. ७४०** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, 24. Motive remains hidden in the inner recesses of the mind of the perpetrator, which cannot, oftener than ever, be ferreted out by the investigation agency. Though in a case of circumstantial evidence, <u>the complete absence of motive</u> would weigh in favour of the accused, it cannot be declared as a general proposition of universal application that, in the absence of motive, the entire inculpatory circumstances should be ignored and the accused acquitted. આ ઉપરાંત નામ.સુપ્રિમકોર્ટે જી.પાર્શ્વનાથ વિ.સ્ટેટ ઓફ કર્ણાટકા, ૨૦૧૦(૮)એસસીસી, ૫૯૩ ના ચુકાદાના પારા-૨૨ માં નીચે મુજબ ઠરાવેલ છે.

.22. The argument that in absence of motive on the part of the appellant to kill the deceased benefit of reasonable doubt should be given, cannot be accepted. First of all every suspicion is not a doubt. Only reasonable doubt gives benefit to the accused and not the doubt of a vacillating judge. Very often a motive is alleged to indicate the high degree of probability that the offence was committed by the person who was prompted by the motive. In a case when the motive alleged against accused is fully established, it provides foundational material to connect the chain of circumstances. It afforts a key on a

pointer to scan the evidence in the case in that perspective and as a satisfactory circumstance of corroboration.

` However, in a case based on circumstantial evidence where proved circumstances complete the chain of evidence, it cannot be said that in absence of motive, the other proved circumstances are of no consequence. The absence of motive, however, puts the court on its guard to scrutinize the circumstances more carefully to ensure that suspicion and conjecture do not take place of legal proof. There is no absolute legal proposition of law that in the absence of any motive an accused cannot be convicted under Section 302 IPC. Effect of absence of motive would depend on the facts of each case.

(૬૧) ઉપરોકત વિગતેનો રજુ થયેલ સમગ્ર પુરાવો જોઇએ તો એ બાબત સ્પષ્ટ થાય છે કે, મંદીરના કમ્પાઉન્ડ ફરતે દિવાલ હતી અને મંદીરમાં ટ્રસ્ટી ચિમનલાલ, માતાજી સમતાનન્દ ઉર્ફે શર્મિષ્ઠાબેન, લુહાર મોહનભાઇ તથા રાવળીયા કરમણભાઇ રહેતા હતા અને થોડા સમયથી હાલના બંને આરોપીઓ પાણીની ટાંકી નિચેના ગેરેજની ઉપરના રુમમાં રહેતા હતા, જેમાં પ્રથમ આરોપી નં.૨ ને સાફ સફાઇ માટે રાખેલ હતા અને તે વખતે આરોપી નં.૧ કડીમાં અન્ય જગ્યાએ કામ કરતા હતા. ત્યારબાદ તેને મંદીરમાં ચોકીદાર તરીકે રાખેલ હતા. એવો પણ પુરાવો આવેલ છે કે, મંદીરમાં બાજુમાં સાંઇબાબા મંદીરનું બાંધકામ થતું હતુ અને તેના પત્થરની કોતરણી માટે રાજસ્થાનના બીજા કારીગરો પણ કામ કરવા આવતા હતા. આ કામે ફરિયાદપક્ષે ચૌધરી દરગારામ ખીમાજી (p.w–32), ભલારામ નાથાજી (p.w–33) મંગલસિંહ ચિમનસિંહ(p.w–34) ને તપાસેલા છે તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલા છે પરંતુ પુરાવાના સામાન્ય સિધ્ધાંત મુજબ હોસ્ટાઇલ સાહેદને સમગ્ર પુરાવો ફેંકી દઇ શકાય નહી અને તે રીતે જોઇએ તો ત્રણેય સાહેદોની જુબાનીમાં એવું જાહેર થાય છે કે, તેઓ બનાવના થોડા સમય પહેલાથી મંદીરમાં પથ્થરનું કોતરણી કામ કરવા માટે સવારે ૮.૦૦ થી બપોરે

૧.૦૦ તથા બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી આવતા હતા અને રાત્રીના મંદીરના પાછળના ભાગે બહારની બાજુ લીંબુડાના ખેતરમાં આવેલ બોર પાસે વરંડા બહાર ઓરડીઓમાં રહેતા હતા, તેઓ તમામે એવી હકીત જણાવેલ છે કે, બનાવના દિવસે સવારે કામ ઉપર ગયા ત્યારે મંદીર બંધ હતુ અને પછી ગામના લોકો અને પોલીસવાળા આવેલા, જે પૈકી સાહેદ મંગલસિંહ ચિમનસિંહ રાજપૂત એવું પણ જણાવે છે  કે, મંદીરમાં ચોકીદાર તથા સફાઈવાળા રહેતા હતા. આ ત્રણેય સાહેદોએ હાલના આરોપીઓ રહેતા હોય તેવું જણાવેલ નથી. પરંતુ મંદીરમાં ચારેય ગુજરનાર રહેતા હોવાની હકીકતને તથા ચોકીદાર અને સફાઈવાળા રહેતા હોવાની હકીકતને સમર્થન કરેલ છે.

**(૬૨)** ફરિયાદપક્ષે  તપાસેલ સાહેદ પટેલ ઈશ્વરભાઈ ઉમેદભાઈ (p.w–8) જેઓ ગુજરનાર શર્મિષ્ઠાબેનના પિતા છે. તેઓ પણ જણાવે છે કે ચારેય ગુજરનાર મંદીરમાં રહેતા હતા, તેઓને બનાવની ખબર પડતાં મંદીર આશ્રમે ગયેલા ત્યાં તેમની દીકરીને ગળાના ભાગે ઈજા થયેલ હતી, સંડાસમાં લાશ પડેલ હતી અને મરણ ગયેલ હતી. ફરિયાદપક્ષે સાહેદ સુધાબેન ધર્મેન્દ્રભાઇ પટેલ, મુળ ફરિયાદી (p.w–21) ને તપાસેલ છે જેઓ ગુજરનાર ચિમનલાલના દિકરાના પત્ની છે. તેણીના પુરાવા મુજબ બનાવની જાણ થતાં બનાવ સ્થળે ગયેલા ત્યાં ગુજરનાર ચિમનલાલની લાશ ઓફીસની બાજુના રુમમાં, ગુજરનાર માતાજીની લાશ જાજરુમાં તથા ગુજરનાર મોહનભાઈ અને કરમણભાઈ ની લાશો રસોડાની બાજુમાં આવેલ પ્રથમ રુમમાં ગોદડા નીચે જોયેલી. ત્યાંથી મળેલ લોહીના ડાઘા તથા અન્ય ચીજ વસ્તુઓ અને આરોપીઓ જે રુમમાં રહેતા હતા ત્યાંથી પીપની પાછળથી ધારીયું મળેલ, તેના ઉપર સુકાયેલું લોહી હતું તેવું જણાવેલ છે. એવું પણ જણાવેલ છે કે, ત્યાંથી મુદામાલ કબજે કરેલ હતો, તેણીની જુબાની મુજબ બનાવના ૧૫ દિવસ અગાઉ બંને આરોપીઓ ત્યાં રહેવા આવેલા, જેમાં આરોપી નં.૧ કડી ખાતે કોઈ જગ્યાએ નોકરી કરતા અને રાત્રીના મંદીરમાં

સીકયુરીટી માટે કામે રાખેલા તથા આરોપી નં.૨ મંદીરમાં સાફસફાઇનું કામ કરતા. આ સાહેદે એવું પણ જણાવેલ છે કે, આ બંને આરોપીઓને કામ માટે રાખેલ હોય તેની સાથે તેણી વાતચિત કરતી હતી તથા ઓળખે છે તેમ જણાવી બંને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. મુદામાલ ધારીયું પણ કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે તેમજ એવું પણ જણાવેલ છે કે, આ બંને આરોપીઓ મંદીર ખાતે આવેલ ગેરેજ ઉપરના રુમમાં રહેતા હતા અને સીડી ચઢતાં ત્યાં લોહીના ડાઘા હતા અને તે મુદામાલ ધારીયું મળેલું તેમજ મંદીરમાંથી માતાજીની મૂર્તીના ઘરેણાં, તેણીના સસરાની રુદ્રાક્ષની માળા, ત્રણ વિંટીઓ, ઓફીસમાંથી લેપટોપ વિગેરેની ચોરી થયેલ હતી, ચાર ઇસમો મરણ પામેલ હતા, આ બંને આરોપીઓ ત્યાં મળી આવેલ ન હતા. આ સાહેદની ઉલટતપાસમાં એવું જાહેર થાય છે કે, મંદીરનું કામકાજ ચાલુ હતું અને બીજા મજુરો કામ કરતા હતા પરંતુ એ વાત ખરી ન હોવાનું જણાવેલ છે કે, મંદીરવાળી જગ્યા ખુલ્લી હતી અને ત્યાં કોઇપણ આવી જઇ શકે તેમ હતા. એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મંદીરની પાછળના ભાગે ૨૦-૨૫ ઓરડીઓ બનાવેલ હતી એટલે કે મંદીરમાં ગુજરનાર અને આરોપીઓ સિવાય કોઇ રહેતા ન હતા તેવી હકીકતને સમર્થન કરે છે. આરોપી નં.૨ તર્ફે ફરિયાદીની ઉલટતપાસમાં **એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેની ફરિયાદમાં મહેન્દ્રભાઇ ભૈયાજી રહેતા હતા તેવું લખાવેલ છે.** મહેન્દ્રભાઇને ત્યાં એટલા માટે રાખેલા કે રાજકુમારીબેન તેઓને લઇને આવેલા.

**(૬૩)** ફરિયાદપક્ષે સાહેદ **જોષી મહેન્દ્ર હીરાલાલ** (p.w-11) ને તપાસેલ છે. તેઓ પણ તેની જુબાનીમાં જણાવે છે કે બનાવવાળી જગ્યાએ મહાકાળી માતાજીનું મંદીર આવેલ છે તેની બાજુના રુમો આવેલ છે. મંદીરમાં માતાજી સમતાનન્દ પુજારી તરીકે રહેતા હતા તેમજ ગુજરનાર ચિમનલાલ, કરમણભાઇ, કોન્ટ્રાકટર મોહનલાલ રહેતા હતા તેમજ મંદીરમાં એક વોચમેન અને તેની પત્ની રહેતી હતી. બનાવ સંદર્ભે એવું જણાવે છે કે, મંદીરમાં સવાર અને સાંજે આરતી થયેલ ન હતી અને આગળના ઝાંપે તાળુ મારેલ,

ગામના ૨૦–૨૫ માણસો મંદીર ગયેલા અને અંદર પ્રવેશી જોયેલ તો ચારેય ગુજરનારની લાશો અલગ અલગ જગ્યાએ જોયેલી અને તેની ઈજાઓ જોયેલી. એવુ પણ જણાવે છે કે આ મંદીરના બહારના ભાગમાં મજુરો રહેતા હતા અને મંદીરે દેખભાળ માટે બે માસ પહેલા પરપ્રાંતિય ને રાખેલ હતા,જયારે પોતે મંદીર ગયેલ ત્યારે આ પતિ પત્નીને જોયેલ નહી. પોતે અવાર નવાર ચિમનભાઈને મળવા જતા તેથી આ પતિ પત્નીને ઓળખે છે તેમ જણાવી બંને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. આરોપી તર્ફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં " એ વાત ખરી છે કે અમો મંદીરે અવાર નવાર દર્શન કરવા જતા હતા, એ વાત ખરી છે કે અમે જયારે મંદિરે જતા ત્યારે બનાવમાં મરણજનાર તેમજ **આરોપી કોર્ટમાં છે જે આરોપીઓને ઓળખી બતાવેલ તેને જોયેલા"** આમ આ આરોપી તર્ફેનું એડમીશન છે કે આ સાહેદ મંદીરે અવાર નવાર દર્શન કરવા જતા હતા ત્યારે આરોપીને જોયેલ તેથી ઓળખી બતાવેલ છે. એટલે કે **હાલના બંને આરોપીઓ જ મંદીરમાં રહેતા હતા તેવુ પુરવાર થાય છે.**

**(૬૪)** ફરિયાદપક્ષે આંક–૬૭ થી સાહેદ સુરેશભાઈ નટવરભાઈ (p.w–16)ને તપાસેલ છે તેની જુબાની મુજબ બનાવ બાદની સવારમાં ક. ૬.૦૦ વાગે સાયકલ લઈને નોકરીએ જતા હતા ત્યારે બનાવ વાળા મંદિરે ભૈરવ ટેકરીના ઢાળ નજીક પહોંચેલ, તે વખતે આશ્રમની બહાર પાણીના નળ છે જયાં એક પુરુષ અને બહેન ઉભા હતા તેમની પાસે એક સુટકેશ અને સિમેન્ટની બે થેલીઓ હતી. તેની નજીક ગેટ પાસે જીપ આવીને ઉભી રહેલી અને એક પુરુષ નિચે ઉતરેલો, ત્યારબાદ સ્ત્રી–પુરુષ બેગ તથા થેલીઓ જીપમાં મુકી જીપમાં બેસી ગયેલા, તે વખતે એક એસ.ટી. બસ ઓવરટેક કરી આગળ નિકળી ગયેલ અને જીપ નંદાસણ બાજુ ગયેલી. પોતે આ સ્ત્રીને જોયેથી ઓળખી શકે તેમ કહી આરોપી નં.૨ રાજકુમારીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. જયારે પુરુષનો ચહેરો ચોકકસ જોયેલ નહી તેથી ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. એવું પણ જણાવેલ છે કે, સાંજે નોકરીથી

આવતાં વાતચીત ઉપરથી બનાવ હકીકત જાણવા મળેલી. ઉલટતપાસમાં એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેના નિવેદનમાં ત્રણેય વ્યકતિ તથા જીપને ધ્યાનથી જોયેલ ન હોય તેથી ઓળખી શકે નહી તેમ લખાવેલ. આમ આ સાહેદની જુબાની પણ નેચરલ અને વિસ્વસનીય લાગે છે, કારણ કે તેણે આરોપી નં.ર ને જ જોયેલ હોય તેથી તેને ઓળખી બતાવેલ છે. આરોપી પાસે મરુન કલરની બેગ હોવાનું જણાવેલ છે.

**(૬૫)** આરોપી નં.૧ ને બનાવના ૧૫-૧૬ વર્ષ બાદ સાહેદ રાહુલ કલ્યાણભાઈ રાજપૂત (p.w-28)પોલીસ ઈન્સપેકટર એ.ટી.એસ.દીલ્હીથી પકડી લાવેલા, ત્યારબાદ આ ગુનાના કામે આંક-૩૨ના પંચનામાની વિગતે ધરપકડ થયેલી. આ આરોપી નં.૧ની ઓળખ પરેડ સાહેદો પાસે કરાવવામાં આવેલી તેવું પંચનામું આંક-૪૭ થી રજુ થયેલ છે. આ ઓળખ પરેડના પંચનામાના પંચ સાહેદ નં.૧ પટેલ ભીખાભાઈ બાબુભાઈ પંચનામા હકીકતને સંપુર્ણપણે સમર્થન કરે છે. જેની મારફત ઓળખ પરેડ કરાવવામાં આવેલી તે સાહેદ જોષી ભુપેન્દ્ર પ્રહલાદચંદ્ર (p.w-10) તથા સાહેદ પટેલ દીલીપભાઈ ઈશ્વરભાઈ (p.w-12) તથા સાહેદ સોઢા અંબુજી ચેહુજી (p.w-14) નાઓ પણ આ હકીકતને સમર્થન કરે છે, આરોપી નં.૧ ની ઓળખ પરેડ એકઝી. મેજી. કડી સમક્ષ કરવામાં આવેલ અને અને તેઓએ આરોપી નં.૧ ને ઓળખી બતાવેલ છે. આ સાહેદોએ આરોપી નં.૧ ને કોર્ટ રુબરુ પણ ઓળખી બતાવેલ છે. સાહેદ જોષી ભુપેન્દ્ર પ્રહલાદચંદ્ર (p.w-10) નાએ જણાવેલ છે કે, પોતે મંદીરે જતા હતા તેથી તેઓને ઓળખે છે. આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવું જણાવેલ છે કે, **તેઓ મંદીરે દર્શન કરવા જતા તેથી બંને આરોપીઓને જોયેથી ઓળખી શકે છે**. તે જ રીતે બીજા સાહેદ જોષી મહેન્દ્રભાઈ હીરાલાલ (p.w-11) પણ એવું જણાવે છે કે, **ગુજરનાર ઉપરાંત મંદિરે એક વોચમેન અને તેની પત્ની રહેતા હતા અને પોતે અવાર નવાર જતા હોય તેથી બધાને ઓળખે છે.** બનાવના બીજા દિવસે પણ ગયેલા. તેઓ એવું પણ જણાવે છે કે, **મંદિરના બહારના ભાગે મજુરો રહેતા હતા** અને બે માસ

પહેલા મંદિરની દેખભાળ રાખવા માટે બે માણસો જેમાં પરપ્રાંતિય પતિ પત્નીને મંદિરમાં રાખેલા હતા, બનાવ બાદ મંદિરે ગયેલા ત્યારે આ પતિ પત્ની જોવા મળેલ નહી. પોતે અવાર નવાર ચિમનભાઈને મળવા જતા હતા તેથી આ બંને પતિ પત્નીને ઓળખી શકે તેમ જણાવી બંને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. તેની ઉલટતપાસમાં પણ આ કારણોસર ઓળખી બતાવે છે તેવું એડમીશન આવેલ છે. આરોપી નં.૧ ની ઓળખ પરેડના પંચ નં.૧ પટેલ ભીખાભાઈ બાબુભાઈ (p.w–6) સંપુર્ણ સમર્થન કરે છે.

**(૬૬)** આરોપી નં.૨ નાઓને પી.આઈ. ક્રાઈમબ્રાન્ચ શ્રી અમદાવાદ દ્વારા દીલ્હી થી લાવવામાં આવેલ તે અંગેનું શરિરસ્થિતીનું પંચનામું આંક–૯૬ની વિગતે કરવામાં આવેલું તેને પંચ સાહેદ પ્રવિણચંદ્ર ભોગીલાલ સુમરા (p.w–25)સમર્થન કરે છે. ત્યારબાદ તેને એટલે કે આરોપી નં.૨ ને આ ગુનાના કામે આંક–૮૯ના પંચનામાની વિગતે શરિર સ્થિતિનું પંચનામું કરી ધરપકડ કરેલ જેના બંને પંચ સાહેદો સમર્થન કરતા નથી. પરંતુ શરિર સ્થિતીના પંચનામાથી કોઈ મુદામાલ કે કોઈ ચિજવસ્તુઓ કબજે થયેલ નથી. આરોપી નં. ૨ ની ઓળખ પરેડ કરવામાં આવેલ, જે પંચનામું આંક–૯૩ થી રજુ થયેલ છે. તે પંચનામાના પંચ નં.૧ રાકેશભાઈ મનુભાઈ ભટ્ટ (p.w–24) ઓળખ પરેડ તથા પંચનામા હકીકતને સમર્થન કરે છે અને આરોપી રાજકુમારીને ત્રણ સાહેદોએ વારાફરતી ઓળખી બતાવેલ છે તેમ જણાવેલ છે. આંક–૯૩ વાળા આરોપી નં.૨ ની ઓળખ પરેડના પંચનામા મુજબ તેણીને ઓળખનાર સાહેદ પટેલ દિલીપભાઈ ઈશ્વરભાઈ (p.w–12) જોષી ભુપેન્દ્ર પ્રવિણચંદ્ર (p.w–10) તથા પટેલ શકુન્તલાબેન દીલીપભાઈ (p.w–13) નાઓ પણ ઓળખ પરેડ હકીકતને સમર્થન કરે છે. આ સાહેદ શકુન્તલાબેન દીલીપભાઈ પટેલ (p.w–13) જેઓ ગુજરનાર શર્મિષ્ઠાબેન એટલે કે માતાજીના બેન છે અને તેણી પણ જણાવે છે કે, <u>પોતે અવાર નવાર મંદિરે દર્શન કરવા જતી હતી અને ત્યાં સૌપ્રથમ આરોપી નં.૨ રાજકુરમારી અને</u>

<u>ત્યારબાદ તેના પતિ મહેન્દ્રસિંહને મંદિરે કામ માટે રાખેલા જેમાં રાજકુમારી કચરાપોતા અને સાફસફાઇ નું કામ અને મહેન્દ્રસિંહ ચોકીયાત નું કામ કરતા તેણી અવાર નવાર મંદિરે જતી તેથી ઓળખે છે</u> એમ જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે. બનાવ બાદ પોતે મંદિરે ગયેલ તેથી બનાવ હકીકતને અને ચાર વ્યકતિઓના ખૂન થયેલા તે હકીકતને પણ સમર્થન કરે છે. આમ આ તમામ પુરાવો જોતાં હાલના બંને આરોપીઓ બનાવ સમયે મંદીરે ગુજરનાર ચાર વ્યકતિઓ ઉપરાંત રહેતા હતા અને આરોપી નં.૧ ચોકીદાર તથા આરોપી નં.૨ સાફસફાઇનું કામ કરતા હતા તેવું પુરવાર થાય છે. બનાવ સમયે મંદીરમાં કે તેના કેમ્પસમાં ગુજરનાર અને આરોપીઓ સિવાય કોઇ રહેતા હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. બનાવ રાત્રીના બનેલ, અને બીજા દિવસે સવારથી મંદીરના કેમ્પસનો દરવાજો ખુલેલ ન હતો તથા મંદીરે સવારે અને સાંજે આરતી થયેલ ન હતી તેથી શંકા ગયેલ હતી તેવું રેકર્ડ પર આવેલ છે. બનાવના બાદ બીજા દિવસે સવારથી બંને આરોપીઓ ત્યાંથી નાસી ગયેલા એટલે કે ત્યાં મળી આવેલ ન હતા તે હકીકતને સમર્થન મળે છે. આરોપી તર્ફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, આરોપી નં.૧ નું નામ ગોવિંદસિહં છે અને મહેન્દ્રસિંહ કઇ રીતે આવ્યું, પરંતુ ફરિયાદપક્ષના પુરાવા મુજબ તેઓ બનાવ સ્થળે કામ કરતા હતા ત્યારે તેનું નામ મહેન્દ્રસિંહ તે રીતે જણાવેલ હતુ અને તેથી સ્વભાવિક રીતે બધા મહેન્દ્રસિંહ તરીકે ઓળખે છે. મહેન્દ્રસિંહ ઉર્ફે ગોવિંદસિંહ તેઓ પકડાયા બાદ નામ જાહેર થયેલ છે, એટલે કે તેનું બીજું નામ ગોવિંદસિંહ હતુ. પોતાનું નામ મહેન્દ્રસિંહ નથી અને ગોવિંદસિંહ છે તે સંદર્ભે તેણે કોઇ તેના બચાવ મુજબ ઓળખનો પુરાવો રજુ કરેલ નથી. આરોપી નં.૧ નું નામ મહેન્દ્રસિંહ હોય કે ગોવિંદસિંહ હોય તે હાલ મહત્વનું રહેતુ નથી કારણ કે તેને મંદિરે કામ કરતા જોયેલ સાહેદોએ ઓળખી બતાવેલ છે કે આજ વ્યકતિ ત્યાં મંદિરે ચોકીદાર તરીકે કામે રહેલ હતી. આ સંજોગોમાં હાલના બંને આરોપીઓ મંદિરે એટલે કે આશ્રમે કામ કરતા હતા અને ગેરેજની ઉપરની રુમમાં રહેતા હતા તથા બનાવના બીજા દિવસે ચાર ગુજરનારાઓની હત્યા થયેલ અને ત્યારથી બંને આરોપીઓ ૧૬ વર્ષ સુધી

મળી આવેલ નહી એટલે કે નાસી ગયેલ હતા તેવું સમગ્ર પુરાવાથી શંકા રહિત પુરવાર થાય છે.

(૬૭) ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ હસમુખભાઇ રતિલાલ લુહાર (p.w-18)નાએ કોર્ટમાં આપેલ પુરાવા મુજબ બનાવના થોડા દિવસ પહેલા આરોપી નં.૧ તેને ત્યાંથી ચાંચ વગરનું ધારીયું રોહિત યાદવ પોતાનું નામ હોવાનું જણાવી ખરીદી ગયેલ, આ સાહેદે મુદામાલ ધારીયું પોતે વેચેલ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ એવું જણાવેલ છે કે, જે તે સમયે પોલીસને આ હકીકત જણાવેલ અને ધારીયું ખરીદનારને ઓળખી શકે તેમ જણાવેલ છે. આરોપી નં.૧ પકડાઇ આવવાથી પોલીસે તેને પુછેલ કે તે ધારીયું ખરીદનારને ઓળખી શકે જે અંગે હા કહેતાં પોલીસ સ્ટેશને છ આઠ માસ અગાઉ લઇ ગયેલ અને ત્યાં ઓળખી બતાવેલાનું જણાવેલ છે. તેમજ ટ્રાયલ દરમ્યાન કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. આ સાહેદને કોર્ટ દ્વારા પ્રશ્ન પુછતાં એવું જણાવેલ છે કે, જે રોહિતભાઇને ધારીયું વેચેલ તે આ જ વ્યકતિ છે એટલે કે આરોપી નં.૧ છે. આમ આ સાહેદ ત્રાહિત વ્યકતિ છે અને ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે.

(૬૮) બનાવના દિવસથી હાલના આરોપીઓ બનાવ સ્થળેથી નાસી ગયેલ છે તે પુરવાર થયેલ છે. ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતાં હાલના બંને આરોપીઓ મંદીરમાં રુમમાં રહેતા હતા, બનાવમાં ચાર વ્યકતિની હત્યા થયેલ છે અને ત્યારબાદ હાલના આરોપી મળી આવેલ નથી તે પુરવાર થાય છે. ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ હસમુખ રતિલાલ લુહાર (p.w-18) એવું જણાવે છે કે, બનાવ પહેલા હાલના આરોપી નં.૧ ધારીયું તેની પાસેથી ખરીદ કરી ગયેલ અને તે જ ધારીયું આ કામે તપાસ દરમ્યાન આરોપીઓ રહેતા હતા તે રુમમાંથી લોહીવાળું મળેલ છે. બનાવના દિવસે વહેલી સવારે છ વાગે સાહેદ સુરેશભાઇ નટવરલાલ પટેલ (p.w-16) નાએ આરોપીઓને જતા જોયેલ છે અને તે પૈકી આરોપી નં.૨ ને ઓળખી બતાવેલ છે. આ સંજોગોમાં

બનાવ બાદ આરોપીઓ ત્યાંથી શા માટે ભાગી ગયેલા તેમજ બનાવના દિવસે તેઓના સિવાય અન્ય કોઈ વ્યકતિ મમંદીરના કેમ્પસમાં હોવાની બાબત માત્ર આરોપીઓના જાણકારીની છે, સાહેદ હસમુખ લુહાર પાસેથી ધારીયું ખરીદેલ તેનું શું કરેલ અને તે ધારીયું આરોપીની રુમમાંથી કઇ રીતે મળેલ તે બાબતે યોગ્ય ખુલાસો હાલના આરોપી જ કરી શકે. પરંતુ આ કામના આરોપીઓએ તે સબંધે કંઈપણ હકીકત ટ્રાયલ દરમ્યાન જણાવેલ નથી. ભારતિય પુરાવાના કાયદાની કલમ−૧૦૬ ની જોગવાઈ મુજબ જયારે કોઈ હકીકત ખાસ પોતાની જાણકારીમાં હોય તે બાબત પુરવાર કરવાની જવાબદારી તે વ્યકતિની રહે છે. આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રીથીપાલસીંઘ અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, (૨૦૧૨) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ ૧૦ના ચુકાદામા ઠરાવવામાં આવેલ છે કે :

“..... if fact is especially in the knowledge of any person, then burden of proving that fact is upon him. It is impossible for the prosecution to prove certain facts particularly within the knowledge of the accused. Section 106 is not intended to relieve the prosecution of its burden to prove the guilt of the accused beyond reasonable doubt. But the section would apply to cases where the prosecution has succeeded in proving facts from which a reasonable inference can be drawn regarding the existence of certain other facts, unless the accused by virtue of his special knowledge regarding such facts, failed to offer any explanation which might drive the court to draw a different inference. Section 106 of the Evidence Act is designed to meet certain exceptional cases, in which, it would be impossible for the prosecution to establish certain facts which are particularly within the knowledge of the accused.” (See also: Neel Kumar alias Anil Kumar v. State of Haryana, (2012) 5 SCC 766; and Gian Chand & Ors. v. State of Haryana, AIR 2013 SC 3395).

(૬૯) તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **રામગોપાલ સ./ઓ. મંશારામ વિરુધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ના કેસના ૨૦૨૩ લાઈવ લો (સુપ્રિમ કોર્ટ) ૧૨૦** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામા ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૬ ની જોગવાઈ બાબતે ઠરાવવામાં આવેલ છે કે, આરોપી સામેના તહોમત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે, પરંતુ ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૬ ની જોગવાઈ અનુસાર જયારે કોઈ હકિકત આરોપીની ખાસ જાણમાં હોય ત્યારે તેવી હકિકત સાબિત કરવાનો પુરાવાનો બોજો આરોપી ઉપર રહેલ હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **સાબીત્રી સામંતારાય વિરુધ્ધ સ્ટેટ ઓફ ઓડીશા તથા બીધાધર પ્રહરાજ વિરુધ્ધ સ્ટેટ ઓફ ઓડીશા ના કેસના ૨૦૨૨ લાઈવ લો (સુપ્રિમ કોર્ટ) ૫૦૩** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૬ ની જોગવાઈ બાબતે ઠરાવવામાં આવેલ છે કે :

"Although Section 106 is in no way aimed at relieving the prosecution from its burden to establish the guilt of an accused, it applies to cases where chain of events has been successfully established by the prosecution, from which a reasonable inference is made out against the accused. Moreover, in a case based on circumstantial evidence, whenever an incriminating question is posed to the accused and he or she either evades response, or offers a response which is not true, then such a response in itself becomes an additional link in the chain of events.":

(૭૦) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપરોકત મુજબ પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૬ ની

જોગવાઈ ફરિયાદ પક્ષની આરોપી સામેના તહોમતની સાબિતીની જવાબદારીમાંથી મુકત કરતી નથી, પરંતુ જયારે ફરિયાદ પક્ષ ધ્વારા આરોપી સામેના તહોમતની સાબિતી વિશ્વસનીય અને માનવા લાયક પુરાવાઓથી કરવામાં આવેલ હોય ત્યારે રેકર્ડ ઉપર રહેલ કોઈ એવી હકિકત કે સંજોગ, કે જે માત્ર આરોપીની જાણમાં હોય તો તે હકિકત કે સંજોગ સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે. કાયદાના ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાંયોગિક પુરાવાઓ ઉપર આધારિત કેસમા જયારે ફરિયાદ પક્ષ ધ્વારા વિશ્વસનીય પુરાવાઓથી તમામ સંજોગોની કડીઓ એક બીજા સાથે જોડાયેલ હોવાની હકિકત સ્થાપિત કરવામાં આવે અને આરોપી વિરુધ્ધ આવેલ હકિકતો અને સંજોગો, કે જે આરોપીની જાણમાં હોય, તે સ્પષ્ટપણે આરોપીના ધ્યાન ઉપર ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૩૧૩ મુજબના વિશેષ નિવેદનના માધ્યમથી મુકવામા આવે અને તેમ છતાં આરોપી ધ્વારા તેની જાણમાં રહેલ તેવી હકિકતો અને ખાસ સંજોગો અંગે કોઈ પ્રતિભાવ આપવામાં ન આવે કે તે બાબતે કોઈ સંતોષકારક રજુઆત કે ખુલાસો કરવામાં ન આવે તો તેવી હકિકતો અને સંજોગો બાબતે આરોપીની વિરુધ્ધમાં અનુમાન ચોકકસપણે કરી શકાય છે અને તે ચોકકસપણે ફરિયાદ પક્ષના કેસમાં એક વધારાની કડી બને છે.

**(૭૧)** ઉપરોકત મુજબના પ્રસ્થાપિત સિધ્ધાંતો હાથ ઉપરના કેસની હકિકતો અન સંજોગો સાથે લક્ષમાં લેતા એ હકિકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે, ફરિયાદ પક્ષના પુરાવાઓ મારફતે આરોપી વિરુધ્ધના જે હકિકતો અને સંજોગો રેકર્ડ ઉપર આવેલ છે તે બાબતે આરોપી ધ્વારા તેમના ફોજદારી કાર્યરીતિ સં હિતાની કલમ – ૩૧૩ મુજબના વિશેષ નિવેદનમાં કોઈ પ્રતિભાવ આપેલ

નથી અને માત્ર સામાન્ય ઈન્કાર સ્વરૂપમા ''ખોટી વાત છે'' એટલી જ હકિકત જણાવેલ છે. ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર આ કામના આરોપીની ખાસ જાણ અને જ્ઞાનમાં રહેલ હકિકતો અને સંજોગો જેવા કે, બનાવ બાદ આરોપી શા માટે ભાગી ગયેલ હતા અને આટલા વર્ષ સુધી મળેલ નથી તેમજ બનાવની રાત્રે મંદીરના કેમ્પસમાં ગુજરનાર ઉપરાંત બીજા કોણ કોણ હતા એ અંગે કોઈ વ્યાજબી ખુલાસો કરેલ નથી. નામદાર સુપ્રિમકોર્ટે Rajender @ Rajesh @ Raju Versus State (Nct Of Delhi), 2019 (10) SCC 623 ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

Having observed so, it is crucial to note that the reasonableness of the explanation offered by the accused as to how and when he/she parted company with the deceased has a bearing on the effect of the last seen in a case. Section 106 of the Indian Evidence Act, 1872 provides that the burden of proof for any fact that is especially within the knowledge of a person lies upon such person. Thus, if a person is last seen with the deceased, he must offer an explanation as to how and when he parted company with the deceased. In other words, he must furnish an explanation that appears to the Court to be probable and satisfactory, and if he fails to offer such an explanation on the basis of facts within his special knowledge, the burden cast upon him under Section 106 is not discharged. Particularly in cases resting on circumstantial evidence, if the accused fails to offer a reasonable explanation in discharge of the burden placed on him, such failure by itself can provide an additional link in the chain of circumstances proved against him. This, however, does not mean that Section 106 shifts the burden of proof of a criminal trial on the accused. Such burden always rests on the prosecution. Section 106 only lays down the rule that when the accused does not throw any light upon facts which are specially within

his/her knowledge and which cannot support any theory or hypothesis compatible with his innocence, the Court can consider his failure to adduce an explanation as an additional link which completes the chain of incriminating circumstances.

આરોપી તર્ફે નામદાર સુપ્રિમકોર્ટના નુશરત પ્રવિણ વિ. સ્ટેટ ઓફ ઝારખંડનો ચુકાદો રજુ કરેલ છે અને તેના પેરા–૧૭ રીફર કરેલ છે પરંતુ તે ચુકાદામાં પણ ભારતિય પુરાવાના કાયદાની કલમ–૧૦૬ની ચર્ચા કરવામાં આવેલ છે. જે ઉપર રીફર કરેલ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાના તારણો મુજબ જ છે.

**(૭૨)** આમ, ઉપરોકત વિગતે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં સંજોગોની એવી સાંકળ રચાયેલ છે કે, જેનાથી માત્ર હાલના આરોપીઓ જ ગુનેગાર હોય તેવું પ્રસ્થાપિત થાય છે. હાલના આરોપીઓ ગુજરનાર ઉપરાંત મંદીરના કેમ્પસમાં રહેનાર વ્યકતિઓ હતી, તેના સિવાય અન્ય કોઈ બનાવની રાત્રે મંદીરના કેમ્પસમાં હોવાનું પુરવાર થતું નથી કે જણાતું નથી, બનાવના પહેલા આરોપી નં. ૧ નાએ સાહેદ હસમુખ લુહાર પાસેથી ધારીયું ખરીદેલ હતું જે ધારીયું બનાવ બાદ આરોપીઓ રહેતા હતા તે રુમમાં લોહીવાળું મળેલ છે. બનાવવાળી જગ્યાના પંચનામા મુજબ આરોપી રહેતા હતા તે રુમમાં જતાં સીડીના પગથીયા ઉપર લોહીના ડાઘા મળેલ છે, બનાવના દિવસે વહેલી સવારમાં બંને આરોપીઓ નાસી ગયેલ છે અને ત્યારપછી કલમ–૭૦ નું વોરન્ટ તથા ફરારી જાહેરનામું બહાર પાડવા છતાં ૧૬ વર્ષ સુધી મળી આવેલ નથી. બંને આરોપીઓ મંદીરમાં ગેરેજની ઉપરની રુમમાં રહેતા હતા તે હકીકત સાહેદોના પુરાવાથી પુરવાર થાય છે. ગુજરનાર ચારેય વ્યકતિઓને ડો. સુરેશકુમાર ઝવેરીના પુરાવા મુજબ ગળાના ભાગે ધારદાર હથિયારથી ઈજા થવાના કારણે લોહી વહી જવાથી મૃત્યુ થયેલ છે. ગુજરનારાઓને ગળાના ભાગે ઈજાઓ હતી તેવી હકીકતને ઈન્કવેસ્ટ પંચનામા અને તેના પંચોના જુબાનીથી સમર્થન મળે છે. ડો. સુરેશકુમાર ઝવેરી નાએ આ કામે કબજ

થયેલ મુદામાલ ધારીયાથી ઈજા થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે. બનાવ બાદ ગુજરનાર ચીમનભાઇ અને સમતાનન્દ માતાજીના ઘરેણાંઓ ની ચોરી થયેલ હતી તથા મંદીરમાંથી મુર્તિને ચઢાવેલ દાગીના,એમ્પ્લીફાયર, સીડી પ્લેયર, કેમેરા વિગેરે જેવી વસ્તુઓ પણ ગુમ થયેલ હતી તે તમામ બાબત પુરવાર થયેલ છે. બનાવ સમયે માત્ર હાલના બે આરોપીઓ જ હાજર હતા આથી તેઓનો રોલ અલગ પાડી શકાય અને તેવો પુરાવો સ્વભાવિક રીતે જ ન મળે. આ સમગ્ર પુરાવો એકીસાથે વંચાણે લેતાં, સમગ્ર પુરાવાની એક સાંકળ બને છે અને તે તમામ સંજોગોનું એકત્રીત પરિણામ માત્ર આરોપીઓ જ ગુનેગાર હોય તેમ જાહેર થાય છે.

(**૭૩**) આ કામે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર હાઈકોર્ટ દ્વારા અલગ અલગ ચુકાદાઓના આપવામાં આવેલ માર્ગદર્શનો મુજબ ઉપરોકત વિગતે કરતા, આ કામના આરોપીઓ એ ચારેય ગુજરનાર વ્યકતિઓને ધારીયા વડે મારી નાંખવાના ઈરાદે ઈજા કરી હત્યા કરી, ખુનનો ગુનો કર્યાનું સાબિત થાય છે.

(**૭૪**) ઈ.પી.કો.ની કલમ–૩૦૨ ના આવશયક તત્વો ધ્યાને લઈ આ સંદર્ભે કાયદાકીય મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવે તો અગાઉ કરેલ ચર્ચા મુજબ ગુજરનારાનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાનું અને તે મૃત્યુ આરોપીઓ દ્વારા કરવામાં આવેલ હોવાનું સાંયોગીક પુરાવાથી પુરવાર થયેલ હોય ત્યારે ઈ.પી.કો.ની કલમ–૨૯૯ ની જોગવાઈ મુજબ તે મૃત્યુ સાપરાધ મનુષ્યવધની વ્યાખ્યામાં આવે છે. ત્યારે હવે તે સાપરાધ મનુષ્યવધ તે ખુન એટલે કે મર્ડરની કરવામાં આવેલી કલમ–૩૦૦ ની જોગવાઈમાં પડે છે કે કેમ? તે અંગે ચર્ચા કરવામા આવે તો સદર કલમ–૩૦૦ ની શરુઆતની જોગવાઈમાં જે ચાર કલોઝ દર્શાવેલ છે તે મુજબ આરોપી ઓ નો ઈરાદો ગુજરનારને મારી

નાંખવાનો હોવાનો અથવા તો તેમનો ઈરાદો ગુજરનારને એવી શારીરીક ઈજા પહોચાડવાનો કે જેથી મૃત્યુ થઈ શકે, અથવા તો તેમનો ઈરાદો ગુજરનારને એવી શારીરીક ઈજા પહોચાડવાનો હતો કે જે કુદરતનાં સામન્ય ક્રમ મુજબ મૃત્યુ કરવા માટે પ્રયાપ્ત હોય. ગુજરનારાઓને થયેલ ઈજાઓ જોઇએ તો આરોપીઓ એ બાબત પણ જાણતાં હતાં કે ગુજરનારાઓને ગળાના ભાગે ધારીયાથી આવા પ્રકારની ઈજા કરવાથી ગુજરનારનુ મૃત્યુ સંભવી શકશે. આ તમામ હકીકતો પડેલ પુરાવા ઉપરથી પુરવાર થયેલ છે. ત્યારે કલમ–૩૦૦ ના જે પ્રથમ ચાર કલોઝ છે તેમા આરોપી ઓ ના કૃત્યનો સમાવેશ થઈ જાય છે. વધુમાં તે જોગવાઈમાં જે પાંચ અપવાદો છે તે પૈકીના કોઈ પણ અપવાદમાં આરોપીઓ નો કેસ પડતો હોય કે અન્ય સામાન્ય અપવાદોમાં હાલનો કેસ પડતો હોય તેવો આરોપીઓ એ બચાવ ઉપસ્થિત કરેલ નથી કે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારે આરોપીઓનો ઈરાદો જોતા અને તે કારણસર ગુજરનારનું મોત નિપજેલ હોય તેથી તે કૃત્ય સાપરાધ મનુષ્યવધ કે જેનો સમાવેશ ખુનમાં થાય છે તેમા આરોપીઓ નુ કૃત્ય પડે છે. તે સંજોગોમા આરોપીઓ એ ઈ.પી.કો.ની કલમ–૩૦૦ ની જોગવાઈમાં દર્શાવેલ ખુનનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે અને તે સંદર્ભે સજાની જોગવાઈ કલમ–૩૦૨ માં કરવામાં આવેલ હોય તેથી તે જોગવાઈ હેઠળ આરોપીઓ ને તકસીરવાન ઠરાવવાના થાય છે.

**(૭૫)** આ કામમાં આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ– **૩૦૨, ૨૦૧, ૩૯૭, ૩૪** મુજબના ગુનાનું તહોમત છે. ઈ.પી.કો.ની કલમ–૩૪ ના આવશયક તત્વો જોવામાં આવે તો પ્રથમ તત્વ એ છે કે, એક કરતા

વધારે વ્યકિતઓએ ગુનો આચર્યો હોવો જોઈએ. તેવી તમામ વ્યકિત પૈકી કોઈક અજાણ વ્યકિત પણ હોઈ શકે. આવુ કૃત્ય અવશ્યપણે ગુનાહીત કૃત્ય હોવું જોઈએ. પ્રત્યેક વ્યક્તિએ ભજવેલો ભાગ મળીને જે પરિણામ આવે તે આ કલમ પ્રમાણે કૃત્ય ગણાય, જે ગુનાહીત હોવું જોઈએ. અનેક વ્યક્તિઓ મળીને જે કૃત્ય આચરે તેમાં તમામનો સમાન ઈરાદો હોય તે આવશ્યક છે. આ કલમનું સારતત્ત્વ ગુનાહીત કૃત્ય નહિ પણ સર્વ વચ્ચેનો સમાન ઈરાદો છે. જે ગુનાહીત કૃત્ય કરવામાં આવે, જે વ્યક્તિ તેમાં પોતાનો ભાગ ભજવે તે પાછળ દોરી જનાર બાબત તેમની વચ્ચેનો સમાન ઈરાદો છે. આચરવામાં આવેલું કૃત્ય સમાન ઈરાદો પાર પાડવા માટે કરવામાં આવ્યું હોય તે અગત્યનું છે. આમ ટૂંકમાં, એક કરતા વધારે વ્યક્તિ, ગુનાહીત કૃત્ય, સમાન ઈરાદો તથા તે પાર પાડવા માટે કૃત્ય કરવામાં આવ્યું હોય ત્યારે આ કલમના તત્ત્વો સંપૂર્ણ થાય તથા આ કલમ લાગુ કરી શકાય. આ કલમનું મહત્ત્વનું પાસુ સમાન ઈરાદો છે. જે ભાવાત્મક બાબત છે, છતાં પુરાવા પરથી, સંજોગો પરથી, વર્તન પરથી, તમામે ભજવેલા ભાગ પરથી એ હકીકત નક્કી કરી શકાય કે સમાન ઈરાદો હતો કે કેમ? અને શું હતો?

હાલના કેસમાં પુરાવા આધારે જે હકીકત સાબીત થયેલ છે તેમા બંને આરોપીઓ નો સમાન ઈરાદો (Common intention) હોવાનુ અને તે સમાન ઈરાદો ગુજરના રાનુ ખુન કરી દેવાનો હતો. આ સમાન ઈરાદાના ભાગરૂપે બંને આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ગુજરનારાને મારી નાંખવા માર માર્યાનું પુરવાર થાય છે અને તે સમાન ઈરાદો પાર પાડવા તેના ભાગરૂપે ગુનાનુ કૃત્ય કરેલ હોવાનુ પણ સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. આ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષનો **ધી સ્ટેટ ઓફ કર્ણાટકા વિ. બાટેવડા અને અન્ય,ક્રિમિનલ અપીલ નં.૧૬૯૪/૨૦૧૪** ના કામે તા.૯/૧/૨૦૨૫ ના

રોજનો ચુકાદો જોવામાં આવે તો તેમા કલમ–૩૪ મુજબ સમાન ઈરાદો પાર પાડવા માટે એકથી વધુ વ્યકિતઓએ કૃત્ય આચરેલ હોવાનુ માનવામાં આવેલ અને તેથી આરોપી નં.૨ નો રોલ નાનો હોવા છતાં તેને આરોપી નં. ૩ ને જે રીતે ઈ.પી.કો.ની કલમ–૩૨૬ માટે સજા કરેલ હતી તે મુજબ સજા કરવાનો હુકમ કરવામાં આવેલ હતો.

આ કામે આરોપીઓ સામે ઇ.પી.કો.ક. ૩૯૭ ના ગુનાનું પણ તહોમત છે. રજુ થયેલ પુરાવાના આધારે ગુજરનારાઓની હત્યા કર્યા બાદ ત્યાંથી સોના ચાદીના દાગીના, એમ્પ્લીફાયર, સીડી પ્લેયર, કેમેરા વિગેરે લઇને નાસી ગયેલ છે તેમ પુરવાર થાય છે. જેથી આરોપીઓએ ઇ.પી.કો.ક. ૩૯૭નો ગુનો કર્યાનું પણ પુરવાર થાય છે. બનાવ બાદ આરોપીઓએ ગુજરનાર સમતાનન્દ ઉર્ફે શર્મિષ્ઠાબેનની લાશને બાથરુમમાં રાખી તાળુ મારી દીધેલ તેમજ ગુજરનાર મોહનભાઇ લુહાર અને રાવળીયા કરમણભાઇની લાશને રુમમાં ગાદલા નિચે સંતાડી દીધેલ હતી તેવું પુરવાર થયેલ છે. આરોપીઓ સામે ઇ.પી.કો.ક. ૨૦૧ના ગુના અંગે તહોમત છે તે પુરવાર થયેલ છે. સમગ્ર રીતે આરોપીઓ સામેના તહોમત મુજબનો ગુનો તેઓ એ એકબીજાની મદદગારીમાં રહીને કર્યાનું ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાના આધારે વ્યાજબી શંકાથી પર પુરવાર થાય છે, તેમ ઠરાવી મુદા નં.૨ નો નિર્ણય **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદા નં.૩</u>**

**(૭૬)** ઉપરોકત મુદાના નિર્ણયો, કેસ હકીકત, રજુઆતો, કાયદાકીય જોગવાઇ, રજુ થયેલ નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર હાઇકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઇ સમગ્ર ચર્ચાના અંતે મુદૃા નં. ૩ અન્વયે નિચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

૧. **સેસન્સ કેસ નં.૪૭/૨૦૨૦ ના આરોપી (૧)યાદવ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદસન/ઓફ નંદરામ,**રહે,૨૮૦,

વસંતકુંજ રૂચિ વિહાર રંગપુરી પહાડી, ન્યુ દિલ્હી, મુળરહે, સીમતરા,તા.ભાંડેર,જી.દતીયા, મધ્યપ્રદેશ.

**તથા સેસન્સ કેસ નં. ૧૨૬/૨૧** ના આરોપી **(૨) યાદવ રાજકુમારી ઉર્ફે ડીશ્કો ઉર્ફે સુરજ વા/ઓ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદ સન/ઓફ નંદરામ,** રહે,૨૮૦, ગલી નં.૧, રૂચિ વિહાર રંગપુરી પહાડી ન્યુ દિલ્હી, વાળાઓને **ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ–** ૩૦૨,૨૦૧, ૩૯૭ તથા ૩૪ મુજબનાં ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની–૨૩૫(૨) ની જોગવાઈ વંચાણે લેતા **તકસીરવાન** ઠરાવવામાં આવે છે.

આ કામે આરોપી નં.૧ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય જીલ્લા જેલ મહેસાણાથી હાજર છે. તથા આરોપી નં.૨ જામીન ઉપર હોય હાજર છે. આરોપી નં.૨ ને કસ્ટડીમાં લેવા હુકમ કરવામાં આવે છે તથા તેના જામીન અને જામીનખત રદ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓની સજાના પ્રમાણ અંગે સાંભળવા હુકમ કરવામાં આવે છે. 61–8

હુકમ આજ તારીખ: ૨૩મી માહે : માર્ચ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬
મહેસાણા.

**(રમેશકુમાર બાબુભાઇ ઇટાલીયા)**
૫માં એડીશ્નલ સેશન્સ જજ
મહેસાણા
(યુ.આઇ.સી.નં.જીજે૦૦૮૨૪)

(P.A / M.M. Farooqui)

**આરોપીઓને તકસીરવાન ઠરાવ્યા બાદ સજા અંગે સાંભળ્યા પછી વધારાનો હુકમ.:–**

(૭૭) આ કામમાં આરોપીઓને **ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ–** ૩૦૨,૨૦૧, ૩૯૭ તથા ૩૪ મુજબનાં ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. આરોપીઓ તથા તેના વિ.વ.શ્રી. તેમજ ફરીયાદપક્ષ તરફેથી વિ.એ.પી.પી. શ્રી હાજર છે. ઈ.પી.કો. કલમ–૩૦૨ ની સજાની જોગવાઈ જોતા દેહાંત દંડ અથવા આજીવન કેદની સજા અને દંડ ની જોગવાઇ છે તથા કલમ–૩૯૭ના ગુનામાં ૭ વર્ષથી ઓછી નહી તેવી કેદની સજા ની જોગવાઇ છે, તથા કલમ–૨૦૧ ની સજાની જોગવાઈ જોવામાં આવે તો ૭ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની સજા અને દંડ ની જોગવાઇ છે.

આ કેસ સાંયોગીક પુરાવા આધારીત છે. ચાર વ્યકતિઓની હત્યા થયેલ છે ત્યારે સજાની જોગવાઇ જોતાં, સજા અંગે નિર્ણય કરતા પહેલા આરોપીઓની વ્યકતિ સજા તપાસ કરવી જરુરી છે અને તે માટે એગ્રાવેટીંગ સંજોગો, મીટીગેટીંગ સંજોગો અને રેરેસ્ટ ઓફ રેર કેસ છે કે કેમ ? તે ધ્યાને લેવાનું છે. નામદાર સુપ્રિમ કોર્ટે બચ્ચનસિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ તથા માછીસીંગ વિ. સ્ટેટ ઓફ પંજાબના કેસમાં આ અંગે માર્ગદર્શનો આપેલ છે. અત્રેની કોર્ટ દ્રારા આ અંગે આરોપીઓના જેલમાંથી આરોપીના સંજોગો અને વર્તણુંક સબંધે રિપોર્ટ મંગાવવામાં આવેલ જે આંક–૧૮૯ તથા ૧૯૦ થી રજુ થયેલ છે. તે વંચાણે લીધો.

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૩૫૪ (૩) ની જોગવાઈ મુજબ જયારે દેહાંત દંડ અથવા વિકલ્પે આજીવન કેદ કે અમુક વર્ષની કેદની સજાને પાત્ર ગુન્હામાં આરોપીને સજા કરવામાં આવે ત્યારે સજા કરવા માટેના કારણો અદાલતે આપવા જોઈશે તથા દેહાંડ દંડના કિસ્સામાં આવી સજા કરવા માટેના ચુકાદામાં વિશિષ્ટ કારણો આપવા જોઈશે.

(૭૮) કોઈપણ ગુન્હાના કામે આરોપી વિરૂધ્ધ હાથ ધરવામાં આવેલ ઈન્સાફી કાર્યવાહીના કામમાં સજા એ એક અગત્યનું અને મહત્વનું પરીબળ છે અને ઈન્સાફી કાર્યવાહીનો અંતીમ તબકકો યોગ્ય અને ન્યાયોચીત સજાનું નિર્ધારણ કરી આરોપીને સજા ફરમાવવાનો છે. ઈન્સાફી કાર્યવાહીના કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓના આધારે આરોપી સામેના તહોમતની સાબિતી થયા બાદ કાયદાના સ્તુત્ય પ્ર બધોને આધિન આરોપીને સજા અંગે સુનાવણીની યોગ્ય અને ન્યાયિક તક આ પ્યા બાદ આરોપી સામે પુરવાર થયેલ ગુન્હા સબબ આરોપીને કઈ સજા ફરમાવવી જોઈએ તે બાબત જે તે કેસની હકીકતો, સંજોગો, ગુન્હાનો પ્રકાર, ગુન્હાની અસર, ગુન્હો આચરવાની પધ્ધતિ વિગેરે અનેક પરિબળો ઉપર આધારીત હોય છે અને તે પરિબળો સાથે ઉગ્રતા વધારનારા સંજોગો અને ઉગ્રતા ઘટાડનારા સંજોગો ધ્યાને લઈ અદાલત દવારા વિવેક બુધ્ધિની સત્તાનો ન્યાયપુર્ણ ઉપયોગ કરી યોગ્ય સજા ફરમાવવી જોઈએ. કાયદાના સ્થાપિત સિધ્ધાંતો અનુસાર આરોપીને સજા કરવાની હોય છે. આથી, ગંભીર અને ધૃણાસ્પદ પ્રકારના ગુન્હાના કામે આરોપીને સજા કરવાના નિર્ણય કરતા સમયે ન્યાય માટે સમાજની અપેક્ષા, ગુન્હા પ્રત્યે સમાજનો આક્રોશ અને તિરસ્કાર તથા ગુન્હાની સમુદાય ઉપર પડેલ અસર જેવા મહત્વના પરીબળો પણ અદાલત દવારા ધ્યાને લેવાના રહે છે. આરોપીને સજા ફરમાવવાની બાબત નિર્ણીત કરતા સમયે માત્ર આરોપીના અધિકારો નહી પરંતુ ગુન્હાનો ભોગ બનનાર તથા તેના પરિવારના અધિકારો તથા સમુદાયના અં ત:કરણની અપેક્ષા પણ નજર સમક્ષ લેવાની રહે છે.

(૭૯) નામદાર સર્વોચ્ચ અદાલત દવારા **સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિરૂધ્ધ મુન્ના ચૌબે અને બીજા એ.આઈ.આર. ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ ૬૮ ઉપર પ્રસિધ્ધ** થયેલ ચુકાદામાં સજાની બાબત અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. જે સૌપ્રથમ ધ્યાને લેવા આવશ્યક જણાય છે.

"After giving due consideration to the facts and circumstances of each case, for deciding just and appropriate sentence to be awarded for an offence, the aggravating and mitigating factors and circumstances in which a crime has been committed are to be delicately balanced on the basis of really relevant circumstances in a dispassionate manner by the Court. Such act of balancing is indeed a difficult task. It has been very aptly indicated in Dennis Councle MCGDautha v. State of Callifornia: 402 US 183: 28 L.D. 2d 711 that no formula of a foolproof nature is possible that would provide a reasonable criterion in determining a just and appropriate punishment in the infinite variety of circumstances that may affect the gravity of the crime. In the absence of any foolproof formula which may provide any basis for reasonable criteria to correctly assess various circumstances germane to the consideration of gravity of crime, the discretionary judgment in the facts of each case, is the only way in which such judgment may be equitably distinguished.

In Jashubha Bharatsinh Gohil v. State of Gujarat (1994 (4) SCC 353), it has been held by this Court that in the matter of death sentence, the Courts are required to answer new challenges and mould the sentencing system to meet these challenges. The object should be to protect the society and to deter the criminal in achieving the avowed object to law by imposing appropriate sentence. It is expected that the Courts would operate the sentencing system so as to impose such sentence which reflects the conscience of the society and the sentencing

process has to be stern where it should be. Even though the principles were indicated in the background of death sentence and life sentence, the logic applies to all cases where appropriate sentence is the issue. Imposition of sentence without considering its effect on the social order in many cases may be in reality a futile exercise. The social impact of the crime, e.g. where it relates to offences against women, dacoity, kidnapping, misappropriation of public money, treason and other offences involving moral turpitude or moral delinquency which have great impact on social order, and public interest, cannot be lost sight of and per se require exemplary treatment. Any liberal attitude by imposing meager sentences or taking too sympathetic view merely on account of lapse of time in respect of such offences will be result- wise counter productive in the long run and against societal interest which needs to be cared for and strengthened by string of deterrence inbuilt in the sentencing system.

(૮૦) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા બચનસીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબના ઐતીહાસીક ચુકાદામાં ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨ માં કરવામાં આવેલ મૃત્યુ દંડની જોગવાઈને બંધારણીય ઠેરવવામાં આવેલ છે. પરંતુ સાથો સાથ આ ચુકાદામાં એવું પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જયારે 'અપવાદમાં પણ અપવાદરૂપ' કેસ હોય ત્યારે જ આ કલમની જોગવાઈ અંતગર્ત મૃત્યુ દંડ એટલે કે ફાંસીની સજા કરવી જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા કેસ 'અપવાદમાં પણ અપવાદરૂપ' છે કે કેમ તે બાબત નિર્ણીત કરવા માટે સંજોગોના આધારે નિર્ણીત કરવાની કસોટી ઠરાવવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા અનેકવિધ ચુકાદાઓમાં તેમજ નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પણ મૃત્યુ દંડ એટલે કે ફાંસીની સજા બાબતેના સિધ્ધાંતો

પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. આ સ્થાપિત સિધ્ધાંતો અનુસાર સજાને ઉદ્દીપ્ત કરનારા કે તીવ્ર કરનાર સંજોગો અને હળવા કે શમન કરનારા સંજોગો ધ્યાને લઈ તેના આધારે જણાય આવેલ તમામ સંજોગોની સરખામણી કરવી જોઈએ અને જયારે સજાને ઉદ્દીપ્ત કે તીવ્ર કરનારા કે ઉગ્ર કરનારા સંજોગોનું પલડું સજાને હળવી કે ઓછી કે શમન કરનાર સંજોગોની તુલનામાં ભારે હોય ત્યારે અને જયારે એવા સંજોગો અસ્તીત્વ ધરાવતા હોય કે આરોપીને મૃત્યુ દંડના વિકલ્પે કોઈ અન્ય સજા કરી શકાય તેમ ન જ હોય ત્યારે જ મૃત્યુ દંડની સજા કરી શકાય છે.

(૮૧) <u>ફરિયાદ પક્ષ તરફે પણ નામદાર </u>સર્વોચ્ચ અદાલતના બચનસીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબના કેસના ચુકાદા ઉપર આધાર રાખી આરોપીને મૃત્યુ દંડ એટલે કે ફાંસીની સજા કરવા રજુઆત કરેલ છે તથા વધુમાં એવી રજુાત છે કે, રેરેસ્ટ ઓફ રેર કેસ ગણી છેલ્લા શ્વાસ સુધીની સજા કરવી જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલત દવારા આ ચુકાદામાં ઉગ્રતા વધારનારા અને ઉગ્રતા ઘટાડનારા સંજોગો બાબતે નીચે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે.

“(a) The normal rule is that the offence of murder shall be punished with the sentence of life imprisonment. The court can depart from that rule and imposed the sentence of <u>death only</u> if there are special reasons for doing so. Such reasons must be recorded in writing before imposing the death sentence.

(b) While considering the question of sentence to be imposed for the offence of murder under section 302 of the Penal Code, the court must have regard to every relevant circumstance relating <u>to the crime</u> as well

as the criminal if the court finds but not otherwise that the offence is of an exceptionally depraved and henious character and constitutes, on account of its design and manner of its execution, a source of grave danger to the society at large the court may impose the death sentence".

" Aggravating circumstances :

A Court may , however , in the following cases impose the penalty of death in its discretion :

(a) if the murder has been committed after previous planning and involves extreme brutality ; or

(b) if he murder involves exceptional depravity ; or

(c) if the murder is of a member of any of the armed forces of the Union or of a member of any police force or of any public servant and was committed (i) while such member or public servant was on duty ; or

(ii) in consequence of anything done or attempted to be done by such member or public servant in the lawful discharge of his duty as such member or public servant whether at the time of murder he was such member or public servant , as the case may be , or had ceased to be such member or public servant ;

(d) if the murder is of a person who had acted in the lawful discharge of his duty under Section 43 of the Cr.PC , 1973, or who had rendered assistance to a Magistrate or a police officer demanding his aid or requiring his assistance under Section 37 and Section 129 of the said Code ."

" Mitigating circumstances : In the exercise of its discretion in the above cases , the Court shall take into account the following circumstances :

(1) That the ofence was committed under the infuence of extreme mental or emotional disturbance.

(2) The age of the accused . If the accused is young or old , he shall not be sentenced to death.

(3) The probability that the accused would not commit criminal acts of violence as would constitute a continuing threat to society

(4) The probability that the accused can be reformed and rehabilitated. The State shall by evidence prove that the accused does not satisfy the conditions 3 and 4 above.

(5) That in the facts and circumstances of the case the accused believed that he was morally justifed in ommitting the ofence.

(6) That the accused acted under the duress or domination of another person.

(7) That the condition of the accused showed that he was mentally defective and that the said defect unpaired his capacity to appreciate the criminality of his conduct ."

(૮૨) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના માછીસીંઘ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૮૩ સુપ્રિમ કોર્ટ ૯૫૭માં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો ધ્યાને લેવા અનિવાર્ય છે. જેમાં બચનસીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબના કેસના ચુકાદાના આધારે કયા સં જોગોમાં મૃત્યુ દંડની સજા કરી શકાય તે બાબતે માર્ગદર્શક સિધ્ધાંતો ઠરાવવામાં આવેલા છે. આ ચુકાદામાં નીચેના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે.

"The reasons why the community as a whole does not endorse the humanistic approach reflected in "death sentence-in-no-case" doctrine are not far to seek. In the first place, the very humanistic edifice is constructed on the foundation of"reverence for life" principle. When a member of the community violates this very principle by killing another member, the society may not feel itself bound by the shackles

of this doctrine. Secondly, it has to be realized that every member of the community is able to live with safety without his or her own life being endangered because of the protective arm of the community and on account of the rule of law enforced by it. The very existence of the rule of law and the fear of being brought to book operates as a deterrent to those who have no scruples in killing others if it suits their ends. Every member of the community owes a debt to the community for this protection. When ingratitude is shown instead of gratitude by 'Killing' a member of the community which protects the murderer himself from being killed, or when the community feels that for the sake of self preservation the killer has to be killed, the community may well withdraw the protection by sanctioning the death penalty. But the community will not do so in every case. It may do so (in rarest of rare cases) when its collective conscience is so shocked that it will expect the holders of the judicial power centre to inflict death penalty irrespective of their personal opinion as regards desirability or otherwise of retaining death penalty. The community may entrain such a sentiment when the crime is viewed from the platform of the motive for, or the manner of commission of the crime, or the anti-social or abhorrent nature of the crime, such as for instance:" "In this background the guidelines indicated in Bachan Singh's case (supra) will have to be culled out and applied to the facts of each individual case where the question of imposing of death sentences arises. The following propositions emerge from Bachan Singh's case:

(i) the extreme penalty of death need not be inflicted except in gravest cases of extreme culpability;

(ii) Before opting for the death penalty the circumstances of the 'offender' also require to be taken into consideration alongwith the circumstances of the 'crime'.

(iii) Life imprisonment is the rule and death sentence is an exception. In other words death sentence must be imposed only when life imprisonment appears to:be an altogether inadequate punishment having regard to the relevant circumstances of the crime, and provided, and only provided the option to impose sentence of imprisonment for life cannot be conscientiously exercised having regard to the nature and circumstances of the crime and all the relevant circumstances.

(iv) A balance sheet of aggravating and mitigating circumstances has to be drawn up and in doing so the mitigating circumstances has to be accorded full weightage and a just balance has to be struck between the aggravating and the mitigating circumstances before the option is exercised. In order to apply these guidelines inter-alia the following questions may be asked and answered:

(a) Is there something uncommon about the crime which renders sentence of imprisonment for life inadequate and calls for a death sentence ?

(b) Are the circumstances of the crime such that there is no alternative but to impose death sentence even after according maximum weightage to the mitigating circumstances which speak in favour of the offender ?

If upon taking an overall global view of all the circumstances in the light of the aforesaid proposition and taking into account the answers to the questions posed here in above, the circumstances of the case are such that death sentence is warranted, the court would proceed to do so."

(૮૩)    ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે,આરોપીઓને જે કલમો હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે તેમા કાયદામાં ઓછામાં ઓછી સજા કરવા અંગેના પ્રાવધાન કરેલ હોય ત્યારે તેથી ઓછી સજા કરી શકાય નહી.વધુમાં એવી દલીલ કરેલ છે કે, હાલના કેસમા જે બનાવ બનેલ છે તે અગાઉથી પ્રિ–પ્લાનીંગ સાથે ઘડવામાં આવેલ યોજના મુજબ અગાઉથી નકકી કરેલ ઈરાદાના ભાગરૂપે કરેલ હોવાનુ પુરવાર થાય છે અને તેના ભાગરુપે તે કૃત્યને અંજામ આપેલ હતો, નિર્દોષ વ્યકતિને મારી નાંખેલ છે, ભોગ બનનારને ન્યાય મળવો જોઇએ, સંજોગો હાલના કેસના રેકર્ડ ઉપર આવેલ છે. ત્યારે સમાજનુ હીત ધ્યાને રાખીને આરોપીઓએ જે ગુનો આચરેલ છે તે સંદર્ભે કાયદામાં સુચીત કરેલ મહતમ સજા કરવી જોઈએ તેવી દલીલ કરેલ છે.

(૮૪)    આરોપીઓ કોર્ટમાં જાતે હાજર છે તેઓએ સજા અંગે કંઇ કહેવું નથી. પોતે ગુનો કરેલ નથી તેમ જણાવેલ છે. તેના વિ.વ.શ્રીને રજુઆત છે કે, આરોપીનો પહેલો ગુનો છે, તેને નાના બાળકો તથા બંને પતિ પત્ની છે. ગરીબવર્ગના છે અને મજુરી કરે છે. આરોપી નં.૨ ની મેડીકલ સારવાર ચાલે છે. આરોપી નં.૨ સ્ત્રી છે, આરોપી નં.૧ વૃઘ્ઘ ઉંમરના છે અને રેરેસ્ટ ઓફ રેર કેસમાં આવતો નથી. બનાવનું ખરું કારણ રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ જે હતું તે આરોપીને ગુનો કરવા પ્રેરવા માટે ગંભીર હશે. સજાના નિર્ણય વખતે આરોપીની સ્થિતી જોવી જોઇએ, આરોપીને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. સજાનું પ્રમાણ નકકી કરવા માટે કાયદાકીય જોગવાઇઓ તથા નામદાર ઉચ્ચ અદાલતના તારણો ધ્યાને લીધા.

(૮૫) ઉપરોકત વિગતે બંને પક્ષોની દલીલ ઘ્યાને લઈને ચર્ચા કરવામાં આવે તો હાલના આરોપીઓને **ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ–** ૩૦૨,૨૦૧, ૩૯૭ તથા ૩૪ મુજબનાં ગુના માટે તકસીરવાન ઠરાવેલ છે.

(૮૬) જયારે કોઈ પણ આરોપીને તકસીરવાન ઠરાવીને સજા કરવાની થાય ત્યારે તે ગુનો કયાં સંજોગોમાં કરેલ છે. ગુનો કેવા પ્રકારે કરેલ છે, ગુનો કરવાનો મોટીવ (Motive) એટલે કે ઈરાદો શું હતો, આરોપીની ઉંમર , આરોપીનો ભુતકાળ, તે તમામ પરીબળો તથા આરોપીના પોતાના વ્યકિતગત સંજોગોને લગતા પરીબળો જોવાના રહે છે. હવે બંને પક્ષોની સજા કરવા બાબતેની રજુઆત તથા કાયદામાં સજા માટે કરેલ જોગવાઈ નજર સમક્ષ રાખી ચર્ચા કરવામાં આવે તો આ કામમાં આરોપીઓને ઈ.પી.કો.ની કલમ–૩૦૨ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવેલ છે. તે સંજોગોમાં આઈ.પી.સી કલમ ૩૦૪ પાર્ટ(૨) નો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, ત્યારે તે સં દર્ભે ન્યુનતમ શીક્ષાની જોગવાઈ આજીવન કેદ છે અને મહતમ શીક્ષા દેહાંત દંડ છે. હાલના કેસની હકીકત જોવામાં આવે તો આરોપીઓ પતિ પત્ની છે, બનાવ હકીકત મુજબ ચાર વ્યકિતઓની હત્યા કરવામાં આવેલી છે. બનાવ બાદ આરોપીઓ નાસી ગયેલ હતા અને સોળ વર્ષ બાદ પકડાયેલ છે. મુળ બનાવ વર્ષ –૨૦૦૪માં બનેલ હતો એટલે કે ૨૨ વર્ષ જેટલો સમય વીતી ગયેલ છે. ખરેખર શું મોટીવ હતો તે સ્પષ્ટ થયેલ નથી. આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે સાંયોગીક પુરાવાના આધારે પુરવાર કરેલ છે. આંક–૧૮૯, ૧૯૦ થી રજુ થયેલ આરોપીનો કસ્ટડી રીપોર્ટ એટલે કે જેલવાસ દરમ્યાનની વર્તણુંક અને આરોપીની માહીતી અંગેનો રિપોર્ટ ધ્યાને લઇએ તો આરોપી નં.૧ ની હાલ ઉંમર ૬૯ વર્ષની છે, ધોરણ – ૯ સુધી ભણેલ છે, આર્થિક પરિસ્થીતી મધ્યમ છે, ગૃહસ્થ જીવન સારું છે, ત્રણ દિકરીઓ તથા બે દિકરા છે, માતા મૃત્યુ

પામેલ છે, પિતા તથા ભાઈ હયાત છે અને ખેતી કરે છે, જેલવાસ દરમ્યાન અન્ય આરોપી સાથેનું વર્તન હકારાત્મક છે તથા વર્તણુંક સારી છે, શારિરીક માનસિંક કોઈ બિમારી નથી. આરોપી નં.૨ અભણ સ્ત્રી છે અને તેની ઉંમર ૬૦ વર્ષની છે તેને પણ કોઈ શારિરીક માનસિક બિમારી નથી, ગુનાહિત ભુતકાળની કોઈ હકીકત જણાઈ આવેલ નથી, તેના કુટુંબમાં ભાઈ,બહેન, બે પુત્ર એક પુત્રી, માતા-પિતા તથા પતિ છે, ગુનાહિત ઈતિહાસ નથી. રીહેબીલીટેશન તથા રીફોર્મેશન અંગે વિરુધ્ધનો કોઈ રિપોર્ટ નથી. આરોપી નં.૧ પાંચ વર્ષ ઉપરાંતથી કસ્ટડીમાં છે. આ સંજોગોમાં નામદાર સુપ્રિમકોર્ટના <u>સંતોષકુમાર સતીષભુષણ વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્રા, ૨૦૦૯(૪), સુપ્રિમ ૨૩૫,</u> ના પેરા-૧૭૩ જોઈએ તો નિચે મુજબ છે.

173. The entire prosecution case hinges on the evidence of the approver. For the purpose of imposing death penalty, that factor may have to be kept in mind. We will assume that in Swamy Shraddananda (supra), this Court did not lay down a firm law that in a case involving circumstantial evidence, imposition of death penalty not would be permissible. But, even in relation thereto the question which would arise would be whether in arriving at a conclusion some surmises, some hypothesis would be necessary in regard to the manner in which the offence was committed as contra-distinguished from a case where the manner of occurrence had no role to play. Even where sentence of death is to be imposed on the basis of the circumstantial evidence,the circumstantial evidence must be such which leads to an exceptional case. We must, however, add that in a case of this nature where the entire

prosecution case revolves round the statement of an approver or dependant upon the circumstantial evidence, the prudence doctrine should be invoked. For the aforementioned purpose, at the stage of sentencing evaluation of evidence would not be permissible, the courts not only have to solely depend upon the findings arrived at for the purpose of recording a judgment of conviction, but also consider the matter keeping in view of evidences which have been brought on record on behalf of the parties and in particular the accused for imposition of a lesser punishment. A statement of approver in regard to the manner in which crime has been committed vis–'– vis the role played by the accused, on the one hand, and that of the approver, on the other, must be tested on the touchstone of the prudence doctrine.

(૮૭) તે ઉપરાંત નામદાર સુપ્રિમકોર્ટના **સુદામ ઉર્ફે રાહુલ કનીરામ જાધવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૧૯(૯) એસીસી, ૩૮૮** ના તારણો તથા નામદાર સુપ્રિમકોર્ટના **પ્રકાશ ધવલ ખેરનાર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઇ.આર. ૨૦૦૨ સુ.કો. ૩૪૦** ના ચુકાદાના તારણો ધ્યાને લીધા. બંને આરોપીઓની ઉંમર, તેના ફેમીલી બેકગ્રાઉન્ડ, બનાવ હકીકત, જેલવાસ દરમ્યાનનું વર્તન, મેડીકલ કન્ડીશન, ભુતકાળ, સામાજીક દરજ્જો, કેસનો સાંયોગીક પુરાવો ધ્યાને લેતાં, તેમજ જેલ રિપોર્ટ મુજબ રીહેબીલીટેશન તથા રીફોર્મેશન અંગેના સંજોગો ધ્યાને લેતાં હાલના કેસની અપવાદમાં અપવાદરુપ ગણી શકાય તેમ નથી તેથી આરોપીઓને દેહાંત દંડની સજા કરવાનું ઉચિત જણાતું નથી પરંતુ બનાવ હકીકત ધ્યાને લેતાં તથા આરોપીઓની ઉંમર અને

કેસની હકીકત મુજબ ગુનાની ગંભીરતા જોતાં આરોપીઓને જીવનના અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા કરવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

૧. **સેસન્સ કેસ નં.૪૭/૨૦૨૦ ના આરોપી (૧)યાદવ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદ સન/ઓફ નંદરામ,** રહે,૨૮૦, વસંતકુંજ રૂચિ વિહાર રંગપુરી પહાડી, ન્યુ દિલ્હી, મુળરહે, સીમતરા, તા.ભાંડેર, જી.દતીયા, મધ્યપ્રદેશ.

**તથા સેસન્સ કેસ નં. ૧૨૬/૨૧** ના આરોપી **(૨) યાદવ રાજકુમારી ઉર્ફે ડીશ્કો ઉર્ફે સુરજ વા/ઓ ગોવિંદસિંગ ઉર્ફે મહેન્દ્રસિંહ ઉર્ફે અરવિંદ સન/ઓફ નંદરામ,** રહે,૨૮૦, ગલી નં.૧, રૂચિ વિહાર રંગપુરી પહાડી ન્યુ દિલ્હી, વાળાઓને **ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ–** ૩૦૨,૨૦૧, ૩૯૭ તથા ૩૪ મુજબનાં ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની–૨૩૫(૨) ની જોગવાઈ વંચાણે લેતા **તકસીરવાન** ઠરાવવામાં આવેલ છે.

– સદરહું આરોપીઓને ઈ.પીકો.ક. **૩૦૨ સાથે ૩૪** વાંચતાં તે મુજબના ગુના અંગે જીવનના અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા તથા દરેકને રૂ.૫૦,૦૦૦/– પચાસ હજાર પુરાનો દંડ ભરવાની સજાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો વધુ એક વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– સદરહું આરોપીઓ ઈ.પીકો.ક. ૩૯૭ સાથે ૩૪ વાંચતાં તે મુજબના ગુના અંગે સાત વર્ષ સુધીની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

– સદરહું આરોપીઓને ઈ.પી.કો.ક.૨૦૧ સાથે ૩૪ વાંચતાં તે મુજબના ગુના અંગે પાંચ વર્ષની સખત કેદની તથા દરેકને રૂ.૧૦,૦૦૦/– દંડની સજા કરવામાં આવે છે જો દંડ ભરવામાં કસુર કરે

તો વધુ ચાર માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અપીલ સમય બાદ આ કામમાં મુદ્દામાલ પાવતીની વિગતે કબજે થયેલ મુદામાલ આર્ટીકલ બિનકિમતી મુદામાલ જેવો કે કપડા,એફ.એસ.એલ. સેમ્પલ, કોટન થ્રેડ, ધારીયું, નમુનાઓ, પહેરવાના અને અન્ય કપડાઓ વિગેરે મુદામાલ પાવતીમાં જણાવેલ તમામ મુદામાલ નિયમ મુજબ નાશ કરવો. અપીલ થયેલ ન હોય તો બે માસ બાદ કાર્યવાહી શરુ કરવી. મુદામાલ નિકાલની કાર્યવાહી શરુ કરતા પહેલા જે તે જવાબદાર અધીકારીએ ખરાઇ કરવાની રહેશે કે અપીલ થયેલ નથી. <u>જો અપીલ થયેલ હોય તો અપીલ કોર્ટના હુકમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે</u>. મુદામાલ નિકાલ માટે સી.આર.પી.સી. કલમ-૪૫૨ તથા ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇને અનુસરવી.

**3.** આરોપીઓને કરેલ ઉપરોકત કેદની સજા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૧ મુજબ **તેઓએ એકી સાથે** ભોગવવાની રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.

**૪.** આ કામના **આરોપીઓએ** ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જે સમય જયુડીશીયલ કસ્ટડીમાં વ્યતિત કરેલ હોય તે તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ મુજબ મજરે આપવાનો રહેશે.

**૫.** આ ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ આ કામના આરોપીઓને વિના મુલ્યે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૬૩(૧) મુજબ આપવા હુકમ કરવામાં આવે છે.

૬. આ ચુકાદાની એક નકલ <u>જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને</u> ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૫ મુજબ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓના સજા વોરન્ટ ભરી જેલ જાપ્તા સાથે કસ્ટડીમાં મોકલી આપવા.

આ હુકમની જાણ ઓપરેટીવ પાર્ટની નકલ સાથે પી.આઇ. કડી પોલીસ સ્ટેશનને જરુરી કાર્યવાહી માટે મોકલવી.

હુકમ આજ તારીખ: ૧લી માહે : એપ્રિલ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૦૧/૦૪/૨૦૨૬
મહેસાણા.

**(રમેશકુમાર બાબુભાઇ ઇટાલીયા)**
૫માં એડીશ્નલ સેશન્સ જજ
મહેસાણા
(યુ.આઇ.સી.નં.જીજે૦૦૮૨૪)

*( P.A / M.M.Farooqui )*